અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ સપ્ટેમ્બર ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો સુદ ૧ | અંક : ૬૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# છત્તીસગઢના દંતેવાડામા સુરક્ષા દળોએ ૯ નક્સલીઓને ઠાર કર્યા

## બીજાપુર બોર્ડર પર સેનાના જવાનો અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ ચાલી રહી છે

। (એજન્સી) છત્તીસગઢ, તા.૩ ।

છત્તીસગઢમાં નક્સલવાદીઓ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા અભિયાનમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. સર્ચ ઓપરેશન દરમિયાન દંતેવાડા-બીજાપુર બોર્ડર પર સેનાના જવાનો અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ ચાલી રહી છે. બંને તરફથી ગોળીબાર થઈ રહ્યો છે. દંતેવાડા પોલીસના જણાવ્યા અનુસાર ૯ નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે અને માર્યા ગયેલા તમામ નક્સલવાદીઓ યુનિફોર્મમાં છે. તેમની પાસેથી મોટી માત્રામાં ઘાતક હથિયારો મળી આવ્યા છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણમાં અત્યાર સુધીમાં ૯ વર્દીધારી નક્સલવાદીઓ માર્યા ગયા છે. ઘટનાસ્થળેથી હથિયારો સહિત મોટી માત્રામાં નક્સલ સામગ્રી મળી આવી છે. અધિકારીએ જણાવ્યું કે દંતેવાડા જિલ્લા અને બીજાપુરના સરહદી વિસ્તાર પર પશ્ચિમ બસ્તર ડિવિઝન નજીક માઓવાદીઓની હાજરીની માહિતી મળી હતી. માહિતી મળતાં જ એક સંયુક્ત પોલીસ પાર્ટીએ સર્ચ ઓપરેશન કર્યું, જે દરમિયાન નક્સલવાદીઓ સાથે એક્રાઉન્ટર થયું. આજે મંગળવારે સવારે લગભગ ૧૦.૩૦ વાગ્યાથી સુરક્ષા દળ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, DRG અને CRPFની સંયુક્ત ટીમ નક્સલ વિરોધી પેટ્રોલિંગ સર્ચ પર ગઈ હતી. સર્ચ દરમિયાન નક્સલવાદીઓ સાથે એક્રાઉન્ટર થયું હતું. અત્યાર સુધીમાં ૯ ગણવેશધારી અને હથિયારધારી નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. પોલીસ અધિકારીએ કહ્યું કે, ઓપરેશનમાં સામેલ તમામ સૈનિકો હવે સુરક્ષિત છે. સર્ચ ઓપરેશન ચાલુ છે.



**૯ નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે અને માર્યા ગયેલા તમામ નક્સલવાદીઓ યુનિફોર્મમાં હતાં**

**છત્તીસગઢમાં સુરક્ષા દળો સતત નક્સલવાદીઓ વિરુદ્ધ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. ૨૪ ઓગસ્ટે છત્તીસગઢની મુલાકાત દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યને નક્સલવાદથી સંપૂર્ણ મુક્ત કરવાની વાત કરી હતી. તેમણે સાત રાજ્યોના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને નક્સલવાદીઓને ખતમ કરવાની રણનીતિ ઘડી હતી. દંતેવાડા પોલીસના જણાવ્યા અનુસાર, આ વર્ષે નક્સલવાદીઓ સાથે અલગ-અલગ એક્રાઉન્ટરમાં ૧૫૪ નક્સલવાદીઓ માર્યા ગયા છે. નક્સલવાદીઓ વિરુદ્ધ અભિયાન તેજ કરવામાં આવ્યું છે.**

### વચગાળાની સરકારના વિદેશ સલાહકાર તૌહીદ હુસૈને કહ્યું

## ‘બાંગ્લાદેશ ભારત સાથે મજબૂત સંબંધો ઈચ્છે છે’

। (એજન્સી) ઢાકા, તા.૩ ।



બાંગ્લાદેશના વિદેશ બાબતોના સલાહકાર તૌહીદ હુસૈને સોમવારે કહ્યું હતું કે વચગાળાની સરકાર ભારત સાથે લોકો વચ્ચેના મજબૂત સંબંધો જોવા માંગે છે. તેમણે કહ્યું કે અગાઉની શેખ હસીના સરકારમાં આનો અભાવ હતો. મીડિયા સાથે વાત કરતા હુસૈને કહ્યું, ‘‘ભારત પ્રત્યે લોકોના અસંતોષને ઓછો કરવો શક્ય છે. હું માનું છું કે આપણે તેને સંબોધવા માટે યોગ્ય દ્વિપક્ષીય પગલાં લેવાની જરૂર છે.’’તેમણે કહ્યું કે બાંગ્લાદેશ-ભારત સંબંધોનો ‘ગોલ્ડન ચેપ્ટર’ સરકારી સ્તરે સ્પષ્ટ છે, પરંતુ તે સામાન્ય લોકો સુધી પહોંચ્યો નથી. ‘‘અમે મજબૂત લોકો-થી-લોકો સંબંધો જોવા માંગીએ છીએ. જનતાએ સમજવું જોઈએ કે બાંગ્લાદેશ અને ભારતના ખરેખર સારા સંબંધો છે, પરંતુ કમનસીબે, આ પાસામાં અભાવ રહ્યો છે,’’ તેમણે કહ્યું.તેમણે બાંગ્લાદેશમાં હિંસા પછી ભારતીય મીડિયાના અહેવાલની ટીકા કરી હતી અને તેને કથા ફેલાવવાનો પ્રયાસ ગણાવ્યો હતો. પ્રાદેશિક સહકાર અંગે, હુસૈને કહ્યું કે તેઓ આશા રાખે છે કે બહુ-ક્ષેત્રિક ટેકનિકલ અને આર્થિક સહકાર માટે બંગાળની ખાડી પહેલ (BIMSTEC) દક્ષિણ એશિયન એસોસિયેશન ફોર રિજનલ કોઓપરેશન (SAARC) ના વિકલ્પ તરીકે કામ કરી શકે છે.જો કે, તેમણે એમ પણ કહ્યું કે જ્યાં સુધી મ્યાનમારમાં શાંતિ પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી BIMSTEC સંપૂર્ણ રીતે અસરકારક બની શકે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બાંગ્લાદેશ હાલમાં BIMSTECને સાર્કના વિકલ્પ તરીકે જોવા માંગતું નથી.

## ન્યૂઝ બ્રિફ

### ઈ-પ્રોફાઈલિંગની નવી નીતિની અમલવારી પર મહત્વનો નિર્ણય

। અમદાવાદ, તા.૩ ।

રેશનીગ વિતરક દુકાનદારો માટે મોટા સમાચાર સામે આવ્યા હતા. જેમાં ઈ-પ્રોફાઈલિંગની અમલવારી દિવાળી બાદ કરવા રજુઆત કરવામાં આવી છે. તાજેતરમાં રેશનીગ વિતરક દુકાનદારોના મંડળ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગ વચ્ચે બેઠક મળી હતી. જેમાં આ રજુઆત કરવામાં આવી હતી. તાજેતરમાં રેશનીગ વિતરક દુકાનદારોના મંડળ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગ વચ્ચે બેઠક મળી હતી. જેમાં ગુજરાત ફેર પ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશનના સભ્યો દ્વારા ઈ-પ્રોફાઈલિંગની અમલવારી દિવાળી બાદ કરવાની રજુઆત કરાવામાં આવી હતી તેમ એસોસિએશનના પ્રમુખ પ્રહ્લાદ મોદીએ જણાવ્યુ હતુ.ત્યારે વધુમા આ બાબતે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના એમડી તુષાર ધોળકિયાએ જણાવ્યુ હતુ કે આ રૂટિન બેઠક હતી.

### ૬ સપ્ટેમ્બરે સુરતથી જલસંચય જનભાગીદારી યોજનાનો શુભારંભ થશે

। અમદાવાદ, તા.૩ ।

કેન્દ્રિય જલશક્તિ મંત્રાલય અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ૬ સપ્ટેમ્બરે સુરતથી જલસંચય જનભાગીદારી યોજનાનો શુભારંભ થવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ પ્રસંગે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપવાના છે. કેન્દ્રિય જલશક્તિ મંત્રી સી. આર. પાટિલ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરતથી કાર્યક્રમમાં જોડાશે. કેન્દ્રિય જલશક્તિ મંત્રાલય દ્વારા દેશના રાજ્યોમાં જળસંચય સંબંધિત કામગીરી માટે ‘કેચ ધ રેઈન, વ્હેર ઈટ ફોલ્સ-વ્હેઈન ઈટ ફોલ્સપ’ થીમ સાથે ૨૦૨૧થી જળશક્તિ અભિયાન હાથ ધરાય છે.

### મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ બિલને ઐતિહાસિક ગણાવ્યું

## પશ્ચિમ બંગાળ વિધાનસભામાં બળાત્કાર વિરોધી બિલ સર્વસંમતિથી પસાર

। (એજન્સી) પશ્ચિમ બંગાળ, તા.૩ ।

પશ્ચિમ બંગાળ વિધાનસભાના બોલાવેલા ખાસ સત્રમાં આજે એટલે કે મંગળવારે બળાત્કાર વિરોધી બિલ રજૂ કરવામાં આવ્યું હતું, જેને સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું. આ વિધેયકમાં બળાત્કાર અને પીડિતાના મૃત્યુના દોષિત વ્યક્તિને મૃત્યુદંડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત બળાત્કાર અને સામૂહિક બળાત્કારના દોષિતોને જામીન વિના જીવે ત્યાં સુધી આજીવન કેદની સજા આપવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. વિધાનસભામાં બિલ પર ચર્ચા દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ બિલને ઐતિહાસિક ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે બળાત્કારના દોષિતોને કડક સજા મળવી જોઈએ. વિધાનસભામાં આ બિલ



પર ચર્ચા દરમિયાન ભાજપના ધારાસભ્યોએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વિધાનસભામાં વિશેષ સત્ર બોલાવ્યું અને બળાત્કાર વિરોધી બિલ રજૂ કર્યું. જે બાદ વિધાનસભામાં આ બિલ પર ચર્ચા શરૂ થઈ હતી. સીએમ મમતાએ આ બિલને ઐતિહાસિક ગણાવ્યું છે. સીએમએ એમ પણ કહ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે સીબીઆઈ ન્યાય આપે. મમતા સરકારના આ બિલને વિરોધ પક્ષ ભાજપે પણ સમર્થન આપ્યું છે. વિધાનસભામાં વિપ ક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું કે, ભાજપ અપરાજિતા બિલનું સંપૂર્ણ સમર્થન કરે છે. અમે ઈચ્છીએ છીએ કે આ કાયદો જલદીથી લાગુ કરવામાં આવે. આ તમારી (મમતાબેનર્જીની સરકારની) જવાબદારી છે. ભાજપે કહ્યું કે, અમે રાજ્યમાં આ કાયદાના અમલ પછી તેનું પરિણામ ઈચ્છીએ છીએ અને તે સુનિશ્ચિત કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. અમે તમને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ. તેમણે એમ પણ કહ્યું કે, તમારે બાંહેધરી આપવી પ ડશે કે આ બિલ તરત જ લાગુ કરવામાં આવશે. પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ કહ્યું, હું સમગ્ર પશ્ચિમ બંગાળ વતી અપરાજિતા બિલનું સ્વાગત કરું છું.

### મહીસાગરમાં ભારે વરસાદથી ભાદર ડેમ ૯૫ ટકા જેટલો ભરાયા

। ખાનપુર, તા.૩ ।

ગુજરાતમાં વરસાદનો વધુ એક રાઉન્ડ શરુ થયો છે. વરસાદના પગલે જળાશયોમાં નવા નીર આવ્યા છે. મહીસાગર જિલ્લામાં પણ ધોધમાર વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદથી ભાદર ડેમ ૯૫ ટકા જેટલો ભરાયો છે. જેના પગલે સ્થાનિકો અને ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદથી ભાદર ડેમ ૯૫ ટકા જેટલો ભરાયો છે.

### રશિયાનો યુક્રેન પર ભીષણ મિસાઈલ હુમલો

## રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે રશિયાએ 3 સપ્ટેમ્બર ના યુક્રેન પર ભીષણ મિસાઇલ હુમલો કર્યો

**ભયંકર હુમલામાં ૪૧ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૧૮૦થી વધુ લોકો ઇજાગ્રસ્ત**

। (એજન્સી) યુક્રેન, તા.૩ ।

છેલ્લા અઢી વર્ષથી ચાલતા રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે રશિયાએ ૩ સપ્ટેમ્બરના યુક્રેન પર ભીષણ મિસાઈલ હુમલો કર્યો છે. રશિયાના એરફોર્સે યુક્રેનના પોલ્તાવા શહેરમાં યુનિવર્સિટી અને હોસ્પિટલને નિશાન બનાવી બે બેલેસ્ટિક મિસાઈલ લોન્ચ કરી હતી. યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સકીના જણાવ્યા મુજબ રશિયાના આ ભયંકર હુમલામાં ૪૧ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૧૮૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સકીએ સોશિયલ મીડિયામાં વીડિયો શેર કરી આ હુમલા અંગે માહિતી આપી છે. ઝેલેન્સકીએ કહ્યું કે, ’બે બેલેસ્ટિક મિસાઈલથી યુનિવર્સિટી અને હોસ્પિટલને નિશાન બનાવવામાં આવ્યા છે. રશિયાના ભયંકર હુમલાથી ભયંકર વિનાશની સ્થિતિ સર્જાઈ છે. રશિયાએ ઈરાદા પૂર્વક યુક્રેનના રહેણાંક વિસ્તારો અને જાહેર સંપત્તીઓને નિશાન બનાવ્યો છે. આ હુમલામાં ૪૧ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૧૮૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.’

### બ્રાઝિલમાં સુપ્રીમ કોર્ટનો Xને લઈને મોટો નિર્ણય

## બ્રાઝિલમાં થોડા દિવસ પહેલાં જ સુપ્રિમ કોર્ટ દ્વારા Xને સસ્પેન્ડ કરાયું

**ટ્વિટર તરીકે ઓળખાતું Xનો ઉપયોગ કરવામાં આવ્યો તો યુઝરને દિવસના ૭.૪ લાખ રૂપિયાનો દંડ**

। (એજન્સી) બ્રાઝિલ, તા.૩ ।

બ્રાઝિલમાં હવે પહેલાં ટ્વિટર તરીકે ઓળખાતું Xનો ઉપયોગ કરવામાં આવ્યો તો યુઝરને દિવસના ૭.૪ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે. Xના માલિક ઈલોન મસ્કે જ્યારથી ટ્વિટર ખરીદ્યું છે ત્યારથી કોઈને કોઈ વિવાદમાં તે પડે છે. બ્રાઝિલમાં થોડા દિવસ પહેલાં જ સુપ્રિમ કોર્ટ દ્વારા ઠને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું હતું. જોકે હવે કોઈ પણ રીતે એનો ઉપયોગ કરનારા વ્યક્તિ પર દંડ પણ નાખવામાં આવ્યો છે. ઈલોન મસ્ક અને બ્રાઝિલના સુપ્રિમ કોર્ટના જજ એલેક્ઝાન્ડ્રે દે મોરાઈસ વચ્ચે ઘણાં સમયથી અણબનાવ ચાલી રહ્યો છે. બ્રાઝિલમાં એક મહિનાથી Xનો કોઈ રીપ્રેઝેન્ટેટિવ નહોતો. આથી કોર્ટ દ્વારા ૨૪ કલાકમાં તેની નિમણૂક કરવાની સૂચના આપવામાં આવી હતી. આથી સુપ્રિમ કોર્ટના જજ દ્વારા કહેવામાં આવ્યું હતું કે ઈલોન મસ્ક જ્યાં સુધી આ નિયમનું પાલન ન કરે ત્યાં સુધી ઠને બ્લોક રાખવામાં આવશે.

ઈલોન મસ્ક દ્વારા તેના બચાવવામાં કોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે તેમને પોલિટિકલ પાર્ટીની કેટલીક પોસ્ટ સેન્સર કરવા માટે ફોર્સ કરવામાં આવી રહ્યો છે. જોકે Xએ બિલકુલ કરવા નથી માગતું. આ સાથે જે એવી પણ ચર્ચા છે કે ઈલોન મસ્કની બ્રાઝિલમાં જે વકીલ હતી એને કોર્ટ દ્વારા આડકતરી રીતે ધમકીઓ આપવામાં આવી છે. તેમ જ તે વકીલના બેક અકાઉન્ટને પણ ફ્રીઝ કરી દેવામાં આવ્યા હતા. આથી તેને આ કેસ છોડવાની ફરજ પડી હતી. જોકે બ્રાઝિલની શરતોને ઈલોન મસ્કે ન માનતાં Xને ત્યાં સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. Xને સસ્પેન્ડ



કર્યુ હોવા છતાં ઘણાં યુઝર્સ વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્કનો ઉપયોગ કરતાં હતાં. જોકે કોર્ટને એ વિશે જાણકારી થતાં જ નવો નિયમ બનાવવામાં આવ્યો છે. VPNનો ઉપયોગ કરીને જે પણ યુઝર Xનો ઉપયોગ કરી રહ્યું હશે તેમને હવે દંડ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માટે યુઝરને એક દિવસના ૭.૪ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. આથી યુઝર માટે હવે Xનો ઉપયોગ કરવાનું મુશ્કેલ બની ગયું છે.બ્રાઝિલ સિવાય ૨૦૦૯થી Xને ચીનમાં બેન કરવામાં આવ્યું છે. ચીનની સેન્સરશિપ પોલીને કારણે એ બેન કરવામાં આવ્યું છે. તેમજ ૨૦૦૯થી ઈરાનમાં પણ Xને બેન કરવામાં આવ્યું છે. રાજકીય મતભેદને કાબૂમાં રાખવા માટે ત્યાં Xને બેન કરવામાં આવ્યું છે.નોર્થ કોરિયામાં ૨૦૧૬માં Xને નોર્થ કોરિયામાં બેન કરવામાં આવ્યું હતું.

### ચીનમાં એક ભયંકર અકસ્માત થયો

## સ્કુલ બસે ૧૧ લોકોને કચડયા, મૃતકોમાં ૫ વિદ્યાર્થીઓ,૧૩ લોકો ગંભીર રીતે ઘાયલ

**અકસ્માતના સમાચાર મળતાની સાથે જ પોલીસ અને શાળા પ્રશાસન ઘટના સ્થળે પહોંચી ગયું હતું**

। (એજન્સી) ચીન, તા.૩ ।

ચીનમાં એક ભયંકર અકસ્માત થયો છે. એક સ્કૂલ બસે બાળકો અને તેમના વાલીઓને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં ૫ વિદ્યાર્થીઓ સહિત ૧૧ લોકોના અવસાન થયા છે. જ્યારે ૧૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પૂર્વ ચીનના શાનડોંગ પ્રાંતમાં આજે સવારે શું થયું, જ્યારે સ્કૂલ બસ બાળકોને ઉતારીને પરત ફરી રહી હતી ત્યારે અચાનક તેનું સંતુલન ગુમાવી દીધું અને બસ સ્કૂલના એન્ટ્રી ગેટ પર ભીડમાં ઘૂસી ગઈ. વાલીઓ તેમના બાળકોને શાળાએ મૂકવા આવ્યા હતા, જેઓ બસ દ્વારા કચડાઈ ગયા હતા. બેકાબૂ બસની ભયાનકતા જોઈને ઘટનાસ્થળે અરેરાટી ફેલાઈ ગઈ હતી. દિવાલ સાથે અથડાયા બાદ બસ ત્યાં જ ઉભી રહી હતી. અકસ્માતના સમાચાર મળતાની સાથે જ પોલીસ અને શાળા પ્રશાસન ઘટના સ્થળે પહોંચી ગયું હતું. ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં ૧૧ લોકોના મૃત્યુ થઈ ચૂક્યા હતા. ડોંગપિંગ કાઉન્ટી પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, આ અકસ્માત પૂર્વી ચીનના શાનડોંગ પ્રાંતના તાઈઆન શહેરમાં થયો હતો. સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ બસ શાળાના બાળકોને ઉતારીને પરત ફરી રહી હતી ત્યારે અચાનક તેનું સંતુલન ખોરવાઈ ગયું હતું. પોલીસે બસ ડ્રાઈવરને કસ્ટડીમાં લીધો છે, પરંતુ બસનું સંતુલન ગુમાવવાનું અને અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. સોશિયલ મીડિયા પર અકસ્માતની તસવીરો અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે. જે મુજબ ગ્રે કલરની મોટી બસ ક્ષતિગ્રસ્ત






હાલતમાં ઉભી છે. નજીકના લોકો રસ્તા પર ઘાયલ થયેલા બાળકોની સંભાળ લઈ રહ્યા છે. તેમના કપડાં લોહીથી ખરડાયેલા છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૭માં શાનડોંગ પ્રાંતના પૂર્વી શહેર વેહાઈમાં એક અકસ્માત થયો હતો. એક સ્કૂલ બસ ટનલની અંદર અથડાઈ હતી અને આગની લપેટમાં આવી ગઈ હતી. આ અકસ્માતમાં ડ્રાઈવર, ૬ ચીની બાળકો અને ૫ દક્ષિણ કોરિયાના બાળકો ભડથું થઈ ગયા હતા. હવે આ અકસ્માતે લોકોના મનમાં તે અકસ્માતની યાદો તાજી કરી દીધી છે.

## ન્યૂઝ બ્રિફ

### ઝાડા-ઉલટીના કેસમાં નોંધાયો સતત વધારો, ડેન્ગ્યુથી એકનું મોત

। (એજન્સી) સુરત, તા.૩ ।

ગુજરાતમાં બેવડી ઋતુના પગલે અનેક વિસ્તારોમાં રોગચાળો ફાટી નીકળ્યો છે. સુરતમાં પણ વરસાદના વિરામબાદ રોગચાળાએ માથું ઉંચક્યુ છે. કાપોદ્રાની ૨૦ વર્ષીય પરિણીતા ડેન્ગ્યુ થયા બાદ મોત થયુ છે. ગુજરાતમાં બેવડી ઋતુના પગલે અનેક વિસ્તારોમાં રોગચાળો ફાટી નીકળ્યો છે. સુરતમાં પણ વરસાદના વિરામબાદ રોગચાળાએ માથું ઉંચક્યુ છે. ભારે વરસાદના પગલે શહેરમાં અનેક જગ્યાએ પાણી ભરાઈ રહેતા મચ્છરોનો ઉપદ્રવ થતા રોગચાળો વકર્યો છે. સુરતમાં તાવ, ઝાડા – ઉલટીના કેસમાં વધારો નોંધાયો છે. કાપોદ્રાની ૨૦ વર્ષીય પરિણીતા ડેન્ગ્યુ થયા બાદ મોત થયુ છે. સુરત સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. નાના બાળકોમાં પણ વાયરલ ઈન્ફેકશનના કેસો વધારે જોવા મળ્યા છે. ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. નાના બાળકોમાં શરદી, ખાસી, તાવના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. અલગ – અલગ ઝોનમાં ટીમો દ્વારા સર્વેની કામગીરીમાં જોડાઈ છે.

### રાજકોટના સસ્પેન્ડેડ કોર્પોરેટરોને જવાબદારી સોંપવામાં આવી

। (એજન્સી) રાજકોટ, તા.૩ ।

રાજકોટના સસ્પેન્ડેડ કોર્પોરેટરોને જવાબદારી સોંપવામાં આવી છે. તેઓને ભાજપના સભ્યપદ અભિયાનની જવાબદારી સોંપવામાં આવી છે. બે મહિલા કોર્પોરેટરોને છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેઓને ભ્રષ્ટાચારના મામલે કોર્પોરેટરોએ સસ્પેન્ડ કર્યા હતા.આવાસ યોજના કૌભાંડના મામલે તેઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. દેવુબેન જાદવ અને વજીબેન ગોલતરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ભાજપના સભ્યપદ અભિયાન માટે વોર્ડ દીઠ જવાબદારી નક્કી કરવામાં આવી છે. વોર્ડની કામગીરી ભાજપના કોર્પોરેટરોને સોંપવામાં આવી છે. આ અંગે એવું માનવામાં આવી રહ્યું છે કે બંને કોર્પોરેટરોને પાછળના બારણેથી પક્ષમાં પ્રવેશ અપાયો છે. વોર્ડ નંબર છના કોર્પોરેટર દેવુબેન જાદવ અને વોર્ડ નંબર પાંચના કોર્પોરેટર વજીબેન ગોલતરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

### મહેસાણામાં જિલ્લા આરોગ્ય વિભાગનો છબરડો જોવાયો

। (એજન્સી) મહેસાણા, તા.૩ ।

મહેસાણામાં જિલ્લા આરોગ્ય વિભાગનો છબરડો બહાર આવ્યોછે. શાળાના બાળકના આરોગ્ય કાર્ડમાં આ છબરડો બહાર આવ્યો છે. રાષ્ટ્રીય આરોગ્ય મિશન હેઠળ આરોગ્ય કાર્ડ આપવામાં આવ્યા છે. સિદ્ધાર્થ પટેલ નામના વિદ્યાર્થીના આરોગ્ય કાર્ડમાં આ છબરડો જોવા મળ્યો છે. આરોગ્ય કાર્ડ મુજબ ૧૮ જુલાઈ ૨૦૨૩ના રોજ બાળકની ઊંચાઈ ૧૩૩ સેમી હતી અને ૨૪ જુલાઈ ૨૦૨૪ના રોજના આરોગ્ય કાર્ડમાં બાળકની ઊંચાઈ ઘટાડીને ૧૨૬ સેમી બતાવાઈ હતી. આમ આરોગ્ય વિભાગે બાળકની ઊંચાઈ સાત સેમી ઘટાડી દીધી હતી. આમ એક વર્ષમાં ચાર વખત ઊંચાઈ ૧૩૩ સેમી દર્શાવી હતી. છેલ્લા ઊંચાઈ ૧૨૬ સેમી દર્શાવી હતી. આરોગ્ય વિભાગ આમ પણ છબરડાં કરતો હોય છે. આરોગ્ય વિભાગનો આ છબરડો દર્શાવે છે કે તેની સેવામાં કેટલી અનિયમિતતા છે. હવે સવાલ એ ઉદભવે છે કે બાળકની આ બંને ઊચાઈમાંથી સાચી ઊંચાઈ કઈ.

# ભાદરવી પૂનમ મહામેળો : અરવલ્લીની ગિરિમાળા વચ્ચે આવેલું તીર્થધામ અંબાજી ૫૧ શક્તિ પીઠોમાંનું એક છે

। (માહિતી) ગાંધીનગર, તા.૩ ।

અંબાજી માતાનું મૂળ મંદિર બેઠા ઘાટનું છે. વિશાળ મંડપ અને ગર્ભગૃહમાં માતાજીનો ગવાક્ષ ગોખ છે. અહીં મૂર્તિના સ્થાને વિસા યંત્રની પૂજા થાય છે. આરસની તકતી ઉપર સુવર્ણ જડિત યંત્રને મુગટ તથા ચુંદડી સાથે સિંહ, વાઘ, હાથી, નંદી, ગરૂડ જેવા વિવિધ વાહનો સાથે શણગાર કરવામાં આવે છે જેથી માતાજીની મૂર્તિ હોવાનો ભાસ થાય છે. આ યંત્ર કર્મ પૃષ્ઠવાળું સોનાનું છે અને યંત્રમાં એકાવન અક્ષર હોવાનું પ્રમાણ છે. યંત્ર સ્થાન નજરથી જોવાનો નિષેધ હોય આંખે પાટા બાંધી યંત્ર પૂજા કરવામાં આવે છે. દર મહિનાની આઠમે યંત્રની પૂજા થાય છે. આ યંત્ર કલ્પવૃક્ષ સમાન ગણાય છે. મંદિરની સામેની બાજુમાં ચાચરચોક આવેલો છે. અંબાજી માતા ચાચરના ચોક વાળી માતા તરીકે પણ જાણીતા છે. અહીં ચોકમાં હોમ હવન કરાય છે.



માતાજીનું સવારનું સ્વરૂપ બાળસ્વરૂપે દેખાય છે, મધ્યાહને યુવતી સ્વરૂપે અને સાંજે વૃદ્ધા સ્વરૂપે દેખાય છે. માતાજીની સાતેય દિવસની સવારી અલગ અલગ હોય છે. રવિવારે વાઘ સવારી, સોમવારે નંદી સવારી, મંગળવારે સિંહ સવારી, બુધવારે ઊંચી સૂંઢના હાથીની સવારી, ગુરુવારે ગરુડ સવારી, શુક્રવારે હંસ સવારી અને શનિવારે નીચી સૂંઢના હાથી (ઐરાવત)ની સવારીમાં મા દ્રશ્યમાન થાય છે.

પોષી પૂનમ માતાજીનો પ્રાગટ્ય દિવસ તરીકે ભવ્ય રીતે ઉજવાય છે. આ દિવસે ગુજરાત અને આજુબાજુના રાજ્યોમાંથી પણ દર્શનાર્થીઓના સંઘ પગપાળા તેમજ વાહનો સાથે મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ભાદરવી પુનમના દિવસે અહી મેળાનું આયોજન થાય છે. અંબાજી ગામ શણગાર સજે છે. આ દિવસે 'શતચંડી યજ્ઞ' કરવામાં આવે છે અને માતાજીને છપ્પન ભોગ ધરાવવામાં આવે છે.

અંબાજી મંદિરનો વહીવટ આઝાદી પહેલાં દાંતા રાજ્ય તરફથી થતો હતો. આઝાદી બાદ દાંતા રાજ્ય ગુજરાતમાં ભળી જતા ૧૯૮૫થી મંદિરના વહીવટ માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ બનાવવામાં આવ્યું જેના અધ્યક્ષ તરીકે બનાસકાંઠાના કલેક્ટરને નિયુક્ત કરાયા છે. જ્યારે વહીવટદાર તરીકે નાયબ કલેક્ટરની નિયુક્તિ કરાય છે.

અંબાજી મંદિરમાં જગત જનની જગદંબાની આરતી મંદિરના ભટ્ટજી મહારાજ દ્વારા થાય છે. સ્નાનાદિ વિધિ બાદ આરતી કરવા પહોંચતા ભટ્ટજી મહારાજને અડવા પર નિષેધ છે. સાંજે મશાલચી દ્વારા મશાલ જગદંબાને અર્પણ કર્યા બાદ જ આરતી શરૂ થાય છે.

## શિક્ષણ બોર્ડની નવ બેઠક માટે ત્રણ ડઝનથી વધુ દાવેદારોને પગલે ચૂંટણીનો માહોલ જામ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

ગુજરાત માધ્યમીક અને ઉચ્ચત્તર માધ્યમીક શિક્ષણ બોર્ડની નવ બેઠકની આગામી તા.૨૪ સપ્ટેમ્બરના યોજાનારી ચૂંટણીમાં આજે ઉમેદવારી ફોર્મ ફરવાના અંતિમ દિવસે ગાંધીનગરમાં મુરતીયાઓનો જમાવડો થવા પામેલ છે. બપોર સુધીમાં નવ બેઠકો પર ૩ ડઝનથી વધુ દાવેદારોએ ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી ફોર્મ રજુ કરી દાવેદારી નોંધાવતા આ ચૂંટણીનો માહોલ ગરમાયો છે.

જેમાં સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ દ્વારા વાલી સંવર્ગની બેઠક પર ગત શનિવારના સુરતના આનંદભાઈ જીંજાળાએ ઉમેદવારી ફોર્મ રજુ કર્યા બાદ આજે ગાંધીનગર ખાતે શાળા સંચાલક સંવર્ગની બેઠક પર રાજકોટના મેહુલભાઈ પરડવા અને સુરતના ડો. દિપકભાઈ રાજ્યગુરૂએ પોતાનું ઉમેદવારી ફોર્મ રજુ કરી દાવેદારી નોંધાવી હતી. જ્યારે વાલી સંવર્ગમાંથી અમદાવાદથી હાર્દિકભાઈ કાર્તિકભાઈ પટેલે પણ પોતાનું ઉમેદવારી ફોર્મ રજુ કર્યું હતું. સંચાલક સંવર્ગની બેઠક પર રાજકોટના મેહુલભાઈ પરડવાએ ઉમેદવારી ફોર્મ રજુ કરતાં તેમના ટેકામાં રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલકના પ્રમુખ ડી.વી. મહેતા, મહામંત્રી મેહુલભાઈ પરડવા, જયદિપભાઈ જલુ, સંદિપભાઈ છોટાળા, વિપુલભાઈ પાનેલીયા, રામભાઈ ગરૈયા, રાણાભાઈ ગોજીયા, વિનુભાઈ લોખીલ, પ્રવિણભાઈ ગોંડલીયા, રાજ ઉપાધ્યાય, જીતુભાઈ મકવાણા, વિશાલ હિરાણી, હાર્દિકભાઈ પટેલ, યોગેશભાઈ ઘેટીયા, દિલીપભાઈ બારૈયા, મહેશભાઈ ઠક્કર સહિતના હોદેદારો ઉમટી પડ્યા હતા. શિક્ષણ બોર્ડની ચૂંટણી અંગે તાજેતરમાં ગુજરાત રાજ્ય સ્વનિર્ભર શાળા સંચાલકના પ્રમુખ ભરતભાઈ ગાજીપરા અને ઉ.પ્રમુખ જતીનભાઈ ભરાડની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી. જેમાં ચર્ચા-વિચારણા કરી મુરતીયાઓના નામ ફાઈનલ કરવામાં આવેલ હતા જે મુજબ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આ ચૂંટણીમાં મુરતીયાઓને મેદાનમાં ઉતારાતા આ ચૂંટણીમાં હવે રસાકસીભર્યો ચૂંટણી જંગ ખેલાનાર છે. જ્યારે બીએડ કોલેજના પ્રિન્સીપાલની બેઠક પર ડો. નિદીત બારોટે પણ આજે શિક્ષણ બોર્ડના ચૂંટણી અધિકારી સમક્ષ પોતાનું ઉમેદવારી ફોર્મ રજુ કરી દાવેદારી નોંધાવી છે. આ ઉપરાંત સંચાલક મંડળની બેઠક ઉપર જુના જોગી ડો. પ્રિયવદન કોરાટે ગત શનિવારે પોતાનું ફોર્મ રજુ કરી ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી નોંધાવી હતી.

## પાટણના ચાર યુવકો સાઇબર ક્રાઇમનો ભોગ બન્યાં

। (એજન્સી) પાટણ, તા.૩ ।

લોભને થોભ નહીં તે કહેવત આજે પણ પહેલા જેટલી સાચી છે. ઠગાઈના આટલા કિસ્સા બહાર આવવા છતા અને સાઈબર ક્રાઈમ અંગે ચેતવણી આપવા છતાં પણ લોકોને હજી પણ લોભ અને લાલચ જતાં નથી. પાટણના ચાર યુવકો સાઈબર ક્રાઈમનો ભોગ બન્યાં છે. પાટણના ચાર યુવકો પાસેથી વિદેશ જવાના બ્હાને રીતસરનો વિઝા ફ્રોડ આચરવામાં આવ્યો છે. તેમની સાથે રૂ. ૩.૧૫ લાખની છેતરપિંડી કરવામાં આવી છે. વિદેશમાં નોકરી આપવાનો વિશ્વાસ કરીને આ ઠગાઈ આચરવામાં આવી હતી. ફેસબૂક થકી જોર્ડનમાં નોકરી અપાવવાની લાલચ આપવામાં આવી હતી. સોશિયલ મીડિયાની જાહેરાતથી સંપર્ક કરવામાં આવ્યો હતો. યુવકોએ આ વિઝાફ્રોડ કમ સાઈબર ફ્રોડ અંગે સાઈબર સેલને ફરિયાદ કરી છે. સાઈબર સેલમાં બી ડિવિઝન પોલીસે સાઈબર ક્રાઈમની ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

### અમદાવાદથી ગાંધીનગર વચ્ચે અપડાઉન કરનારા માટે રાહતના સમાચાર

## મોટેરાથી મહાત્મા મંદિર સુધી ૧૬ સપ્ટેમ્બર પછી અમદાવાદ મેટ્રો દોડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદથી ગાંધીનગર વચ્ચે અપડાઉન કરનારા માટે રાહતના સમાચાર છે. આમ અમદાવાદ હવે ચાલુ મહિનામાં જ ગાંધીનગર સાથે મેટ્રો રુટે જોડાઈ જશે. અમદાવાદમાં મોટેરાથી ગાંધીનગરના મહાત્મા મંદિર વચ્ચે ચાલુ મહિનાના ત્રીજા સપ્તાહથી મેટ્રો દોડતી થઈ જશે તેમ મનાય છે. વડાપ્રધાન પીએમ મોદી ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે ગુજરાત આવવાના છે ત્યારે તેમના જ હાથે આ ઉદઘાટન કરવામાં આવે તેવી સંભાવના છે. મોટેરાથી ગાંધીનગરના મહાત્મા મંદિર વચ્ચે સપ્ટેમ્બરના બીજા સપ્તાહથી મેટ્રો ટ્રેન દોડતી થઈ જશે. આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે ત્યારે તેઓ આ રૂટનું ઉદ્‌ઘાટન કરશે તેમ મનાય છે. ગત મહિનાના પ્રથમ સપ્તાહમાં જ કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી દ્વારા આ રૂટનું ઈન્સ્પેક્શન હાથ ધરાયું હતું. ૧૫ ઓગસ્ટની આસપાસ જ આ રૂટનો પ્રારંભ થઈ શકે તેવી સંભાવના હતી. પરંતુ હવે વડાપ્રધાનના હસ્તે આ રૂટનું ઉદઘાટન થશે. અલબત્ત, આ અંગે GMRC દ્વારા હજુ કોઈ સત્તાવાર જાહેરાત કરાઈ નથી. પ્રાપ્ત વિગતો અનુસાર મહાત્મા મંદિરથી ગિફ્ટ સિટી વચ્ચેની મેટ્રો ટ્રેનની કામગીરી હજુ જારી છે અને તે રૂટ આ વર્ષના અંત સુધીમાં શરૂ થવાની સંભાવના હાલ નહિવત્ છે. મોટેરાથી મહાત્મા મંદિર સુધીના રૂટમાં આવનારા સ્ટેશનોમાં જોઈએ તો કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, જૂનું કોબા, કોબા ગામ, જીએનએલયુ, પીડીપીયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકૂવા સર્કલ, ઈન્ફોસિટી, સેક્ટર-૧, સેક્ટર ૧૦-એ, સચિવાલય, અક્ષરધામ, જૂનું સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪, મહાત્મા મંદિરનો સમાવેશ થાય છે.

## અંબિકા નદીના પૂરમાં ૧૦ મજૂરો સાથે ફસાઈ ૨ ટ્રક

। (એજન્સી) નવસારી, તા.૩ ।

નવસારીની અંબિકા નદીની જળ સપાટી એકાએક વધતા નદીના પટમાં ૧૦ મજૂરો સાથે ૨ ટ્રક ફસાઈ ગઈ હતી. નદીના પાણી એકાએક ફરી વળતા, નદીના પટમાં કામ કરતા ૧૦ જેટલા મજૂરો પણ અંબિકા નદીના પાણીમાં ટ્રકની સાથે ફસાઈ ગયા હતા. અંબિકા નદીના પટમાંથી રેતી કાઢવાનું કામ મજૂરો કરી રહ્યાં હતા. આ સમયે નદીમાં એકાએક ધસમસતા પૂરના પાણી આવતા મજૂરો અને ૨ ટ્રકને બહાર નીકળવાનો સમય રહ્યો નહોતો. જોતજોતામાં અંબિકા નદીનું પાણીએટલુ બધુ વધી ગયુ કે બન્ને ટ્રક પણ ફસાઈ ગઈ હતી. રેતી ખનનનું કામ કરતા મજૂરો બચવા માટે ટ્રક પર ચડી ગયા હતા. પરંતુ ધસમસતા પૂરના પાણી સામે ટ્રક પણ અંબિકા નદીના પટમાંથી બહાર નીકળવામાં નિષ્ફળ રહ્યો હતો. જો કે આખરે તંત્ર મજૂરોની વહારે આવ્યું હતું. જીવ બચાવવા માટે ટ્રક પર પડી ગયેલા મજૂરો અને ટ્રક ડ્રાઈવરને નદીના ધસમસતા પૂરના પાણીમાંથી બચાવી લેવાયા હતા.

# અમદાવાદ, સુરત, ગાંધીનગર અને વડોદરામાં ૩૦ ઊંચી બિલ્ડિંગોને મંજૂરી મળી

। (માહિતી) ગાંધીનગર, તા.૩ ।

ગગનચુંબી ઈમારતો અને તેમનું આકર્ષક સ્થાપત્ય વિકાસનું મહત્વનું પરિમાણ છે અને તેને ધ્યાનમાં રાખીને દર વર્ષે ૩જી સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય સ્કાયસ્ક્રેપર દિવસ ઉજવવામાં આવે છે. ગુજરાત માટે આ દિવસ ખૂબ મહત્વનો છે કેમ કે, તાજેતરના વર્ષોમાં રાજ્ય અનેક ગગનચુંબી ઈમારતો બનાવીને અભૂતપૂર્વ વિકાસનું સાક્ષી બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સ્કાયસ્ક્રેપર બિલ્ડીંગ્સના નિર્માણની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે, જે તેના ઝડપી શહેરી વિકાસ અને આર્કિટેક્ચરલ ઈનોવેશનનો પુરાવો છે.

વર્ષ ૨૦૧૭ સુધી ગુજરાતમાં ઈમારતો માટે મહત્તમ ૭૦ મીટરની ઊંચાઈ માન્ય હતી. શહેરી વિસ્તરણની જરૂરિયાત અને વર્ટિકલ ગ્રોથની સંભાવનાને ઓળખીને રાજ્ય સરકારે ૧૦૦ મીટરથી વધુ ઊંચી, આઈકોનિક બિલ્ડિંગોના નિર્માણને પ્રોત્સાહન આપતા નિયમોમાં સુધારો કરવા માટે સક્રિય પગલાં લીધા હતા. ૨૭ મે, ૨૦૨૧ના રોજ જાહેર થયેલા આ નવા નિયમોએ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર જેવા મોટા શહેરોમાં ગગનચુંબી ઈમારતોના વિકાસ માટે માર્ગ મોકળો કર્યો છે. સરકારના નવા નિયમો ૫.૪ના મહત્તમ ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (FSI) સાથે હાઈ-રાઈઝ બિલ્ડિંગોને મંજૂરી આપે છે. બેઝ FSI કરતાં વધી ગયેલી પ્રીમિયમ FSI રેડી રેકનર રેટના ૫૦% પર ઉપલબ્ધ છે, જે ડેવલપર્સને વર્ટિકલ ગ્રોથમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.



આ નિયમો અમલમાં આવ્યા બાદ અમદાવાદ, સુરત, ગાંધીનગર અને વડોદરામાં ૩૦ ગગનચુંબી ઈમારતોને મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતના ફાઈનાન્શિયલ ટેક સિટી એટલે કે ગિફ્ટ સિટીમાં પહેલેથી જ બે ગગનચુંબી ઈમારતોનું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે, અને અન્ય ૧૦ ઈમારતોનું બાંધકામ થઈ રહ્યું છે. ગુજરાતમાં વર્ટિકલ ડેવલપમેન્ટના કારણે નોંધપાત્ર આવક ઊભી કરવામાં સફળતા મળી છે, જેમાં સ્થાનિક સંસ્થાઓને પ્રીમિયમ FSI દ્વારા આશરે ૧૦૦૦ કરોડની આવક ઊભી થઈ છે. દિવાળી પહેલાં આવા અનેક પ્રોજેક્ટ પૂર્ણ થવાની ધારણા છે, જે રાજ્યના શહેરી લેન્ડસ્કેપને વધુ સુંદર બનાવશે.

આ ઈમારતો ઊંચાઈના નવા રેકોર્ડ તો તોડી જ રહી છે, સાથે ટેરેસ લેવલ પર મિવાન ફોર્મવર્ક, શીયર વૉલ અને સ્કાયવૉક્સ જેવી અદ્યતન કન્સ્ટ્રક્શન ટેક્નોલોજીનો પણ સમાવેશ કરી રહી છે. આ ઉપરાંત, ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેની જોગવાઈ એ સુનિશ્ચિત કરે છે કે આ તમામ ડેવલપમેન્ટ્સ ભવિષ્યમાં આવનારા પરિવર્તન માટે પણ સજ્જ છે. ઊંચા બિલ્ડીંગોના નિર્માણ માટેના પ્રોજેક્ટ્સની સંભાવનાઓનું મૂલ્યાંકન કરવા માટે શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગના અગ્ર સચિવની અધ્યક્ષતામાં રાજ્ય સ્તરે સ્પેશિયલ ટેક્નિકલ કમિટી (STC) નું ગઠન કરવામાં આવ્યું છે. આ કમિટીમાં સોઈલ મિકેનિક્સ, સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ અને ફાયર સર્વિસીસના નિષ્ણાતોનો સમાવેશ થાય છે, જેઓ સુનિશ્ચિત કરે છે કે સલામતી એ સર્વોચ્ચ પ્રાથમિકતા હોય.

### રોડ પર મોબાઈલ ઉપયોગ કરતા સાવધાન

## મોબાઈલ સ્નેચરે આતંક મચાવ્યો, ૨ કલાકમાં ૮ ફોનની કરી ચોરી

**૩૦મી ઓગસ્ટે બપોરે બે વાગ્યાથી એક બાઇક પર સવાર ગઠિયાએ રાહદારીઓને ટાર્ગેટ કરવાનું શરૂ કર્યું હતું**



। (એજન્સી) સુરત, તા.૩ ।

ચેઈન સ્નેચિંગ અને વાહનચોરીના ગુનાહિત ભૂતકાળ ધરાવતાં કોસાડ આવાસમાં ૨૧ વર્ષીય યુવકે ૩૦મી ઓગસ્ટે બપોરે પંડોળ વિસ્તારમાંથી બપોરે એક બાઈક ચોરી કર્યાના બે કલાકમાં આઠ કિમી વિસ્તારમાં આઠ વ્યક્તિઓના મોબાઈલ સ્નેચિંગ કરી આતંક સર્જયો હતો. ભોગ બનેલા લોકો પોલીસ મથકે ફરિયાદ કરવા દોડી આવતા કતારગામ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે સ્નેચરને દબોચી લીધો હતો. આરોપી પાસેથી ૮૩ હજારની કિંમતના આઠ મોબાઈલ ફોન તથા બાઈક પણ કબજે કરી હતી. સુરત પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે ગત ૩૦મી ઓગસ્ટે બપોરે બે વાગ્યાથી એક બાઈક પર સવાર ગઠિયાએ રાહદારીઓને ટાર્ગેટ કરવાનું શરૂ કર્યું હતું. ચોકબજાર પારસ સોસાયટી પાસેથી વસ્તાદેવડી રોડ, કતારગામ, સુમુલ ડેરી રોડથી મહિધરપુરા વિસ્તારના ત્રણ પોલીસ મથકના આઠ કિમી વિસ્તારમાં રૂટ ઉપર જે વ્યક્તિ મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી દેખાય તેનો ફોન આંચકી લેવાયો હતો.

# સાણંદના ખોરજ ગામમાં ૧૧૦થી વધુ મહિલાઓને મળી રહ્યો છે ગંગા સ્વરૂપા પેન્શન સહાય યોજનાનો લાભ

। (માહિતી) અમદાવાદ, ।

પતિના મૃત્યુ બાદ અઘરી લાગતી જિંદગી આટલી સરળ બની જશે, તે માણેકબહેને કલ્પ્યું પણ નહોતું. કારણ કે, વિધવા સ્ત્રી તરીકે તેમની સામે આવનાર આર્થિક અને સામાજિક સંઘર્ષનો સામનો કેવી રીતે કરવો, તે સૌથી મોટો સવાલ હતો. પણ આજે તેઓ સન્માનપૂર્વક જિંદગી જીવી રહ્યા છે. એટલું જ નહીં આર્થિક રીતે પગભર પણ છે. તેમની આર્થિક આત્મનિર્ભરતાના પાયામાં છે - રાજ્ય સરકારની ગંગા સ્વરૂપા પેન્શન યોજના.

માણેકબહેન કહે છે કે પેન્શન સ્વરૂપે અમને માત્ર રૂપિયા નહિ, સન્માનભેર જીવન જીવવાનો સહારો પણ મળે છે.

માણેકબહેન પરિવાર સાથે વર્ષોથી સાણંદ તાલુકાના ખોરજ ગામમાં રહે છે. વર્ષ ૨૦૨૧માં તેમના શિક્ષક પતિના અવસાન બાદ







ઘરનું ગુજરાન ચલાવવાની જવાબદારી તેમના પર આવી પડી હતી. સંતાનમાં એક દીકરો છે, જે નવમા ધોરણમાં અભ્યાસ કરે છે. આ દરમિયાન ગામમાં આવેલી આંગણવાડી ખાતે આંગણવાડી કાર્યકર તરીકે તેમને કામ મળતાં આજીવિકાની ચિંતા થોડી હળવી બની. માણેકબહેન પોતાના અનુભવ વિશે જણાવે છે કે, ગંગા સ્વરૂપા પેન્શન યોજનાથી મળતી આર્થિક મદદથી ઘર ચલાવવાનો ભાર હળવો થાય છે. સાથોસાથ આંગણવાડી સાથે જોડાયા પછી મને ઘણો લાભ થયો છે. જ્યારે બાળકો આંગણવાડીમાં આવે ત્યારે તેમને ભણાવવાથી લઈને અઠવાડિયા સુધીના મળતા પૌષ્ટિક આહાર આપીને તેમને સાચવું છું. વાલીઓ તેમના સંતાનને આંગણવાડીમાં મૂકી ગયા પછી તેમના જતનનું અને લાલન પાલન વિશે જરા પણ ચિંતા ન રહે તે મારી જવાબદારી છે. આંગણવાડી કાર્યકર તરીકે મને અહીંયા ખૂબ જ મજા આવે છે. આંગણવાડીને હું મારું બીજું ઘર સમજુ છું.

**મારા અને મારા જેવી કેટલીય વિધવા મહિલાઓના આશીર્વાદ સરકારને દર મહિને મળતા હશે : ગીતાબહેન ચાવડા**

ખોરજ ગામના જ ગીતાબહેન ચાવડાને છેલ્લાં ૧૦ વર્ષથી ગંગા સ્વરૂપા યોજનાનો લાભ મળી રહ્યો છે. તેઓ આ યોજનાને તેમના જેવી મહિલાઓ માટે આશીર્વાદરૂપ ગણાવે છે. તેઓ કહે છે કે, સરકાર દ્વારા મળતા પેન્શનથી મને અને મારા જેવી હજારો મહિલાઓને સ્વમાનભેર જીવન જીવવા માટે મદદ મળે છે. મારા અને મારા જેવી કેટલીય વિધવા મહિલાઓના આશીર્વાદ સરકારને દર મહિને મળતા હશે, એવું તેઓ ઉમેરે છે.

**માત્ર ખોરજ ગામે જ ૧૧૦થી વધુ મહિલાઓ ગંગા સ્વરૂપા પેન્શન સહાય યોજનાના લાભાર્થી**

સાણંદ તાલુકામાં ગંગા સ્વરૂપા પેન્શન યોજનાની અસરકારક અમલવારી જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શનમાં કરવામાં આવી રહી છે. અમલવારી બાદથી લઈ અત્યાર સુધીમાં ખોરજ ગામમાં ગંગા સ્વરૂપા પેન્શન સહાય યોજનાનો લાભ કુલ ૧૧૦થી વધુ મહિલાઓને મળી રહ્યો છે. આ યોજનાથી લાભાર્થી મહિલાઓના જીવનસ્તરમાં ઘણો સુધારો આવ્યો છે. તદુપરાંત તેમને આર્થિક અને સામાજિક રીતે સશક્ત થવાનો સહારો મળ્યો છે. પરિણામે આ યોજના સમાજમાં વિધવા સ્ત્રીઓના જીવનનિર્વાહ તથા તેમના આર્થિક અને સામાજિક સંઘર્ષને ઘટાડવામાં મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થઈ છે.









વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું બ્રુનેઈમાં આગમન દરમિયાન ભારતીય સમુદાય દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

### ધરપકડનો પડકાર પણ આપ્યો

## સીએમ કેજરીવાલના જામીન પર ૫ સપ્ટેમ્બરે SCમાં થશે સુનાવણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.3 ।

દિલ્હી લિકર પોલિસી કૌભાંડ કેસમાં CBI દ્વારા ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટમાં ૫ સપ્ટેમ્બરે સુનાવણી થશે. કોર્ટે આ કેસને સુનાવણી માટે લિસ્ટ કર્યો છે. સીએમ કેજરીવાલની અગાઉ ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી પરંતુ તે કેસમાં જામીન મળ્યા બાદ સીબીઆઈએ જેલમાંથી જ તેમની ધરપકડ કરી હતી.જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ સીટી રવિકુમાર અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાની સ્પેશિયલ બેન્ચ આ અરજી પર સુનાવણી કરશે. ED કેસમાં અગાઉ કોર્ટે સીએમને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. હવે સીબીઆઈ કેસમાં તેની જામીન અરજી પર કોર્ટમાં સુનાવણી થશે અને ત્યારબાદ નક્કી થશે કે તેને જામીન મળશે કે નહીં.કેસ બીજા નંબર પર સુનાવણી માટે સૂચિબદ્ધ છે અને આ સૂચવે છે કે કોર્ટ ટૂંક સમયમાં જ તેના જામીન પર સુનાવણી કરશે. લોકોમાં આ બાબતને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે, કારણ કે દારૂ નીતિ કૌભાંડના આરોપથી દિલ્હીના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. કેજરીવાલે તેની ધરપકડને રાજકીય ષડયંત્ર ગણાવીને પડકાર્યો છે અને ન્યાયની માંગણી કરી છે.સ્પેશિયલ બેન્ચ સમક્ષ સુનાવણી માટે બે અરજીઓ છે, જેમાંથી એક તેમની ધરપકડને પડકારી રહી છે અને બીજી સીબીઆઈ કેસના સંબંધમાં તેમની જામીન અરજી છે. જો કેજરીવાલને જામીન મળે તો દિલ્હીના રાજકારણ પર તેની ઊંડી અસર પડી શકે છે.

### ન્યૂઝ બ્રિફ

#### આસામની ધુબરી મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીને ડ્રગ્સનું ઈન્જેકશન આપી રેગિંગ

। (એજન્સી) આસામ, તા.3 ।

આસામની ધુબરી મેડિકલ કોલેજમાં રેગિંગનો મામલો સામે આવ્યો છે. ધુબરી મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીએ વ્હોટ્સએપ પર પ્રિન્સિપલને પત્ર લખીને રેગિંગ દરમિયાન તેને દવાઓ આપવામાં આવી હોવાની ફરિયાદ કરી હતી. આ ફરિયાદ બાદ કોલેજમાં ખળભળાટ મચી ગયો હતો. પ્રિન્સિપાલે તરત જ મિટિંગ બોલાવી અને મામલાની તપાસ શરૂ કરી. ફરિયાદી વિદ્યાર્થી બિહાર રાજ્યનો રહેવાસી છે. આ બાબતે પ્રિન્સિપલે જણાવ્યું હતું કે ૩ વાગ્યે અમને અમારા એક વિદ્યાર્થીની વોટ્સએપ પર ફરિયાદ મળી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે રાત્રે કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા વિદ્યાર્થીને ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું.

#### પોરબંદર નજીક દરિયામાં કોસ્ટગાર્ડ હેલિકોપ્ટરના ઈમરજન્સી લેન્ડિંગમાં ૩ ક્રૂ મેમ્બર ગુમ

। (એજન્સી) પોરબંદર, તા.3 ।

ગુજરાતમાં પૂર સંબંધિત રાહત અને બચાવ કામગીરી કરતુ ભારતીય કોસ્ટ ગાર્ડનું હેલીકોપ્ટર ધ્રુવનું અરબી સમુદ્રમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન હેલિકોપ્ટરમાં સવાર ભારતીય કોસ્ટ ગાર્ડના બે પાયલટ ગુમ છે. તેની સાથે એક ડાઈવર પણ મુસાફરી કરી રહ્યો હતો. તેની પણ કોઈ જાણકારી મળી રહી નથી. મળતી માહિતી મુજબ, એક ક્રૂ મેમ્બરને બચાવી લેવામાં આવ્યો છે, પરંતુ બાકીના ત્રણ લોકો લાપતા છે. સમગ્ર મામલાની જાણકારી ધરાવતા અધિકારીઓનું કહેવું છે કે હેલિકોપ્ટરે સોમવારે રાત્રે પોરબંદર નજીક દરિયામાં ઈમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. જેમાં બે પાઈલટ અને બે ડાઈવર સવાર હતા.

#### વીર શિવાજીની પ્રતિમા તોડવાના કારણે મહારાષ્ટ્રના રાજકારણમાં વિવાદ વધુ ઘેરો બન્યો

। (એજન્સી) મુંબઈ, તા.3 ।

વીર શિવાજીની પ્રતિમા તોડવાના કારણે મહારાષ્ટ્રના રાજકારણમાં વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ અજિત પવારે ઘણી વખત માફી માંગી છે, પરંતુ તેમ છતાં વિપક્ષ ગુસ્સે છે, નારાજ છે અને સરકાર વિરુદ્ધ સતત અવાજ ઉઠાવી રહ્યો છે. આ સમગ્ર વિવાદને બહાદુર શિવાજીના અપમાન સાથે જોડવામાં આવ્યો છે. આ શ્રેણીમાં મહા વિકાસ આઘાડીએ પણ 'જુતા મારો અભિયાન' શરૂ કર્યું હતું જેના કારણે અજિત પવાર ખૂબ નારાજ થઈ ગયા હતા. હવે તેણે મહા વિકાસ આઘાડી માટે જ ચેતવણીનું કામ કર્યું છે. તેઓ કહે છે કે કેટલાક લોકોએ અમારી વિરુદ્ધ જૂતા મારવાની અભિયાન શરૂ કર્યું હતું.

### ભારતીય જનતા પાર્ટીની ખેંચતાણમાં વધારો

## હરિયાણામાં BJP નેતાની પક્ષને ધમકી, ટિકિટ ન મળી તો કોંગ્રેસમાં જોડાઈશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.3 ।



હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં દિગ્ગજ નેતાઓ ભારતીય જનતા પાર્ટીની ખેંચતાણમાં વધારો કરતા જોવા મળી રહ્યા છે. હાલમાં જ પૂર્વ મંત્રી રાવ નરબીર સિંહે દાવો કર્યો છે કે જો તેમને ટિકિટ નહીં આપવામાં આવે તો તેઓ કોંગ્રેસમાં જોડાઈ જશે. તેઓ રાજ્યની હાઈપ્રોફાઈલ સીટ બાદશાહપુરથી ટિકિટની માંગ કરી રહ્યા છે. ખાસ વાત એ છે કે વરિષ્ઠ નેતા સુધા યાદવ અને પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરના પૂર્વ ઓએસડી સહિત ઘણા મોટા નેતાઓ આ સીટ પર દાવો કરી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર રાવ નરબીર સિંહે સ્પષ્ટ કર્યું છે કે તેઓ આ વખતે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી નહીં લડે. તેણે કહ્યું, 'મને વર્ષ ૨૦૧૯માં ટિકિટ મળી નથી. આ વખતે હું અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડીશ નહીં. મેદાનમાં બે જ પક્ષો છે. તેથી જો ભાજપ મને ટિકિટ નહીં આપે તો હું કોંગ્રેસમાં જોડાઈશ. સિંહનો દાવો છે કે તેઓ બાદશાહપુર વિધાનસભા સીટ પરથી વિજેતા ઉમેદવાર છે. એવા અહેવાલો છે કે પૂર્વ સાંસદ સુધા યાદવ વિધાનસભા ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી રહી છે. તે બાદશાહપુર સીટ પરથી ચૂંટણી લડવા માંગે છે. આવી સ્થિતિમાં નરબીર સિંહને ટિકિટ મળવાની શક્યતા ઓછી જણાઈ રહી છે. જોકે, પાર્ટીએ હજુ સુધી ટિકિટની જાહેરાત કરી નથી. આ સિવાય ગુરુગ્રામના સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી રાવ ઈન્દ્રજીત સિંહ પણ બાદશાહપુર અને અહિરવાલની ટિકિટ વિતરણમાં સક્રિય જોવા મળે છે. વર્ષ ૨૦૧૯માં હારનો સામનો કરનાર મનીષ યાદવ પણ ટિકિટની શોધમાં છે. ખટ્ટરના ભૂતપૂર્વ ઓએસડી જવાહર યાદવ પણ અહીં સક્રિય છે. આ ઉપરાંત ભાજપના જિલ્લા પ્રમુખ કમલ યાદવ પણ પોતાનો દાવો રજૂ કરી રહ્યા છે.

### રજત દલાલે પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કર્યું

## કાર ટેસ્ટ ડ્રાઈવિંગ માટે લઈ જવામાં આવી હતી, વધુ ઝડપે બાઇકચાલકને ટક્કર મારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.3 ।



ફરીદાબાદના સરાય ખ્વાજા પોલીસ સ્ટેશને સોશિયલ મીડિયા પ્રભાવક રજત દલાલ વિરુદ્ધ બેદરકારી અને જોખમી રીતે વાહન ચલાવવા બદલ કેસ નોંધ્યો હતો. રજત દલાલે સોમવારે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. રજત દલાલનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તે કહી રહ્યો હતો કે બેદરકારીથી ડ્રાઈવિંગ અને બાઈકર્સને ટક્કર મારવા જેવી ઘટનાઓ રોજની વાત છે.આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે ૩૦ ઓગસ્ટના રોજ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં રજત દલાલ નેશનલ હાઈવે પર જોખમી રીતે ડ્રાઈવિંગ કરતા જોવા મળ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે આ ઘટના ૨૫ ફેબ્રુઆરીના રોજ બની હતી, જ્યારે રજત ફોક્સવેગન કેપિટલ ફરીદાબાદ શોરૂમ, સેક્ટર-૨૭, મેવલા મહારાજપુરથી ટેસ્ટ ડ્રાઈવ માટે કાર લઈ ગયો હતો અને તેને સરાઈ ટોલ સુધી લઈ ગયો હતો. વીડિયોના આધારે પોલીસે રજત વિરુદ્ધ બેદરકારી અને બેફામ ડ્રાઈવિંગ અને સામાન્ય લોકોના જીવને જોખમમાં મૂકવાની કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. તપાસ દરમિયાન ઘટના સમયે સ્થળ પર હાજર શોરૂમના તત્કાલીન કર્મચારીઓના નિવેદન પણ નોંધવામાં આવ્યા હતા. આ ઉપરાંત પોલીસે શોરૂમમાંથી વાહનનો રેકોર્ડ મેળવવા પત્રવ્યવહાર પણ કર્યો હતો. મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ટ્રાફિક પોલીસે રજત દલાલનું ડ્રાઈવિંગ લાયસન્સ રદ કરવા માટે પત્રવ્યવહાર પણ કર્યો હતો.

### અપહરણ માટે કાર ભાડે લેવામાં આવી હતી...

## JEની પુત્રીના અપહરણકારો મેરઠમાં પોલીસના હાથે ઝડપાયા

। (એજન્સી) મેરઠ, તા.3 ।



પોલીસે એન્કાઉન્ટર બાદ મેરઠમાં જેઈની ૬ વર્ષની પુત્રીનું અપહરણ કરવાના આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓનું લોકેશન નૌચંડી મેદાન પાસે મળ્યું હતું, જેના આધારે પોલીસે તેમને ઘેરી લીધા હતા. આ દરમિયાન એક આરોપીએ પોલીસ પર ગોળીબાર કર્યો, જેના જવાબમાં પોલીસે પણ ગોળીબાર કર્યો. બંને આરોપીઓને પગમાં ગોળી વાગતાં ઈજા થઈ હતી. પોલીસે તેની ધરપકડ કરી હતી, જ્યારે ત્રીજો આરોપી પણ ઝડપાઈ ગયો હતો.મેરઠના શાસ્ત્રીનગર વિસ્તારમાં સોમવારે ૬ વર્ષની બાળકીનું અપહરણ કરવામાં આવ્યું હતું. બાળકીનું અપહરણ કરવામાં આવ્યું હતું જ્યારે સ્કૂલનો ઓટો ડ્રાઈવર તેને સ્કૂલ પછી તેના ઘરની બહાર છોડી ગયો હતો. અપહરણકારોએ યુવતીના પરિવાર પાસેથી ૩ કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. ઘટનાની માહિતી મળતાની સાથે જ પોલીસે તાત્કાલિક વિસ્તારમાં ચેકિંગ ઓપરેશન શરૂ કરી દીધું હતું અને યુવતીની શોધખોળ શરૂ કરી હતી. થોડા કલાકો બાદ અપહરણકારો બાળકીને તેના ઘરની બહાર છોડીને ભાગી ગયા હતા. પોલીસે અપહરણકારોની શોધ ચાલુ રાખી હતી અને મોડી રાતના એન્કાઉન્ટર પછી ત્રણ અપહરણકારોની ધરપકડ કરી હતી, જેમાંથી બેને ગોળી વાગી હતી અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.આ ઘટના મેરઠના નૌચંડી પોલીસ સ્ટેશન વિસ્તારના શાસ્ત્રી નગરમાં બની હતી, જ્યાં જલ નિગમના જેઈ મેહબૂબ નામના વ્યક્તિની ૬ વર્ષની પુત્રીનું અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણ બાદ તેની પાસેથી ૩ કરોડ રૂપિયાની ખંડણી માંગવામાં આવી હતી. પોલીસને માહિતી મળતાની સાથે જ તેઓએ વિસ્તારની તપાસ શરૂ કરી અને અપહરણકારોની શોધ શરૂ કરી. લગભગ ૨ કલાક બાદ અપહરણકારો બાળકીને તેના ઘરે છોડીને ફરાર થઈ ગયા હતા.પોલીસ તપાસ દરમિયાન મહેબૂબનો પૂર્વ ડ્રાઈવર આકાશ શંકાસ્પદ બન્યો હતો. પોલીસને બાતમીદાર પાસેથી માહિતી મળી હતી કે નૌચંડી મેદાન પાસે આકાશ તેના સાગરિતો સાથે જોવા મળ્યો હતો. પોલીસે તેમને પકડવા માટે ઘેરો ઘાલ્યો હતો, પરંતુ આકાશ અને તેના સાથીઓએ પોલીસ પર ગોળીબાર કર્યો હતો. જવાબી ગોળીબારમાં આકાશ અને તેના એક સહયોગી રાજુને પગમાં ગોળી વાગી હતી, જેના કારણે તેઓ ઘાયલ થયા હતા અને તેમની ધરપકડ કરવામાં આવી હતી.

### આશિષ ગંગવારે સંસ્થામાં દરોડા બાદ આ વાતનો ખુલાસો કર્યો છે

## ઝારખંડના રામગઢની સંસ્થામાં રબરના અંગુઠા બનાવી સરકાર સાથે થતી હતી છેતરપિંડી

। (એજન્સી) ઝારખંડ, તા.3 ।

રામગઢમાં મહિલાઓને કૌશલ્ય વિકાસની તાલીમ આપતી એક સંસ્થામાં અંગૂઠાનું ક્લોનિંગ કરીને છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. અહીં ફિંગર પ્રિન્ટની નકલ કરીને સરકારી તંત્રને છેતરવામાં આવી રહ્યું હતું. રામગઢ જિલ્લાના એસડીઓ આશિષ ગંગવારે સંસ્થામાં દરોડા બાદ આ વાતનો ખુલાસો કર્યો છે. રામગઢ જિલ્લાના કુજુ ખાતે સ્થિત વીર સુભાષ ચંદ્ર બોઝ સેવા સંસ્થાનમાં મુખ્યમંત્રી સારથી યોજના હેઠળ બિરસા યોજના હેઠળ મહિલાઓના કૌશલ્ય વિકાસનું કાર્ય કરવામાં આવી રહ્યું હતું. અહીં મહિલાઓને નર્સિંગ, સિલાઈ, કોમ્પ્યુટર, પાર્લર વગેરે સહિતની વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવી હતી. સંસ્થામાં તાલીમ લઈ રહેલી મહિલાઓના ફિંગર પ્રિન્ટને રબરના અંગૂઠા પર ક્લોન કરવામાં આવ્યા હતા. સંસ્થાની તમામ મહિલાઓના અંગુઠાનું ક્લોન કરીને રાખવામાં આવ્યું હતું. સંસ્થાએ તે મહિલાઓને ખાતરી આપી હતી કે જો તમે ગેરહાજર રહેશો તો તમારી હાજરી આ ઓળખ સાથે બાયોમેટ્રિક સિસ્ટમ સાથે લિંક કરવામાં આવશે.

## PPF એકાઉન્ટ્સના વિસ્તરણ માટે નવી માર્ગદર્શિકા જાહેર

### સરકાર દ્વારા જાહેર કરાયેલા નવા નિયમો ૧ ઓક્ટોબરથી અમલમાં કરાશે

। (એજન્સી) નવીદિલ્હી, તા.3 ।




PPF, SSY અને NSS જેવી પોસ્ટ ઓફિસની નાની બચત યોજનાઓમાં રોકાણ કરનારાઓ માટે મોટા સમાચાર આવ્યા છે. સરકાર આ યોજનાઓ સાથે સંબંધિત નિયમોમાં કેટલાક ફેરફાર કરવા જઈ રહી છે. જે આગામી ૧ ઓક્ટોબરથી લાગુ થશે. આ અઠવાડિયાની શરૂઆતમાં, કેન્દ્રીય નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગે નવા નિયમો માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. નાણા મંત્રાલય દ્વારા નાની બચત ખાતાઓ અંગે જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા જણાવે છે કે, જો કોઈ ખાતું અનિયમિત જણાય તો તેને નાણા મંત્રાલય દ્વારા જરૂરી નિયમિત કરવા માટે મોકલવામાં આવશે. માર્ગદર્શિકા હેઠળ, વિભાગે જે નવા નિયમો જાહેર કર્યા છે, તે નેશનલ સેવિંગ્સ સ્કીમ, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) અને સુકન્યા સમૃદ્ધિ એકાઉન્ટ માટે લાગુ થશે. ડીજીના આદેશ (૨ એપ્રિલ, ૧૯૯૦) પહેલા ખોલવામાં આવેલા બે NSS-87 ખાતાઓ માટે નવા નિયમો હેઠળ પહેલા ખોલાયેલા ખાતા પર, પ્રવર્તમાન સ્કીમ રેટ લાગુ થશે, જ્યારે બીજા ખાતા પર, પ્રવર્તમાન POSA દરની સાથે બાકી બેલેન્સ પર ૨૦૦ બીપીએસ દર લાગુ થશે. આ બંને ખાતામાં જમા રકમ વાર્ષિક મર્યાદાથી વધુ ન હોવી જોઈએ. જો વધારે ડિપોઝીટકરવામાંઆવેતોતેવ્યાજવગર પરત કરવામાં આવશે. ૧ ઓક્ટોબર, ૨૦૨૪થી બંને ખાતાઓ પર શૂન્ય ટકા વ્યાજ દર લાગુ થશે. સગીરના નામે ખોલવામાં આવેલા PPF ખાતાઓ માટે : આવા અનિયમિત ખાતાઓ માટે POSA વ્યાજ ત્યાં સુધી ચૂકવવામાં આવશે, જ્યાં સુધી વ્યક્તિ (સગીર) ખાતું ખોલવા માટે લાયક ન બને. જ્યારે વ્યક્તિ ૧૮ વર્ષની થાય ત્યારે લાગુ વ્યાજ દર ચૂકવવામાં આવશે. પરિપક્વતા અવધિની ગણતરી તે તારીખથી કરવામાં આવશે જે દિવસે સગીર પુખ્તતાની ઉંમર પ્રાપ્ત કરે છે અને ખાતું ખોલવા માટે પાત્ર બને છે. એક કરતાં વધુ PPF એકાઉન્ટ જાળવવા પર, પ્રાથમિક ખાતા પર સ્કીમ રેટ મુજબ વ્યાજ આપવામાં આવશે, જો કે ખાતામાં જમા કરાતી રકમ દરેક વર્ષ માટે લાગુ મહત્તમ મર્યાદાની અંદર હોવી જોઈએ.

### બાંગ્લાદેશમાં સક્રિય કટ્ટરપંથી સંગઠનો

## હેફાઝત-એ-ઈસ્લામના નેતાઓ વચગાળાની સરકારના વડા યુનુસની મુલાકાત લીધી

### મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની દેશની હેફાઝત-એ-ઈસ્લામના નેતાઓ વચગાળાની સરકાર હવે કટ્ટરપંથીઓને સંભાળવામાં વ્યસ્ત છે

। (એજન્સી) ઢાકા, તા.3 ।



બાંગ્લાદેશમાં રાજકીય અસ્થિરતા વચ્ચે, મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની દેશની વચગાળાની સરકાર હવે કટ્ટરપંથીઓને સંભાળવામાં વ્યસ્ત છે. વિવાદાસ્પદ નેતાઓ રાજધાની ઢાકામાં સરકારી પ્રતિનિધિઓને મળતા જોવા મળે છે. શનિવારે, વચગાળાની સરકારના વડા ડૉ. યુનુસે કટ્ટરવાદી જૂથ હેફાઝત-એ-ઈસ્લામના નેતા મમુનુલ હક અને તેમના જૂથના અન્ય સભ્યો સાથે ઢાકામાં મુલાકાત કરી હતી. સૂત્રોનું કહેવું છે કે હિફાજતના નેતાઓ અને ડૉ.યુનુસ વચ્ચેની સત્તાવાર બેઠકમાં ચૂંટણી સુધારા અંગે ચર્ચા થઈ હતી. વડાપ્રધાનના કાર્યકાળ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જો કે આ તસવીરો સામે આવ્યા બાદ વિવાદ ઉભો થયો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે મમુનુલ હકની શેખ હસીના શાસન દરમિયાન હિંસા ભડકાવવા સહિતના ગંભીર આરોપો હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે શેખ હસીનાએ બાંગ્લાદેશ છોડ્યું, ત્યારે મોટાભાગના વિરોધ પક્ષના નેતાઓને નવા શાસન દ્વારા મુક્ત કરવામાં આવ્યા હતા. તેમાં કટ્ટરપંથી ઈસ્લામિક જૂથોના નેતાઓના નામ પણ સામેલ છે. નવી સરકાર દ્વારા મુક્ત કરવામાં આવેલા લોકોમાં મમુનુલ હકનો પણ સમાવેશ થાય છે. બાંગ્લાદેશમાં જમાત-એ-ઈસ્લામી સંગઠન પણ ખૂબ સક્રિય જોવા મળે છે. આ ઓપન મીટીંગ બાદ સવાલો ઉઠી રહ્યા છે. હેફાઝત-એ-ઈસ્લામ અને તેના નેતાઓ ભારત વિરોધી વલણ અપનાવવા અને ઘણીવાર ભારત વિરુદ્ધ ભડકાઉ નિવેદનો કરવા માટે જાણીતા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના બાંગ્લાદેશ પ્રવાસ દરમિયાન કટ્ટરપંથી હિફાઝત-એ-ઈસ્લામના નેતા મમુનુલ હકે વિરોધ કર્યો હતો. આ કટ્ટરવાદી સંગઠન બાંગ્લાદેશમાં મદરેસાઓ ચલાવે છે.

## તંત્રી લેખ...

# જો આપણે આપણા મિત્ર નહીં બની શકીએ તો..?

જો આપણે આપણા મિત્ર નહીં બની શકીએ તો જીવનભર આપણી પાસે મિત્રોનો અભાવ રહેશે. એકલતાનો અનુભવ કરવો આપણી ભીતરની કોઈ કમી દર્શાવે છે, નહીં કે મિત્રો બાબતે કમનસીબીને. ઈશ્વરે દરેક વ્યક્તિને પાંચ મિત્રોનો સાથ આપીને મોકલ્યા છે, તે છે - શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ અને પ્રાણ. આ પાંચ મિત્ર આપણા પ્રત્યે એટલા નિષ્ઠાવાન છે કે આપણે તેમને જેવું કહીએ છીએ તે એવું જ કરે છે. સારું-ખરાબ જેવું કર્મ કરવાની ઈચ્છા થાય છે, તેને આપણે મનને જણાવી દઈએ છીએ, બુદ્ધિ તેનો પક્ષ-વિપક્ષ રજૂ કરે છે, શરીરને એ કર્મને સાધવાાં સાથ આપે છે, ઈન્દ્રિયો ફળ ચાખીને આપણને તૃપ્ત કરે છે, પછી તેનાથી પવિત્રતા કે અપવિત્રતાનો જેવો પણ ભાવ ઉત્પન્ન થાય છે, પ્રાણ તેને ગ્રહણ કરી લે છે. જ્યાં સુધી સુખદ કાળ ચાલે છે ત્યાં સુધી આપણે આ મિત્રો સાથે ઉત્સવ મનાવતા રહીએ છીએ. જેવું જ દુઃખ આવે છે, આ પાંચેય મિત્રો શોકમાં પણ આપણો ભરપૂર સાથ આપે છે. મન ઉચાટથી ભરાઈ જાય છે, બુદ્ધિ સંશયથી ભરાઈ જાય છે, શરીર શિથિલ થઈ જાય છે, ઈન્દ્રિયો ભોગોથી વિરક્ત થઈ જાય છે, પ્રાણ ઊર્જા ગુમાવવા લાગે છે. પછી આપણે એકલતાના ઊંડા કૂવામાં જઈ પડીએ છીએ. વસ્તુતઃ જે મિત્રોના સહયોગથી આપણે આપણો ઉદ્ધાર કરી શકીએ એમ હતું, તેનો આપણે દુરુપયોગ કર્યો. તેઓ તો હજુ પણ આપણી સાથે છે, પરંતુ આપણે તેમની શક્તિની અવગણના કરીને ખુદને અવસાદગ્રસ્ત બનાવી લઈએ છીએ. યાદ રહે કે જે ખુદ પોતાનો મિત્ર નથી બની શકતો, તેનો કોઈપણ મિત્ર નથી હોતો. કેટલાક લોકો સત્કર્મ કે માત્ર કર્મના વેગથી એટલા ઉર્જાન્વિત અને સક્રિય રહે છે કે તેઓ હંમેશાં દાતાની ભૂમિકામાં હોય છે. તેમની પાસેથી ઊર્જા, સકારાત્મકતા, શિખામણ અને આનંદ ગમે તે પ્રાપ્ત કરી શકાય છે. તેઓ ક્યારેય પણ એકાકીપણું અનુભવ નથી કરતા, કારણ કે તેમણે આ પાંચ મિત્રોની સંગતનો ભરપૂર સદુપયોગ કર્યો છે.



**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# શિક્ષક અને વિદ્યાર્થી એકબીજાનાં પૂરક છે

સૌ પ્રથમ આપણે શિક્ષક એટલે કોણ, એ વિષે વાત કરીએ. જે વ્યક્તિ શિક્ષણનો સાચો આંક કાઢી, પોતાના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરે, તે સાચો શિક્ષક છે. શિક્ષકની વ્યાખ્યા એકજ વાક્યમાં આપવી હોય તો, જે પોતાના વિદ્યાર્થીઓને સાચી શિક્ષા તથા દિક્ષા આપનાર વ્યક્તિ. શિક્ષકો જ પોતાના વિદ્યાર્થીઓના પથદર્શક અને માર્ગદર્શક બની શકે છે. બાળકોમાં માતા બાદ સંસ્કારનું કોઈ સિંચન કરતું હોય તો તે વ્યક્તિ શિક્ષક છે. બાળકો કે વિદ્યાર્થીઓનાં જીવનમાં માતા પછી ગુરૂ કે શિક્ષકનું દ્વિતીય સ્થાન આવે છે. આપણાં ભારત દેશના સૌ પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણને પણ એક સમયે પોતાની કારકિર્દીની શરૂઆત એક શિક્ષક તરીકે જ શરૂ કરી હતી અને તેથી જ એમના માનમાં પાંચમી સપ્ટેમ્બરને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. શિક્ષક ખરા અર્થમાં વિદ્યાર્થીઓનો ગુરૂ છે. શિક્ષક જ એક એવો મહાનુભાવ છે જેના માધ્યમ થકી એના ભણાવેલાં વિદ્યાર્થીઓમાંથી કોઈ ડૉક્ટર, કોઈ એન્જિનિયર, કોઈ વકીલ, કોઈ પાયલોટ કે કોઈ મોટો ઉદ્યોગપતિ બને છે. આ બધાં આગળ આવ્યા એ એમના ગુરૂ કે શિક્ષકની દેન છે.શિક્ષક વિદ્યાર્થીઓના અંધકારમય જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવે છે. વશિષ્ઠ તથા વિશ્વામિત્ર ઋષિ સાચા તથા સારા ગુરૂઓના ઉદાહરણ રૂપે છે. પરશુરામજી પણ ઉત્તમ ગુરૂવર તરીકે નામના પામ્યા હતા. બીજી બાજુ વિચારીએ તો વિદ્યાર્થી એટલે વિદ્યાનો સાચો અર્થ જાણનાર. જે વિદ્યાર્થી વિદ્યાનો કે શિક્ષણનો સાચો અર્થ કાઢી અને સમજી શકે છે એજ ખરો અને આદર્શ વિદ્યાર્થી છે.વિદ્યા હંમેશા વિનય વડે શોભે છે તે ન્યાયે, વિદ્યાર્થી નમ્ર, વિનયી, સુશીલ, ખંતીલો અને મૃદુભાષી હોવો જોઈએ. વિદ્યાર્થી પોતાના ગુરૂ કે શિક્ષકના આદેશ તથા આજ્ઞાનું પાલનકર્તા, સોહાર્દ, વિનમ્ર અને આજ્ઞાંકિત હોવો જોઈએ. જેટલાં પણ મોટા કે નામાંકિત વ્યક્તિઓનો ઈતિહાસ તપાસસો તો એમની વૃદ્ધિ અને સમૃદ્ધિની પાછળ કોઈને કોઈ સારા કે મહાન ગુરૂ કે શિક્ષકનો હાથ હશે જ. લવ તથા કુશ વાલ્મીકિ ઋષિના શિષ્યો હતાં તો શ્રીકૃષ્ણ તથા સુદામાના ગુરૂ સાંદિપની ઋષિના શિષ્યો હતા અને તેઓ ગુરૂ કુળમાં જ રહીને ભણ્યાં અને મોટા થયા હતાં. દશરથ રાજાના ગુરૂ વશિષ્ઠ ઋષિ હતાં. રામ તથા લક્ષ્મણના ગુરૂ વિશ્વામિત્ર ઋષિ હતા. ગુરૂ દ્રૌણાચાર્ય કૌરવો તથા પાંડવોના કુલગુરુ હતા. ઈતિહાસમાં આરૂણી નામનો એક શિષ્ય અમર થઈ ગયો. આ બધાં જ વિદ્યાર્થીઓએ ક્યારેય પોતાના ગુરૂનો બોલ ઉથાપ્યો નહોતો કે ગુરૂજીની આજ્ઞા તથા આમન્યાનું જાણેઅજાણે પણ ઉલ્લંઘન કર્યું નહોતું. તેઓ જ્યાં સુધી પોતાના ગુરૂના હાથ નીચે ભણ્યાં ત્યાં સુધી ગુરૂજી તથા ગુરૂ પત્નિની તન, મન અને ધનથી સેવા કરી હતી અને સેવાના ફળ સ્વરૂપે તેઓ મહાન કે ખ્યાતનામ વ્યક્તિઓ તરીકે જગમાં નામ કમાયી ગયાં હતાં. વિદ્યાર્થી અને શિક્ષક એકબીજાથી અલિપ્ત રહી શકે નહીં. આમ વિદ્યાર્થી તથા શિક્ષક એકમેક સાથે સેતૂ સમાન છે અને એકબીજાના પૂરક છે. જો કે આજના પરિવર્તિત અને બદલાયેલાં જમાનામાં શિક્ષકો શિક્ષણને બદલે શાળામાં મહિલા શિક્ષિકા કે નાની વિદ્યાર્થીનીઓ સાથે લંપટલીલા આદરે છે. શાળામાં નિયમિત આવતા નથી, પાન પડીકી કે દારૂના નશામાં ધૃત હોય છે, આવા શિક્ષકો વિદ્યાર્થીઓમાં સારા શિક્ષણનું સિંચન કઈ રીતે કરી શકશે? વિદ્યાર્થીઓને શિક્ષા (શિક્ષણ) આપવાને બદલે શિક્ષા (સજા કે દંડ) નો સહારો લ્યે છે. તો બીજી તરફ વિદ્યાર્થીઓ પણ વિદ્યાનો અર્થ જાણવાને બદલે વિદ્યાની અર્થી (ઠાઠડી) કાઢે એવા હોય છે. શાળા કોલેજોમાં ભણવાને બદલે ગર્લ ફ્રેન્ડ કે બોય ફ્રેન્ડ સાથે મોજમસ્તી કરવી, પિરીયડો નિયમિત ભરવા નહીં, શિક્ષકોની ફિલ્મ ઉતારવી અને ભાંગફોડ કરવી એવાં નખરાં કરે છે, આ અલગ બાબત છે.

આમ છતાં એક આદર્શ અને સાચો શિક્ષક પોતાના જ્ઞાન તથા અનુભવ થકી ગમે તેવા નાદાન, ઉદ્દંડ અને તોફાની વિદ્યાર્થીનું જીવન બદલી શકે છે. માટે જે વ્યક્તિઓ શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલા હોય તે તમામે સમાજમાં આદર્શ અને ઉત્તમ શિક્ષક બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

### સુલોચના એક સંપૂર્ણ હિન્દુ સંસ્કૃતિમાં ઉછરેલી સંસ્કારી સ્ત્રી હતી, લગ્નને ત્રણ વર્ષ થયા છતાં ફરિયાદનો એક શબ્દ બોલતી નહીં

# સુલોચના વિચારતી હતી કે ટાણું! કટાણું! બધું થયું પણ અંતે સુલોચનાનું એકટાણું ફળ્યું ખરું!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સુલોચના એકધારું ઝરૂખામાંથી બહાર જોઈ રહી હતી એને ખબર હતી, કે નહીં આવે છતાં પણ પતિની રાહ જોઈ રહી હતી, સુલોચનાનો પતિ સુબોધ એક એન્જિનિયર હતો, અને સુલોચના બીએ, એટલે કે આર્ટસમાં ગ્રેજ્યુએટ થઇ હતી, આમ તો સુબોધનાં પિતાએ સુલોચનાના પિતાને વચન આપ્યું હતું.**

હિન્દુ સંસ્કૃતિમાં વ્યક્તિ ને ધર્મ સાથે જોડવા માટે આપણાં ઋષિમુનિઓએ કંઈ કેટલાય નિયમો બનાવ્યા છે. વ્રત એ એમાંનો મુખ્ય નિયમ છે, અને હમણાં જ શ્રાવણ પૂરો થયો, એટલે કેટલાંય લોકોએ કોઈને કોઈ રીતે વ્રત કર્યું હશે. અત્યારે સમાજમાં આધુનિકતાની આંધી પ્રવર્તી રહી છે, પણ તે છતાંય પતિ પરમેશ્વરનો સંસ્કાર હજી પણ ટકી રહ્યો છે એ વાતની ટાપશી પૂરતો એક કિસ્સો. સુલોચના એકધારું ઝરૂખામાંથી બહાર જોઈ રહી હતી એને ખબર હતી, કે નહીં આવે છતાં પણ પતિની રાહ જોઈ રહી હતી. સુલોચનાનો પતિ સુબોધ એક એન્જિનિયર હતો, અને સુલોચના બીએ, એટલે કે આર્ટસમાં ગ્રેજ્યુએટ થઇ હતી. આમ તો સુબોધનાં પિતાએ સુલોચનાના પિતાને વચન આપ્યું હતું, એટલે લગ્ન થયા હતાં, બાકી સુબોધને સુલોચનામાં એટલો રસ ન હતો. પરંતુ બંને પડયું પાનું નિભાવતા હતા. સુલોચના એક સંપૂર્ણ હિન્દુ સંસ્કૃતિમાં ઉછરેલી સંસ્કારી સ્ત્રી હતી, અને લગ્નને ત્રણ વર્ષ થયા છતાં ફરિયાદનો એક શબ્દ બોલતી નહીં, ન જાણે કેટલાય વ્રતો કર્યા, કે પતિ પોતાનીતરફજુએ,પણકંઈફેરપડતોન્હોતો. મહિનાપહેલા પિયરમાંથી બાનો ફોન આવ્યો હતો, અને કહ્યું કે આજથી શ્રાવણ મહિનો શરૂ થયો છે, અને તું એકટાણાનું વ્રત કર, તો કદાચ તારું વાંઝીયામેણું ટળે, અને ખોળો ભરાય! બિચારી બા પણ ક્યાં જાણતી હતી... એટલે હા એ હા કરી. આમ તો ઘણું બધું કરી લીધું હતું, પરંતુ સુલોચનાને પણ જીવવા માટે કોઈ આશા તો જોઈએ. એટલે થયું કે બાની શ્રદ્ધા છે, તો આ વ્રત પણ કરી જોઉ! અને તેણે એકટાણા શરૂ કર્યા, ઈચ્છા હતી કે પતિ સાથે બેસીને એકટાણાનું ભોજન કરે, એટલે જમવાનું ટાણું થતાં પતિની રાહ જોતી હતી. પરંતુ કટાણે આવવા ટેવાયેલો પતિ એમ ટાણે થોડો આવે!! લાગલગાટ એક કલાક ઝરૂખામાં ઊભી રહી, પણ સુબોધ આવતા દેખાયા નહીં, અને હવે તો પગની પિંડી પણ દર્દ કરતી હતી. એટલે એક નિશાસા ભરી નજર રસ્તા પર નાખી, અને પોતે પાછી રસોડા તરફ વળી, અને મનોમન આશ્વાસન પણ લીધું, કે આવશે , એમ કંઈ મર્યા ભેગું ભૂત થોડું થાય! આવશે આજે નહીં તો કાલે આવશે,



અને આખરે ઘર તો આજ છે, એટલે આવવું તો અહીં જ પડશે, આમ ઘવાયેલા હૃદય પર વિશ્વાસનો મલમ લગાડી રહી હતી, અને આંખોમાં ઝળઝળિયા આવી ગયા હતાં. રસોડામાં જઈ જમવાનું ગરમ કરવા વિચાર્યું કે, એકટાણું છે, તો થોડું ભાવે તો ખરું! બીજી સેકન્ડે થયું કે, ભાવે નભાવે એવા બધા નખરા કાંઈ અણગમતી ને ન્હોય, ચાલ હવે જેવું છે તેવું જમી લે, એમ કરી પ્લેટ તૈયાર કરવા જતી જ હતી, ત્યાં ડોરબેલ વાગી. અત્યારે વળી કોણ હશે! કારણ કે પતિના આવવાનો સમય તો થયો ન્હોતો, એ તો રાતના ૧:૩૦, ૨:૦૦ વાગ્યા પહેલા ક્યાં આવે છે!! કપડા સરખા કરી અને ડોર તરફ આગળ વધી, ડોર ખોલ્યું તો સામે સુબોધ ઉભા હતાં, અને હાથમાં એક ગજરો હતો. સુલોચનાને કાંઈ સમજાયું નહીં, પણ લોચન વહેવા લાગ્યાં, સુબોધ એ કહ્યું લે તારી માટે ગજરો લાવ્યો છું, સુલોચનાને વિશ્વાસ નહોતો આવતો કે, આ સુબોધ બોલે છે, એટલે તેણે કંઈ પ્રતિભાવ આપ્યો નહીં. સુબોધ તેનો હાથ પકડીને ગજરો આપતા કહ્યું, ચાલ તે એકટાણાંનું વ્રત કર્યું છે ને! આપણે બંને જમી લઈએ. સુલોચનાને ખરેખર કંઈ સમજાતું ન્હોતું, પણ મનોમન તે મહાદેવનો આભાર વ્યક્ત કરી રહી હતી. સુલોચનાની જીંદગીમાં આશ્ચર્ય ઉપર આશ્ચર્ય થઈ રહ્યા હતા, તે દિગ્મૂઢની જેમ જોઈ રહી હતી. સુબોધ હાથ ધોઈ અને કીચનમાં જઈ રસોઈ ગરમ કરીને ડાઈનિંગ ટેબલ ઉપર પ્લેટમાં પીરસે છે. સુલોચનાનો હાથ પકડી તેને બેસાડે છે! પોતાને હાથે કોળિયો ભરી જમાડે છે, અને આમ એનું એકટાણું સંપન્ન થયું. પતિ-પત્ની બંને હવે એકબીજાને સમર્પિત જીવન જીવે છે, આ વાતને પણ હવે ઘણો સમય થયો, અને ઘરમાં ઘોડીયે એક નાની એવી પરી પણ રમવા લાગી. એક દિવસ પતિનો સારો મૂડ જોઈ સુલોચના પૂછે છે, સુબોધ એવું તે શું થયું કે તમે બદલાઈ ગયાં! મને તો હજી માન્યમાં આવતું જ નથી, દીકરીને રમાડતા સુબોધ બોલે છે, કે એ દિવસે સવારે તું તૈયાર થઈને, અરીસામાં જોઈ સેંથીમાં સિંદૂર પૂરતી હતી, અને તારા મોઢા માંથી શબ્દો સર્યા કે, હે ભગવાન આ સુહાગન હોવાનો દંભ ક્યાં સુધી કરવાનો છે? પછી હું પણ ઉઠીને તૈયાર થઈને ગાડી લઈ ઓફિસ જવા નીકળ્યો, અને એ વાક્ય મારા મનમાં અથડાતું હતું. એમાં એક નાનો એવો એક્સિડન્ટ થયો, કોઈ રસ્તે ચાલતાં ભગવાધારી સાધુને ગાડી ભટકાણી, એટલે તે રસ્તા પર પડી ગયા. હું એકદમ ગભરાઈ ગયો કે નહીં ને જો મરી જશે તો મોટી ઉપાધી થશે! એટલે નીચે ઉતરીને જોયું કે, જીવે તો છે ને! સદનસીબે એ સાધુઓના શ્વાસ ચાલતાં હતા, પણ તેને સારું એવું વાગી ગયું હતું. હું તેને લઈ તાત્કાલિક હોસ્પિટલ પહોંચ્યો, અને તેની પાટાપિંડી તથા ટ્રીટમેન્ટ કરવાના રુપિયા આપી,અને હું તેમને મારું કાર્ડ આપી ઓફિસ જવા માટે આગળ વધતો હતો, ત્યાં એ સાધુએ મારો હાથ પકડી લીધો, અને કહ્યું કે આજે તેનું નહીં પણ મારું મોત લખાયું હતું, પણ કોઈના વ્રતથી તું બચી ગયો છે! અને હવે તેના પ્રેમની કદર કરી જીવન જીવજે, કારણ કે આ તારાં નવા જન્મ માટે એ જવાબદાર છે. મને તારા પ્રેમ અને સમર્પણનું ભાન થતા હું પાછો આવ્યો. એ દિવસે મારે આવવામાં એટલે મોડું થયું કે, એ સાધુ મહાત્માને ટ્રીટમેન્ટ મળતા લગભગ આખો દિવસ થયો, અને છેક રાત્રે હું એમાથી નવરો પડ્યો. જ્યારથી એ સાધુ મહાત્મા એ કહેલું સત્ય સાંભળ્યું હતું, ત્યારથી મારું મન પણ તને મળવા તલપાપડ થતું હતું. પરંતુ ઈશ્વર કસોટી કરતો હતો, અને સવારે ૧૦:૩૦ વાગે થયેલો પ્રેમનો અહેસાસ, રાતના ૧૦:૩૦ સુધી મેં અનુભવ્યો,ત્યારે તારું મોઢું જોવા મળ્યું. સુલોચના વિચારતી હતી કે ટાણું, કટાણું, બધું થયું પણ એક ટાણું ફળ્યું ખરું. તો આ છે હિન્દુ સંસ્કૃતિનો પતિ પરમેશ્વરનો સંસ્કાર કે, જે પતિની નફરતને પણ સહન કરી એનાં ઉજ્જવળ ભવિષ્ય માટે વ્રત કરે છે.

### રાજસ્થાનની મરુભૂમિ પોખરણથી દસ કિલોમીટર દૂર આવેલ રામદેવરા, રણુજાના રાજા રામદેવ પીરનું પ્રસિદ્ધ યાત્રાધામ છે

# રામદેવપીરના ભક્તો ભાદરવા સુદ એકમથી નોમ સુધી રામદેવ પીરનાં નોરતાં વ્રત રાખે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ચૌદમી સદીમાં રામદેવપીરના પિતા અજમલજી પોખરણના રાજા હતા, તેઓ રણુજાનીગાદીના રાજા પણ કહેવાતા હતા, રાજા અજમલજી તન્વર અંગપાલ તોમર-બીજાના દિલ્હીના વંશજ હતા, તેમના લગ્ન જેસલમેરના રાજાની પુત્રી રાણી મીનળદેવી સાથે થયાં હતાં, તેમને સગુણા તથા લાસા નામની બે પુત્રીઓ હતી, રાજાને ત્યાં પુત્રનું પારણું બંધાયું નહોતું, રાજા અજમલજી પ્રજાની હાલચાલ પૂછવા તેમના પ્રદેશનું ભ્રમણ કરતા હતા.**

ભાદરવા સુદ એકમથી નોમ સુધી રામદેવપીરના ભક્તો રામદેવપીરનું વ્રત રામદેવપીરનાં નોરતાં રાખે છે. તેની પૂર્વ તૈયારી શ્રાવણ માસની અમાસે થાય છે. ભક્તો નવ દિવસ માટે જવારા ઉગાડે છે. અખંડ દીવો કરે છે. ઉપવાસ તથા એકટાણાં પણ કરે છે.નોમે રામાપીરના નેજા ચઢાવવામાં આવે છે. ભક્તો શ્રદ્ધા સાથે આ નોરતાં રાખે છે કે રણછોડરાય, શ્રીકૃષ્ણ, નકલંકજી કે ભગવાન કલ્કિ અમારી પીડાનું શમન કરશે. અકલ્પ્ય ભય દૂર કરશે તથા શત્રુઓનો સંહાર કરશે. સમગ્ર વર્ષ દરમિયાન ભગવાન શ્રી રામદેવપીર અમારી ખેતી, નોકરી ધંધા તથા સમગ્ર પરિવારનું સ્વાસ્થ્યસાચવશે અમારો સમાજ તથા દેશ સુખી સમૃદ્ધ થાય તથા શત્રુઓથી તેમનું રક્ષણ થાય તેવી શ્રદ્ધા તથા મનો કામનાથી તેમના ભક્તો પોતાના ઘરે તથા રામદેવ પીરનાં મંદિરોમાં રામદેવપીરના નોરતાંનો ઉત્સવ ઊજવે છે. કાપડમાંથી બનાવેલ તથા માટીમાંથી બનાવેલ ઘોડાઓ તથા ગરબા-ગરબીઓ તેમના સ્થાનકમાં પધરાવે છે. નોરતાના પ્રત્યેક દિવસે નૈવેદ્ય ધરાવી તેમની આરતી થાય છે. રામદેવપીરના પરમભક્ત હરજી ભાટીએ અનેક જગ્યાએ રામાપીરના કાપડના ઘોડાની પધરામણી કરી તેમના નોરતાંનો પ્રારંભ કરાવ્યો હોવાનું મનાય છે.તેમની આરતી ગવાય છે, હરજી ભાટી જુએ તમારી વાટ રે, રણુજાના રાજા, આરતી ટાણે વેલેરા આવજો, એવા ધૂપને ધુમાડે વ્હેલા આવજો. રામદેવપીરના નોરતાંમાં રામદેવ પીરનો હેલો ખાસ ગુંજી ઊઠે છેઃ રણુજાના રાજા, અજમલજીના બેટા, વિરમદેવના વીરા, રાણી નેતલદેના ભરથાર મારો હેલો સાંભળો... હો... હો...જી. રામદેવીરના નોરતામાં ભક્તો તેમણે માતા મેલણદે, દરજી, લાખો વણઝારો, બોહિતા વાણિયો બહેન સગુણાદેના સાસરિયાં, દિલ્હીના બાદશાહ વગેરેને જે પરચા આપ્યા હતા. તે અંગેના સાહિત્યનું વાંચન તથા પાઠ કરે છે. આ નોરતામાં રામદેવપીરના જીવન આધારિત ફિલ્મો પણ દર્શાવવામાં આવે છે. ચૈત્રી નવરાત્રી તથા શારદીયઆસો નવરાત્રીની જેમ જ તેમના ભક્તો રામદેવપીરનાં નોરતાંભક્તિ ભાવ થી ઊજવે છે. શ્રી રામદેવ બાબા ચાલીસાના પાઠથી ભક્તો ભક્તિ માં લીન થાય છે. રાજસ્થાનની મરુભૂમિ પોખરણ થી દસ કિલોમીટર દૂર આવેલ રામદેવરા,રણુજાના રાજા રામદેવ પીરનું પ્રસિદ્ધ યાત્રાધામ છે. અહીં રામદેવપીરની સમાધિ છે. રાજસ્થાન સહિત સમગ્ર દેશ અને વિદેશોમાં પણ રામદેવપીરને કૃષ્ણ, રણછોડરાય, નકલંકજી કે કલ્કિ અવતાર માનનાર અનેક ભક્તો છે. આજે પણ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભક્તો તેમનાં મંદિરોમાં દર્શનાર્થે યાત્રાપ્રવાસ કરે છે. રામદેવપીરનું વ્રત-નોરતાં રાખે છે. નિજિયા ધર્મના સ્થાપક રામદેવ પીર તેમના શૌર્ય, પરાક્રમ તથા પરચાઓથી ભક્તોના હૃદયમાં નિવાસ કરે છે. ચૌદમી સદીમાં રામદેવપીરના પિતા અજમલજી પોખરણના રાજા હતા.તેઓ રણુજાનીગાદીના રાજા પણ કહેવાતા હતા.રાજા અજમલજી તન્વર અંગપાલ તોમર-બીજાના દિલ્હીના વંશજ હતા. તેમના લગ્ન જેસલમેરના રાજાની પુત્રી રાણી મીનળદેવી સાથે થયાં હતાં. તેમને સગુણા તથા લાસા નામની બે પુત્રીઓ હતી. રાજાને ત્યાં પુત્રનું પારણું



બંધાયું નહોતું. રાજા અજમલજી પ્રજાની હાલચાલ પૂછવા તેમના પ્રદેશનું ભ્રમણ કરતા હતા એક સમયે ચોમાસાની ઋતુમાં રાજા એક ખેતરમાં જઈ ચડ્યા રાજાને જોઈને ખેડૂતોએ વાવણી કરવાનું બંધ કર્યુ. ખેડૂતો રાજાથી મુખ ફેરવી ઘેર પાછા ચાલ્યા ગયા. રાજા અજમલજીને આશ્ચર્ય થયું. આમ કેમ? ખેડૂતો પાસેથી વિગત જાણી. તેઓ વાંઝિયા હોવાથી અર્થાત્ પોતાને ત્યાં પુત્ર ન હોવાથી તેમનું મોઢુંજોવાથી ખેતરમાં બીજ ઊગશે નહીં અને તેમનો પાક નિષ્ફળ જશે!ખેડૂતોના આ વાંઝિયાપણના મહેણાથી રાજા અજમલજીને આઘાત લાગ્યો. આ મેણું ભાંગવા તેમણે દ્વારકા ધીશનું શરણું લીધું. દ્વારકા પહોંચી કૃષ્ણભક્તિમાં લીન થયા. દ્વારકાધીશના મંદિરમાં તેઓ રોજ કૃષ્ણની મૂર્તિ આગળ લાડુનો ભોગ ધરાવતા હતા. એક દિવસ તેમની ધીરજ ખૂટી. તેમણે લાડુનો પ્રસાદ કૃષ્ણની મૂર્તિના મોં પર માર્યો.. આ દશ્ય જોઈ ત્યાંના પૂજારીઓએ માન્યું કે રાજા અવશ્ય ગાંડા થઈ ગયા છે. પૂજારીઓએ રાજાને કહ્યું, ‘હે રાજાજી ! તમારા કૃષ્ણને તો અરબી સમુદ્ર ગળી ગયો છે. તેથી કૃષ્ણ હવે ડૂબેલી દ્વારકામાં નિવાસ કરે છે. તમે તેમને ત્યાં મળી શકશો.’ રાજા અજમલજી કૃષ્ણભક્તિમાં એટલા લીન હતા કે તે દેહનું પણ ભાન ભૂલી ગયા ગયા હતા. તેમણે કૃષ્ણને મળવા દરિયામાં ડૂબકી મારી. તેમના પ્રાણનું પણ ભાન રહ્યું નહીં, પણ ભક્તોના હૃદયમાં બિરાજમાન કૃષ્ણ આ તેમના પરમ ભક્ત રાજાના પ્રાણ થોડા જવા દે ! ચમત્કાર થાય છે. એક મોટું લાકડું રાજાના હાથ લાગે છે. રાજા આ લાકડાને સહારે પાણીની બહાર તરે છે. રાજા આ ચમત્કારથી ભાનમાં આવ્યા. જાણે ભગવાન કૃષ્ણે તેમને ત્યાં અવતાર ધારણ કરવાનું વચન આપ્યું ન હોય ! રાજા પુનઃ રણુંજાની ગાદી સંભાળે છે.પ્રજા ની સેવા કરે છે. દીન-દુઃખિયાનો સહારો બને છે. રણછોડરાય, કૃષ્ણની ભક્તિ સાથે સાધુ-સંતોની સેવા કરી રાજધર્મ બજાવે છે. સમય જતાં રાજાને ત્યાં પારણું બંધાય છે. રાણી મીનળ દેવીની કૂખે પ્રથમ પુત્રનો જન્મ થાય છે, જેમનું નામ વિરમદેવ પાડવામાં આવે છે. ત્યારબાદ દંતકથા પ્રમાણેભગવાન શ્રીકૃષ્ણ રાણી મીનળદેવીની કૂખે બીજા પુત્ર સ્વ રૂપે જન્મે છે.તે જ આપણા રામ દેવપીર હોવાનું મનાય છે.આ રામદેવ જેમણે નાનપણમાં બાલ્ય કાળમાં જે પરાક્રમે કર્યા છે તેનાથી પિતા અજમલજી તથા માતા મીનળ દેવીને ખાત્રી થાય છે કે તેમને ત્યાં ભગવાન શ્રીકૃષ્ણ સાક્ષાત્ અવ તર્યા છે. રાજા અજમલજીને કૃષ્ણ ભક્તિ ફળી હોવાનો અહેસાસ થાય છે.ભગવાન શ્રીકૃષ્ણની જેમ જ રાજા રામદેવપીરની બાળપણ ની અનેક ચમત્કારિક બાળકથા ઓ છે. તેમાં ની એક બાળકથા ખૂબ જ પ્રચલિત છે. રામદેવપીર નાના હતા ત્યારે તેમને લાકડાના ઘોડા પર સવારી કરવાનું મન થયું. તેથી પુત્રની ઈચ્છા પૂરી કરવા અજમલ જી લાકડાનાં રમકડાં બનાવનાર ખરાદીને બોલાવી સુખડ-ચંદનના લાકડામાંથી સુંદર ઘોડો બનાવે છે તથા દરજીને બોલાવી મુખ્ય લીલા રંગનાં રંગ બેરંગી વસ્ત્રો વડે ઘોડાને શણગા રવામાં આવે છે. આ શણગારેલ ઘોડા પર અજમલજી પુત્ર રામદેવ ની ઈચ્છા પૂર્ણ કરવા ઘોડા પર સવારી કરાવે છે.જેવા રામદેવ ઘોડા પર બેસે છે કે ઘોડો રામદેવને લઈ આકાશમાર્ગે દોડી ગયો.ઘોડો તથા રામદેવ આકાશમાં અદૃશ્ય થયા.આ ચમત્કારથી રાજા અજમલ વિષાદમાં પડી ગયા. તેમને લાગ્યું કે ચોક્કસ આ ખરાદી તથા દરજીએ કંઈક કર્યું છે.રામદેવ ઘોડા સાથે પરત ન આવે ત્યાં સુધી ખરાદી તથા દરજીને કેદમાં પૂર્યા. પણ સૌના આશ્ચર્યની વચ્ચે સમય જતાં રામદેવ ઘોડાને લઈ પરત ફર્યા. ખરાદી તથા દરજીને મુક્ત કર્યા.રાજા અજમલજી તથા રાજ પરિવારમાં આનંદની લાગણી છવાઈ ગઈ. પિતા અજમલજી પોખરણના રાજા તરીકે કુંવર રામદેવને ગાદી એ બેસાડે છે. રાજા રામદેવ રાજ ધર્મનું પાલન કરે છે. પ્રજાને પણ ધર્મનું રક્ષણ કરવાનું શિક્ષણ આપે છે. રાજ્યમાં ગાયો તથા સાધુ-સંતો ની સેવા થાય છે. રાજદરબારમાંથી કોઈ ભૂખ્યું જતું નથી.સર્વેને ન્યાય મળે છે. સમાજના તરછોડાયેલ ગરીબ તથા નાના પ્રકારના દુઃખો થી પીડાતા પ્રજાજનોની સેવામાં રાજા રામદેવ અહર્નિશ વ્યસ્ત રહે છે.તેમનો યશ દેશ-વિદેશમાં ફેલાય છે. ચારે દિશાઓમાં રાજા રામદેવ નો જયજયકાર થાય છે.તેમની આ પ્રસિદ્ધિ મુસ્લિમોના યાત્રાધામ મક્કા સુધી પહોંચે છે. ત્યાંના પાંચ પીર રાજા રામદેવનું પારખું કરવા દેવરા આવે છે. રાજા રામદેવ તેમનો આદર-સત્કાર કરે છે. તેમને ભોજન માટે આમંત્રણ આપે છે. પણ પેલા પાંચે પીર રામદેવનું પારખું કરવા દલીલ કરે છે કે અમે તો અમારા ભોજનના પાત્ર વાડકા ઓમાં જ અમારું ભોજન કરીએ છીએ, જે અમે મક્કામાં ભૂલી આવ્યા છીએ, તેથી અમે જમીશું નહીં, ભૂખ્યા રહીશું. અતિથિ દેવો ભવની ભાવનાવાળા રાજા રામદેવ પાંચે પીરને કહે છે : ‘હે અતિથિ પીર ! તમે ભૂખ્યા રહો તો મારો રાજધર્મ લાજે !પણ જુઓ, આકાશમાંથી તમે મક્કામાં ભૂલી આવ્યા છો તે વાડકા આવી રહ્યા છે. તેમાં તમે ભોજન કરો. ભૂખ્યા રહેશો નહીં.’ચમત્કાર થાય છે. પાંચે પીરની આગળ આકાશમાંથી ભોજનપાત્ર-વાડકા ગોઠવાઈ ગયા આ જાણી પાંચે પીર રાજા રામદેવ ના ભક્ત બની ગયા.મક્કા-મદીના તથા મુલતાન વિસ્તારના પીર- ઓલિયા પણ શ્રી રામદેવજીને ‘હિંદવાપીર’તરીકે પૂજવા લાગ્યા રામદેવરામાં સ્થિર થઈ આ પાંચે પીર પ્રજાની સેવા કરવા લાગ્યા તથા કૃષ્ણભક્ત બની ગયા. હાલમાં આ પાંચે પીરની સમાધિ રાજા રામદેવની સમાધિની પાસે છે. તેથી મુસ્લિમ ભક્તો પણ અહીં આવે છે. આ ઘટના પછી રાજા રામદેવને પીરના પીર માનવામાં આવ્યા. ત્યારથી લોક સાહિત્યમાં રાજા રામદેવને રામદેવ પીર તરીકે પ્રસિદ્ધિ મળી છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી જય બાબારી..સુપ્રભાત.. ભાદરવો ભરપૂર માત્રામાં વરસે તે યુક્તિ આ વખતે સાચી પડે તેવું લાગે છે સાતમી સપ્ટેમ્બર સુધી મેઘ ધબડાટી રહેવાની છે. સાવચેતીમાં જ સલામતી છે.

### ધર્મ બદલી બહેનપણીના પતિ સાથે લગ્ન કરી લીધા

# ૧૧ વર્ષની ઉંમરે બોલીવુડમાં ડેબ્યૂ કરી રાતોરાત સ્ટાર બની ગઈ હતી

ભારતમાં ફિલ્મ અને ક્રિકેટ હસ્તીઓના ફેન્સ સૌથી વધારે છે. જે જાણવા માગે છે કે તેમના માનીતા સ્ટાર્સની જિંદગીમાં શું ચાલી રહ્યું છે. શોબિઝમાં કેટલા એવા કિસ્સા છે, જ્યારે સાથી અથવા દોસ્તની ખ્યાતનામ હસ્તી સાથે લગ્ન કરી લીધા. ખ્યાતનામ હીરોઈન જે આજકાલ તમિલ અને તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બિઝી છે, તેણે લગભગ ૨ વર્ષ પહેલા બેસ્ટ ફ્રેન્ડના પૂર્વ પતિ સાથે લગ્ન કરી લીધા. ત્યારે તેને લોકો તરફથી ઘણા મેણાં સાંભળવા પડ્યા હતા, પણ એક વાર પ્રેમ થઈ જાય પછી લોકોની ચિંતા કરતા નથી. એક્ટ્રેસે ફિલ્મોથી ટીવી શોમાં કામ કર્યું હતું. તેણે ઋતિક રોશન સાથે ફિલ્મમાં કામ કર્યું હતું. પણ બોલીવુડમાં તેને સફળતા જોઈએ તેવી મળી નહીં. બાદમાં સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રી તરફ વળી ગઈ. શું તમે આ એક્ટ્રેસને જાણો છો? જો નહીં તો જણાવી દઈએ કે, આ એક્ટ્રેસ હંસિકા મોટવાણી છે.હંસિકા નાની ઉંમરથી એક્ટિંગ કરી રહી છે. તેણે ૧૫ વર્ષની ઉંમરમાં જ હીરોઈન બનવાનો મોકો મળ્યો હતો. તે પુરી જગન્નાથ અને અલ્લુ અર્જુન સાથે પહેલી તેલુગુ ફિલ્મ 'Deshamuduru' દેખાઈ હતી.



ફિલ્મ હિટ થઈ તો હંસિકા રાતોરાત સ્ટાર બની ગઈ. ત્યારબાદ તેને કેટલીય ફિલ્મો ઓફર થઈ.હંસિકાએ પોતાના કરિયરની શરૂઆત બાળ કલાકાર તરીકે કરી હતી. તે પહેલી વાર ટીવી શો 'શાકા લાકા બૂમ બૂમ'માં દેખાઈ હતી. શો પોપ્યુલર થયા બાદ તે લોકપ્રિય થઈ ગઈ. બાદમાં તેણે 'કરિશ્મા કા કરિશ્મા', 'સોન પરી', 'ક્યોંકિ સાસ ભી કભી બહુ થી', જેવા શોમાં કામ કર્યું હતું. હંસિકાએ ૨૦૦૩માં ફિલ્મ 'કોઈ મિલ ગયા'થી ડેબ્યૂ કર્યું હતું. ત્યારે તેની ઉંમર લગભગ ૧૩ વર્ષની હતી. તેમાં તે ઋતિક રોશનની મિત્ર બની હતી. ત્યારબાદ 'જાગો' અને 'આબરા કા ડાબરા'માં જોવા મળી હતી. તેણે લીડ હીરોઈન તરીકે બોલીવુડ ફિલ્મ 'આપકા કા સુરુર'થી ડેબ્યૂ કર્યું હતું. જે ફ્લોપ રહી હતી. ત્યારબાદ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી દૂર થઈ ગઈ. હંસિકાની પર્સનલ લાઈફ ત્યારે ચર્ચામાં આવી, જ્યારે તેણે હિન્દુ ધર્મ છોડીને બૌદ્ધ ધર્મ અપનાવી લીધો. વિકિપીડિયાના રિપોર્ટ અનુસાર, એક્ટ્રેસે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, ''મારા માટે તણાવથી મુક્ત થવાનો સૌથી સારો રસ્તો છે જપના 'નમ મયો હો રેન્ગે ક્યો'. એટલા માટે હું બૌદ્ધ ધર્મને દિલથી માનું છું.''

### વાયરલ થઈ રહેલા વીડિયોમાં ઐશ્વર્યા કેમેરા સામે જોઈને હસતી જોવા મળી

# છૂટાછેડાના સમાચાર વચ્ચે દુબઈ એરપોર્ટ પર પહોચ્યાં ઐશ્વર્યા રાય અને અભિષેક?

**વાયરલ વીડિયોનું સામે આવ્યું સત્ય**



ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચન વચ્ચે બધુ બરાબર છે. આ અમે નહીં પરંતુ વાયરલ વીડિયો આ વાત કહી રહ્યો છે, જેમાં બંને દીકરી આરાધ્યા બચ્ચન સાથે જોવા મળી રહ્યા છે. જ્યારથી અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નની ઉજવણી માટે અલગ-અલગ પહોંચ્યા હતા, ત્યારથી તેમના અલગ થવાની અફવાઓ આગની જેમ ફેલાઈ છે. અલબત્ત, જ્યારે અભિષેકે સોશિયલ મીડિયા પર છૂટાછેડાની પોસ્ટને લાઈક કરી ત્યારે બાબતો પ્રમાણની બહાર થઈ ગઈ. જો કે, તેની પાછળનું સાચું કારણ એ હતું કે લેખમાં ડૉ. જર્ક માર્કર વિશે વાત કરવામાં આવી હતી, જેઓ ઐશ્વર્યાના નજીકના મિત્ર છે. આ દંપતીએ હાલમાં આ અહેવાલો પર મૌન જાળવી રાખ્યું છે અને તેમના પર કોઈ ધ્યાન આપ્યું નથી. પરંતુ આ બધાની વચ્ચે હવે દુબઈ એરપોર્ટ પરથી આ કપલનો એક વીડિયો વાયરલ થયો છે અને જ્યારે ચાહકોએ તેમને એકસાથે જોઈને રાહતનો શ્વાસ લીધો છે, ત્યારે ઘણા લોકોએ ધ્યાન દોર્યું કે આ જૂનો વીડિયો છે. એક ફેન ક્લબે દુબઈ એરપોર્ટ પરથી બચ્ચન પરિવારનો એક વીડિયો શેર કર્યો છે. જોકે આ અંગેનું હવે સત્ય બહાર આવ્યું છે. અભિષેક બચ્ચન આગળ ચાલતા



જોઈ શકાય છે અને પછી ઐશ્વર્યા અને આરાધ્યા તેની પાછળ છે. જ્યારે અભિષેક ડેનિમ લુક સાથે કેઝ્યુઅલ રેડ હૂડીમાં છે, ત્યારે ઐશ્વર્યા ઓલ બ્લેક ડ્રેસમાં ખૂબસૂરત દેખાતી હતી. જ્યારે ઘણા લોકો વિચારી રહ્યા છે કે આ એક નવો વીડિયો છે, તો કેટલાક લોકોનું કહેવું છે કે આ વીડિયો ગયા વર્ષનો છે. દુબઈમાં પતિ અભિષેક બચ્ચન અને પુત્રી આરાધ્યા સાથે જોવા મળેલી ઐશ્વર્યા ખૂબ જ ખુશ દેખાતી હતી. વાયરલ થઈ રહેલા વીડિયોમાં ઐશ્વર્યા કેમેરા સામે જોઈને હસતી જોવા મળી રહી છે, જ્યારે અભિષેક પણ તેના પરિવાર સાથે વીડિયોમાં જોવા મળી રહ્યો છે. આ વીડિયો સામે આવ્યા પછી તેનું સત્ય પણ બહાર આવ્યું છે. તમને જણાવી દઈએ કે આ વીડિયો ૭ ફેબ્રુઆરી ૨૦૨૪ નો છે એટલે કે જૂનો છે. યુઝર્સ કહે છે કે આરાધ્યા હવે નવી હેરસ્ટાઈલમાં બદલાઈ ગઈ છે અને હવે આ ભિન્જસ નથી. આથી આ વીડિયો જૂનો છે હાલ ઐશ્વર્યા-અભિષેક દુબઈમાં નથી.

### ફિલ્મ કહાં શુરુ કહાં ખતમ ૨૦ સપ્ટેમ્બર દિવસે થશે રિલીઝ

# 'કહાં શુરૂ કહાં ખતમ' નાં ટ્રેલરે મચાવી ધૂમ

**ધ્વનિ ભાનુશાલી અને આશિમ ગુલાટીની સાથે આ પહેલી બોલિવૂડ ફિલ્મ**

પ્રેમ અને કોમેડી પર બેસ્ડ 'કહાં શુરુ કહાં ખતમ' ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયુ છે. આ ટ્રેલર રિલીઝ થતાંની સાથે છવાઈ ગયુ છે. આ મુવીને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ જોવા મળી રહ્યાં છે. ધ્વનિ ભાનુશાલી અને આશિમ ગુલાટીની સાથે આ પહેલી બોલિવૂડ ફિલ્મ છે જે સિનેમાઘરોમાં ધમાકો કરવા માટે તૈયાર છે. લક્ષ્મણ ઉટેકર દ્વારા નિર્મિત અને સૌરભ દાસગુપ્તા દ્વારા નિર્દેશિત આ ફિલ્મ એક કપલનાં પરિવાર અને એનાં લગ્નની આસપાસ ફરે છે. ફિલ્મનું ટ્રેલર સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યું છે. ફિલ્મમાં કોમેડી ડ્રામાનો ભરપૂર ડોઝ જોવા મળી રહ્યો છે.રોમેન્ટિક કોમેડી ફિલ્મ 'કહાં શુરુ કહાં ખતમ'માં દર્શક ધ્વનિ ભાનુશાલી અને આશિમ ગુલાટીને એકસાથે સ્ક્રીન પર જોવા માટે સુપર એક્સાઈટેડ છે. ધ્વનિ ભાનુશાલીને સ્ક્રીન પર નવા લુકમાં જોવા માટે તમે પણ તૈયાર થઈ જાવો. ફિલ્મની રિલીઝ ડેટ સામે આવી ગઈ છે. ધ્વનિ ભાનુશાલીને સ્કિન પર નવા લુક સાથે જોવા માટે તૈયાર થઈ જાવો. ધમાકેદાર સોન્ગ પછી એક્ટિંગથી દર્શકોનું દિલ જીતી રહી છે. 'કહાં શુરુ કહાં ખતમ'




સિનેમાઘરોમાં ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪નાં રોજ રિલીઝ થશે.'કહાં શુરુ કહાં ખતમ'ની કહાની લગ્ન અને પ્રેમ પર આધારિત છે. ફિલ્મનાં ટ્રેલરમાં જોવા મળી રહ્યું છે કે, ધ્વનિને મંડપમાંથી ભાગતી દુલ્હન અને આશિમ ગુલાટીને લગ્ન તોડનારનાં રૂપમાં જોવા મળી રહ્યો છે. કહાની ત્યારે રસપ્રદ બને છે ત્યારે આશિમનાં ઘરનાં લોકો ધ્વનિને વહુ માને છે અને ફરીથી પરિવારની સામે લગ્ન કરવા માટે કહે છે. ત્યારબાદ એમની એરેન્જડ એક્સીડેન્ટલ લવ સ્ટોરી શરૂ થાય છે. ફિલ્મની કહાની બહુ રસપ્રદ છે.ધ્વનિ ભાનુશાલી અને આશિમ ગુલાટી સિવાય ફિલ્મમાં સુપ્રિયા પિલગાંવકર, રાકેશ બેદી, સોનાલી સચદેવ, રાજેશ શર્મા, અખિલેન્દ્ર મિશ્રા, ચિતરંજન ત્રિપાઠી, વિક્રમ કોચર, હિમાંશુ કોહલી અને વિકાસ વર્મા અનેક કલાકારો ફિલ્મમાં જોવા મળશે. ફિલ્મમાં કોમેડીની સાથે-સાથે રોમાન્સ પણ જોવા મળી રહ્યો છે. સૌરભ દાસગુપ્તા દ્વારા નિર્દેશિત અને લુકા છુપી અને મિમી ફેમ લક્ષ્મણ ઉટેકર અને ઋષિ વિરમાની દ્વારા લિખિત આ ફિલ્મ કોમેડી ડ્રામા અને હાસ્યનો ભરપૂર ડોઝ આપશે.

# રિયલ લાઈફમાં બે દિકરાનો બાપ છે વનરાજ

**ફિલ્મ, વેબ સિરીઝ, મ્યુઝિક વીડિયો, ટીવી શો તેમજ તમિલ ફિલ્મોમાં પણ કામ કરી ચૂક્યો છે**

ટીવી શો 'અનુપમા'ને ચાહકોમાં ખૂબ પસંદ કરવામાં આવે છે. જોકે, શોના ચાહકોનું દિલ ત્યારે તૂટી ગયું જ્યારે તાજેતરમાં સમાચાર આવ્યા કે વનરાજ શાહનું પાત્ર ભજવનાર સુધાંશુ પાંડેએ શોને અલવિદા કહી દીધું છે. તો ચાલો આજે આપણે અનુપમાના શોના વનરાજના રિયલ લાઈફ પરિવાર તેમજ તેના કરિયર વિશે વાત કરીએ. ૨ પુત્રોનો પિતા છે વનરાજસુપરહિટ ટીવી શો 'અનુપમા' TRP લિસ્ટમાં ટોપ પર છે, તેમ છતાં શોના કલાકારો તેને સતત અલવિદા કહી રહ્યાં છે. ભિનેતા સુધાંશુ પાંડેએ પણ શોમાંથી દૂર થયો છે. તો આજે આપણે વનરાજના રિયલ પરિવાર વિશે જાણીશું સુધાંશુ પાંડેનો જન્મ ૨૨ ઓગસ્ટ ૧૯૭૪ રોજ થયો છે. તે એક ભારતીય મોડલ, ફિલ્મ અને ટેલિવિઝન અભિનેતા, ગાયક, લેખક અને નિર્માતા છે. તે તેની કારકિર્દીમાં હિન્દી, તમિલ અને તેલુગુ ભાષાઓમાં અનેક ફિલ્મોમાં જોવા મળ્યો છે. સુધાંશુએ પોતાના કરિયરની શરૂઆત ૯૦ના દાયકાની શરૂઆતમાં



મોડલિંગથી કરી હતી. તેમનો પ્રથમ ટેલિવિઝન શો કન્યાદાન હતો, જે ૧૯૯૮માં પ્રસારિત થયો હતો. તેમની પ્રથમ ફિલ્મ ખિલાડી ૪૨૦ અક્ષય કુમાર સાથે સહ-મુખ્ય ભૂમિકામાં હતી. ૧૯૯૯માં સુધાંશુએ પંકજ ઉધાસના આલ્બમમાં જોવા મળ્યો હતો. તે પછી, તે ભારતના પ્રથમ મ્યુઝિક બેન્ડ છ Band of Boys નો ભાગ બન્યો હતો. પાંડે ૨૦10 ના દાયકા દરમિયાન તમિલ સિનેમામાં પણ જોવા મળ્યો હતો, અને અજિત કુમાર અભિનીત બિલ્લા II (૨૦૧૨)માં મુખ્ય વિલનની ભૂમિકા ભજવી હતી. બાદમાં તેણે મેઘમાન (૨૦૧૪), ઈન્દ્રજીથ (૨૦૧૭) અને ૨.૦ (૨૦૧૮) માં ભૂમિકાઓ ભજવી, જે તેની રિલીઝ સમયે સૌથી મોંઘી ભારતીય ફિલ્મ હતી. તમને જણાવી દઈએ કે, સુધાંશુને એક પ્રોડક્શન હાઉસ છે, જેનું નામ રો સ્ટોક પ્રોડક્શન પ્રાઈવેટ લિમિટેડ છે, જે હેઠળ તેણે ૨૦૧૮માં તેનો પહેલો એક મ્યુઝિક વીડિયો બનાવ્યો હતો.

# કેનેડામાં પંજાબી સિંગર એપી ધિલ્લોનના ઘરની બહાર ફાયરિંગ

**સુરક્ષા એજન્સીઓ આ મામલે તપાસ કરી રહી છે, આની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ અને રોહિત ગોદારા ગેંગે લીધી છે**

કેનેડામાં જાણીતા પંજાબી ગાયક એપી ધિલ્લોનના ઘરની બહાર ફાયરિંગની ઘટના સામે આવી છે. સુરક્ષા એજન્સીઓ આ મામલે તપાસ કરી રહી છે. આની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ અને રોહિત ગોદારા ગેંગે લીધી છે. આને લગતી એક પોસ્ટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. પ્રખ્યાત પંજાબી સિંગર એપી ધિલ્લોનના ઘરની બહાર ઝડપી ફાયરિંગની ઘટના સામે આવી છે.

સુરક્ષા એજન્સીઓ આ મામલે તપાસ કરી રહી છે, આની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ અને રોહિત ગોદારા ગેંગે લીધી છે સિંગરનું કેનેડાના વાનકુવર વિક્ટોરિયા આઈલેન્ડમાં ઘર છે. આ બનાવથી સનસનાટી ફેલાઈ ગઈ છે. ફાયરિંગનો વીડિયો પણ સામે આવ્યો છે. સુરક્ષા એજન્સીઓ આ મામલે તપાસ કરી રહી છે. ફાયરિંગ કરનારાઓની હજુ સુધી ઓળખ થઈ નથી. જોકે, ફાયરિંગની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ અને રોહિત ગોદારા ગેંગે લીધી છે.કેનેડામાં બનેલી આ ઘટનાને



લઈને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ ઝડપથી વાયરલ થઈ રહી છે. જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે પ્રખ્યાત ગાયક એપી ધિલ્લોનના બંગલામાં ફાયરિંગ થયું છે. આ સિવાય કેનેડામાં અન્ય સ્થળે પણ ફાયરિંગ કરવામાં આવ્યું છે. વાયરલ પોસ્ટમાં લખ્યું છે કે ૧ સપ્ટેમ્બરની રાત્રે અમે કેનેડામાં બે જગ્યાએ ફાયરિંગ કર્યું હતું.પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે તમે જે અંડરવર્લ્ડ લાઈફની નકલ કરો છો તે વાસ્તવમાં આપણે જીવી રહ્યા છીએ.

તમારી મર્યાદામાં રહો, નહીં તો તમને મારી નાખવામાં આવશે. સુરક્ષા એજન્સીઓએ આ પોસ્ટ અને ફાયરિંગના તથ્યોની તપાસ શરૂ કરી દીધી છે. આ પહેલા પણ ગોલ્ડી-લોરેન્સ ગેંગે થોડા મહિના પહેલા વિદેશમાં ગિપ્પી ગ્રેવાલના ઘરે ગોળીબાર કર્યો હતો. કેનેડિયન પોલીસે હજુ સુધી આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નથી.આ વર્ષે ૧૪ એપ્રિલે સવારે ફિલ્મ અભિનેતા સલમાન ખાનના બાંદ્રા સ્થિત ગેલેક્સી એપાર્ટમેન્ટમાં ફાયરિંગ થયું હતું. આ સનસનીખેજ ઘટનાને મોટર સાયકલ સવાર બે લોકોએ અંજામ આપ્યો હતો. પોલીસે ઘટનાના બે દિવસ પછી એટલે કે ૧૬ એપ્રિલે ગુજરાતમાંથી વિકી ગુપ્તા અને સાગર પાલની ધરપકડ કરી હતી. આની જવાબદારી બિશ્નોઈ ગેંગે લીધી હતી.

### અત્યાર સુધી મહિલાઓ કેમ ચૂપ હતી?

# હેમા કમિટિ રિપોર્ટઃ મલયાલમ ઈન્ડસ્ટ્રી કેવી રીતે ખુલ્લી પડી?

### ૨૦૧૭માં રચાયેલી હેમા કમિટિનો રિપોર્ટ ૧૯ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ પહેલી વખત સાર્વજનિક કરવામાં આવ્યો હતો

ફેબ્રુઆરી ૨૦૧૭ માં, ટોચની મલયાલમ અભિનેત્રીઓમાંની એક સાથે આવી ઘટના બની, જેણે માત્ર મલયાલમ ઉદ્યોગ જ નહીં પરંતુ સમગ્ર દેશને ચોંકાવી દીધો. શૂટમાંથી પરત ફરી રહેલી અભિનેત્રીનું અપહરણ કરવામાં આવ્યું હતું અને ચાલતી કારમાં કેટલાક પુરુષો દ્વારા તેનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. આ કેસમાં મલયાલમ ઈન્ડસ્ટ્રીની મોટી હસ્તી અભિનેતા-નિર્માતા દિલીપનું કનેક્શન સામે આવ્યું હતું. દિલીપની ધરપકડ પણ થઈ અને થોડા જ સમયમાં તેને જામીન પણ મળી ગયા.ઈન્ડસ્ટ્રીએ આ સમગ્ર ઘટના સાથે જે રીતે વર્તન કર્યું અને પુરુષ કલાકારોની ભાવનાઓ પર અસંવેદનશીલ ટિપ્પણીઓ કર્યા પછી, મલયાલમ ઉદ્યોગની ઘણી અગ્રણી અભિનેત્રીઓએ હાથ મિલાવ્યા. ઉદ્યોગની અગ્રણી અભિનેત્રીઓ મંજુ વોરિયર, પાર્વતી, ભાવના, અંજલિ મેનન, ગીતુ મોહનદાસ, વિધુ વિન્સેન્ટ, રીમા કલિંગલ, રામ્યા નમ્બિસન, દીદી દામોદરન અને સુરભી લક્ષ્મી મે ૨૦૧૭ માં મલયાલમ સિનેમામાં મહિલાઓ સાથે થતા ભેદભાવ અને વર્તન સામે વિરોધ કરવા માટે વૈચારિક રીતે સાથે આવી હતી , 'વુમન ઈન સિનેમા' (WCC) પહેલનો પાયો નાખવામાં આવ્યો હતો. ૧ નવેમ્બર ૨૦૧૭ ના રોજ, અભિનેત્રી રીમા કલિંગલે WCC એક સોસાયટી તરીકે નોંધણી કરાવી.WCC કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયનને મળ્યા અને તેમને સિનેમા સંબંધિત મહિલાઓની સમસ્યાઓનો અભ્યાસ કરવા અને પીડિત મહિલાઓને ન્યાય આપવા માટે પગલાં લેવા માટે નિષ્ણાત સમિતિની રચના કરવા કહ્યું. આ અરજી બાદ કેરળ સરકારે કેરળ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ કે. હેમાના નેતૃત્વમાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિમાં પીઢ અભિનેત્રી શારદા અને નિવૃત્ત આઈએએસનો સમાવેશ થાય છે. અધિકારી કે. બી. વલસાલા કુમારી પણ સભ્ય હતા.હેમા કમિટીએ ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ પોતાનો રિપોર્ટ સરકારને સુપરત કર્યો હતો. પરંતુ આ રિપોર્ટ બહાર આવ્યો ન હતો અને સરકારે ૫ વર્ષ સુધી રિપોર્ટ પર કોઈ કાર્યવાહી કરી ન હતી. ૬ જુલાઈ ૨૦૨૪ ના રોજ, કેરળના રાજ્ય માહિતી આયોગે, એક RTIના જવાબમાં, કેરળ સરકારને ૨૪ જુલાઈ સુધીમાં અહેવાલ જાહેર કરવાનો આદેશ આપ્યો, જેમાં વ્યક્તિઓની ઓળખ છતી થશે.રિપોર્ટની રજૂઆતની તારીખે જ, એક ફિલ્મ નિર્માતાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી કે આ અહેવાલને કારણે, સાક્ષી તરીકે, તેમના 'ગોપનીયતાના અધિકાર'નું ઉલ્લંઘન થઈ શકે છે અને તેમને 'બલિનો બકરો' બનાવવામાં આવી શકે છે. આ અરજી બાદ હાઈકોર્ટે સ્ટે લગાવી દીધો હતો. પરંતુ ૧૩ ઓગસ્ટના રોજ, કોર્ટે જાણ્યું કે રિપોર્ટને સાર્વજનિક કરવાથી કોઈના 'ગોપનીયતાના અધિકાર'નું ઉલ્લંઘન થશે નહીં અને જાહેર હિત માટે રિપોર્ટ જાહેર કરવો જરૂરી છે. કોર્ટના આદેશ બાદ હેમ કમિટિનો રિપોર્ટ ૧૯ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. અને આ રિપોર્ટ સામે આવતા જ મલયાલમ ઈન્ડસ્ટ્રીમાં ખળભળાટ મચી ગયો છે.


# ૫૫ વર્ષના સુપરસ્ટારે રશિયન છોકરી સાથે ત્રીજા લગ્ન કર્યા

**પવન દિગ્ગજ એક્ટર ચિરંજીવી અને અભિનેતા નિર્માતા નાગેન્દ્ર બાબૂના સૌથી નાના ભાઈ છે, રાજકારણમાં પણ દબદબો**

આ સુપરસ્ટારે કેટલીય બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે. આ સુપરસ્ટાર બોબી દેઓલ સાથે ૧૫૦ કરોડમાં બનેલી ફિલ્મ હરિ હરા વીરા મલ્લુમાં લીડ રોલમાં દેખાશે. આ સુપરસ્ટારના પહેલા લગ્ન ૧૯૯૯માં બીજા લગ્ન ૨૦૦૯ અને ત્રીજા લગ્ન ૨૦૧૩માં થયા હતા. એટલું જ નહીં આ વર્ષે સુપરસ્ટારે ભારે જીત પણ મેળવી અને આ રાજ્યના ડેપ્યુટી સીએમ પણ બની ગયા છે. આ સુપરસ્ટારનું નામ પવન કલ્યાણ છે. પવન આજે ૫૬ વર્ષના થઈ ગયા છે. આજે તેમને જન્મદિવસ છે. પવન દિગ્ગજ એક્ટર ચિરંજીવી અને અભિનેતા નિર્માતા નાગેન્દ્ર બાબૂના સૌથી નાના ભાઈ છે. તે રામચરણ, અલ્લૂ અર્જૂન અને સાઈ ધર્મ તેજ, વરુણ તેજ, નિહારિકા અને વૈષ્ણવ તેજના કાકા પણ છે.પવન કલ્યાણે વર્ષ ૧૯૯૭માં નંદિની સાથે લગ્ન કર્યા હતા, પણ ૧૯૯૯માં બંને અલગ થઈ ગયા. ૨૦૦૮માં તેમના છુટાછેડા થઈ ગયા. પવન કલ્યાણે બીજા લગ્ન ફિલ્મ બદ્રીની લીડ એક્ટ્રેસ રેણુ દેસાઈ સાથે કર્યા. રેણુ અને પવને કેટલાય વર્ષો સુધી ડેટિંગ કર્યું અને ૨૦૦૯માં લગ્ન કરી લીધા.પવન કલ્યાણ અને રેણુ દેસાઈના ૨૦૧૨માં છુટાછેડા ઈ ગયા. ત્યાર બાદ પવન કલ્યાણે રશિયન એક્ટ્રેસ અન્ના લેજનેવા સાથે ૨૦૧૩માં લગ્ન કર્યા. લગ્ન પહેલા બંને એક બીજાને ૨ વર્ષ સુધી ડેટ કર્યું.અન્ના લેઝનેવા અને પવન કલ્યાણની મુલાકાત ૨૦૧૧માં એક રોમેન્ટિક કોમેડી તીન મારના શૂટિંગ દરમ્યાન થઈ હતી. આ મુલાકાત પ્રેમમાં બદલાઈ ગઈ અને લગ્ન કરવાનો નિર્ણય લીધો. તેમને એક દીકરી પોલેના અંજના પવનોવા અને એક દીકરો માર્ક શંકર પવનોવિચ છે.તો વળી ફિલ્મોની સાથે સાથે પવન કલ્યાણે પોલિટિક્સમાં પણ હાથ અજમાવ્યો. તેણે વર્ષ ૨૦૦૮માં મોટા



ભાઈ ચિરંજીવી સાથે મળીને પ્રજા રાજ્યમ પાર્ટી બનાવી. ૨૦૦૯માં ચૂંટણીમાં પાર્ટી કંઈ ખાસ કરી શકી નહીં. ૨૦૧૧માં કોંગ્રેસ સાથે તે મળી ગઈ. પવન ખુદ પાર્ટીથી દૂર થઈ ગયા. પણ આંધ્ર પ્રદેશના રાજકારણમાં રસ લેતા રહ્યા. જેએસપી પ્રમુખ પવન કલ્યાણ પાર્ટી કાર્યાલયમાં એક બેઠકને સંબોધિત કરી રહ્યા હતા. પવને કહ્યું, 'શાસક પક્ષના કેટલાક લોકો અને મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડી પણ છેલ્લા કેટલાક દિવસોથી મને 'પેકેજ સ્ટાર' કહી રહ્યા છે. તેઓ આરોપ લગાવી રહ્યા છે કે હું ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના પ્રચાર માટે તેમની પાસેથી 'પેકેજ' લઉં છું. આમ કહેતાં અચાનક પવનનું વલણ બદલાઈ ગયું. તેણે પોતાનું ચંપલ ઉતાર્યું અને હાથમાં ઉપાડ્યું અને કહ્યું, 'આગલી વખતે જો કોઈ મને પૅકેજ સ્ટાર કહેશે તો હું તેને આ ચંપલ વડે મારીશ.' પવનનું સાચું નામ કોનિડેલા કલ્યાણ બાબૂ છે. પિતા કોનિડેલા વેંકટ રાવ કોન્સ્ટેબલ હતા અને તેમની નિયમિત બદલી થતી હતી. નાનપણથી પવનને અભ્યાસમાં રસ નહોતો. તેણે દસમું ધોરણ પાસ કર્યું ત્યાં સુધી તે ઘણી વખત નાપાસ થયો પરંતુ કરાટેમાં બ્લેક બેલ્ટ હતો. એક દિવસ માર્શલ આર્ટ પ્રેઝન્ટેશન ઈવેન્ટમાં તેણે પોતાનું નામ કલ્યાણ બાબૂને બદલે પવન કલ્યાણ લખાવ્યું અને અહીંથી તેનું નામ બદલાઈ ગયું.



# ઝાલોદ પોલિસે સિંઘમની જેમ ૨૭,૭૮,૬૨૮ નો વિદેશી દારૂનો મુદ્દામાલ ઝડપી પાડયો

## ટ્રક ચાલક દૂરથી પોલિસને જોઈ ટ્રક મુકીને નાસી છુટયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.3 ।

ઝાલોદ પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ એમ.એમ.માળી અને સે.પો.ઈ.સી.કે. સીસોદીયા પોલિસ સ્ટાફને સાથે રાખી રાજસ્થાન સરહદે આવેલ ધાવડીયા ચેક પોસ્ટ પર ગુનાહિત પ્રવૃત્તિ કરનારા ઈસમોની વોચ કરી ગાડી ચેક કરી રહેલ હતા તે દરમિયાન ચેક પોસ્ટ પર એક અશોક લેલેન ટ્રક **RJ-27-GA-8166** મોનાડુંગર ( રાજસ્થાન) તરફથી ઝાલોદ (ગુજરાત) આવી રહેલ હતી ત્યારે દૂરથી પોલિસને ગાડીઓ ચેક કરતા જોતા ટ્રક ચાલક રસ્તા પર ગાડી મૂકી નાસી ગયેલ હતો. પોલિસ દ્વારા ટ્રક ડ્રાઈવરને દૂરથી નાસતા જોઈ પકડવા દોડયા હતા પણ ટ્રક ચાલક નાસી છુટયો હતો.

ઝાલોદ પોલીસ દ્વારા ટ્રક ચાલક નાસી જતાં ટ્રક ચેક કરવા જતા નીચેથી ગાડીમાં પી.ઓ.પી નો સિમેન્ટ ભરેલ જોવા મળ્યો હતો. પોલિસને વધુ શંકા જતા ટ્રકમાં ચઢી સિમેન્ટની થેલી ઉંચા નીચી કરી જોતા તેમાં વિદેશી દારૂનો જથ્થો જોવા મળ્યો હતો. પોલિસ દ્વારા ટ્રકને વધુ તપાસ માટે ઝાલોદ પોલિસ સ્ટેશન લાવી ટ્રકમા મુકેલ વિદેશી દારૂનો જથ્થો ઉતારી ગણવામાં આવતા ઈંગ્લીશ દારૂની કુલ ૩૨૬ પેટી જેમાં ૫૬૪૦ નંગ દારુની અંદાજિત કીમત ૧૭,૧૧,૧૨૮ અને ૧૦,૦૦,૦૦૦ તેમજ જીપ્સન કંપનીની પાઉડરની થેલી ૩૦૦ નંગ જેની કિમત ૬૭,૫૦૦ થઈ કુલ ૨૭,૭૮,૬૨૮ રૂપિયાનો મુદામાલ ઝડપી પાડયો હતો. પોલિસ દ્વારા નાસી છુટેલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. આમ પોલિસ દ્વારા આટલા મોટા પ્રમાણમાં દારૂ પકડી પાડવામાં આવતા નગરમાં સિંઘમની ભૂમિકામા પોલીસની સુંદર કામગીરીની પ્રસંશા કરવામાં આવી રહેલ છે.

# ઝાલોદ તાલુકામાં ફ્રોડ કોલ કરી રૂપિયાની છેતરપીંડીના બનાવોમા જોવા મળતો વધારો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.3 ।

ઝાલોદ તાલુકામા ફ્રોડ કોલ કરી રૂપિયા ઠગતી ઠગ ગેંગનો વધારો થતો જોવા મળી રહેલ છે. આજકાલ ઝાલોદ નગરમાં ઠગ વ્યક્તિ દ્વારા બેંકના અધિકારી બની, લોનની લાલચ આપી, નોકરીની લાલચ, ન્યૂડ વિડિયો કોલ કરી, નકલી સરકારી અધિકારી બની, નકલી કૉલર આઈડી નો ઉપયોગ કરી, સગા સંબંધી તેમજ મિત્રોના નામથી કોલ કરી, બેંકના ખોટા મેસેજ મોકલી, કુરિયર થકી, લોટરીની લાલચ આપી, કોઈ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી, ફ્રોડ લિંક મોકલી, આધાર અપડેટ કરાવવા જેવા અવનવા તુક્કા અજમાવી આમ જનતાને ફોસલાવી ફ્રોડ કોલ કરી છેતરપિંડી કરી રહેલ છે.

ઝાલોદ તાલુકામાં આજકલ અજાણ્યા કૉલર દ્વારા રૂપિયાની છેતરપિંડી કરી રહેલ હોવાના બનાવોમા વધારો થયેલ છે.તેથી તકેદારીના ભાગ રૂપે અજાણ્યા નંબર બને ત્યાં સુધી ઉપાડવા જોઈએ નહીં અને જો કોલ ઉઠાવી લીધેલ હોય તો કોઈપણ વ્યક્તિના નામથી જો રૂપિયાની માંગણી કરે તો ધ્યાન આપવું નહીં અને એવા અજાણ્યા કૉલરની કોઈપણ વાતોમાં ફસાવુ નહી. ઓનલાઈન ફ્રોડની નવી-નવી રીતો સામે આવી રહી છે, જેમાં સાયબર ગુનેગારો લોકોને જાળમાં ફસાવે છે. આમ, આ દિવસોમાં એક નવી રીત ચર્ચામાં છે જેમાં લોકો માત્ર એક ફોન કોલ કરીને લોકોનું બેંક એકાઉન્ટ ખાલી રહ્યાં છે

સાયબર ગુનેગારો અનેક ટેકનીકો અજમાવી બેંક એકાઉન્ટ કરી રહ્યાં છે. આજકલ ઓનલાઈન ફ્રોડની નવી-નવી રીતો સામે આવી રહી છે, જેમાં સાયબર ગુનેગારો લોકોને જાળમાં ફસાવે છે. આમ, આ દિવસોમાં એક નવી રીત ચર્ચામાં છે જેમાં લોકો માત્ર એક ફોન કોલ કરીને લોકોનું બેંક એકાઉન્ટ ખાલી રહ્યાં છે.ડિઝિટલ પેમેન્ટ જે રીતે લોકપ્રિય થઈ રહ્યુ છે એ રીતે સાઈબર ફ્રોડની ઘટનાઓ પણ વધી રહી છે. સાઈબર ગુનેગારો લોકોને ઠગવા માટેની નવી-નવી રીતો અજમાવી રહ્યાં છે. છેલ્લાં દિવસોમાં સાઈબર ફ્રોડનાં અનેક મામલા એવા સામે આવ્યા છે જેનાં વિશે સાંભળીને લોકોનું માથુ ફરવા લાગ્યું છે. આ માટે તમારા પર કોઈ઼ આવતો નથી અને સાથે કોઈ મેસેજ પણ આપતો નથી, તેમ છતાં બેંક એકાઉન્ટમાંથી પૈસા જતા રહે છે. આ બધુ સાયબર અપરાધી આધાર બેસ્ડ પેમેન્ટ સિસ્ટમનાં લૂપ-હોલનું ઉપયોગ કરી રહ્યાં હતા. જો કે આ રીતે ફ્રોડથી બચવા માટે લોકોએ ખાસ કરીને અનેક સાવધાની રાખવી ખૂબ જરૂરી છે. જેથી નગરના દરેક લોકો સાવધાન બને અને સતર્ક બને....

# ઝાલોદ શૈક્ષણિક સંસ્થા કેળવણી મંડળના સભ્યો દ્વારા સર્વ સંમતિથી બિન હરીફ રીતે ચુંટણી યોજાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.3 ।

તારીખ ૦૩-૧૦-૨૦૨૪ મંગળવારના રોજ સવારે ૧૦ વાગે ઝાલોદ નગરની સહુથી મોટી શૈક્ષણિક સંસ્થા એવી કેળવણી મંડળની ચૂંટણી યોજાઈ હતી. જૂના પ્રમુખ દિલીપ પટેલ તેમજ અન્ય હોદ્દેદારો મુદત પૂરી થતાં નવા હોદેદારોની નિમણૂક કરવા માટે કેળવણી મંડળના હોલમાં એક મીટિંગ રાખવામાં આવી હતી. કેળવણી મંડળમાં કુલ ૧૨ કારોબારી સભ્યો છે તે તમામ મીટીંગમાં હાજર રહેલ હતા. તમામ કારોબારી સભ્યો દ્વારા એક મતે કેળવણી મંડળના પ્રમુખ તરીકે અતુલ.એન.પટેલ, ઉપ પ્રમુખ હેમલ.આર. પંચાલ, મંત્રી ભરત. એસ.પટેલ તેમજ સહમંત્રી તરીકે રીકેશ.ડી. પટેલની નિમણૂક કરવામાં આવી હતી. દરેક કારોબારી સભ્યો દ્વારા સહુ હોદ્દેદારોને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી અને કેળવણી મંડળ વધુ પ્રગતિ કરે તે માટે ઉત્તમ કામગીરી કરવા પ્રેરિત કર્યા હતા.

# ઝાલોદ રામદ્વારા મંદિરમાં શ્રાવણ માસ નિમિતે ભાવિક ભક્તો દ્વારા નિત્ય અવનવા શૃંગાર દ્વારા ભોળાનાથની ભક્તિ કરવામા આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.3 ।

શ્રાવણ માસ ભગવાન ભોળાનાથનો સૌથી પ્રિય છે. આ મહિનામાં સોમવારનું વ્રત અને શ્રાવણ સ્નાન કરવાની પરંપરા છે. શ્રાવણ માસમાં બેલપત્રથી ભગવાન શિવજીની પૂજા કરવામાં આવે છે અને તેમને જળાભિષેક કરવું ખૂબ જ ફળદાયી માનવામાં આવે છે. શ્રાવણ મહિનામાં ભગવાન શિવજીની પૂજા આરાધનાનું વિશેષ વિધાન છે.શ્રાવણ માસ શિવજીની સાથે માતા પાર્વતીને પણ સમર્પિત છે. ભક્ત શ્રાવણ મહિનામાં સાચા મનથી અને સંપૂર્ણ શ્રદ્ધાની સાથે મહાદેવનું વ્રત ધારણ કરે છે અને તેમને શિવના આશીર્વાદ અવશ્ય પ્રાપ્ત થાય છે. વિવાહિત મહિલાઓ અને વૈવાહિક જીવનને સુખમય બનાવવા અને અવિવાહિત મહિલાઓ સારા પતિ માટે શ્રાવણમાં શિવજીનું વ્રત રાખે છે. ઝાલોદ નગરના સ્થાનિક શિવ ભક્તો દ્વારા શ્રાવણ માસ નિમિતે નિત્ય પૂજા,



અર્ચના કરવામાં આવતી હતી તેમજ પૂજા અર્ચના કર્યા બાદ દરરોજ શિવજીને અવનવા શણગાર કરવામાં આવતા હતા. દરરોજ રામદ્વારા મંદિરે ભોળાનાથના ભજન કીર્તન પણ કરવામાં આવતા હતા તેમજ આખા શ્રાવણ માસમાં હવન પૂજાનુ પણ વિશેષ આયોજન કરવામાં આવેલ હતું. તેમાં ભાવિક ભક્તો પૂરા ભક્તિ ભાવ સાથે નિત્ય દરેક પૂજામાં સામેલ થઈ ભોળાનાથની આરાધનાનુ ફળ મેળવતા હતા.

# ઝાલોદ નગરમાં શ્રાવણ મહિનાની પૂર્ણાહુતિ નિમિત્તે નગરમાં શંકર સવારી અને ભોલેકા ભંડારાનું આયોજન કરાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.3 ।

ઝાલોદ નગરના સોમનાથ મહાદેવ મંદિર કમિટી દ્વારા આખાં શ્રાવણ માસ દરમિયાન વિવિધ ધાર્મિક પ્રોગ્રામો રાખી સહુ નગરજનોને ભોલેનાથની ભક્તિમાં રંગી રાખેલ હતા. શ્રાવણ મહિના દરમ્યાન ભોલેનાથ ભગવાનને મંદિરમાં નિયમિત રીતે વિશેષ રાજભોગ, વિશેષ શણગાર, દૂધ જળ બીલીપત્રની સેવા, નગરની વિવિધ મંડળીઓ દ્વારા ભજન કીર્તન, તેમજ છેલ્લા ત્રણ દિવસ લઘુરુદ્ર પૂજાપાઠ દ્વારા હોમાત્મક હવન પૂજા રાખવામાં આવેલ હતી. આ દરેક ધાર્મિક પ્રોગ્રામોનો લાભ નગરના લોકોએ ઉત્સાહ પૂર્વક લીધો હતો.

આજરોજ તારીખ ૦૨-૦૯-૨૦૨૪ ના સોમવારના અમાવધ્યાના રોજ પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહુતિ નિમિત્તે દેવાધિદેવ મહારાજાધી-રાજ ભોલેનાથની શોભાયાત્રા નગરમાં કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં ભોલેનાથના ભક્તો મોટા પ્રમાણમાં જોડાયેલ હતા. આજના શ્રાવણ મહિનાની એક ખાસિયત એ હતી કે સોમવારના રોજ શ્રાવણ મહિનો પૂરો થયો હતો તેથી સવારથી સોમવાર તેમજ વિશેષમાં શ્રાવણનો છેલ્લો સોમવાર એટલે ભક્તો દર્શન કરવા વધુ પ્રમાણમાં મંદિરે આવેલ હતા. દરેક ભક્તોના ચહેરા પર ભોળાનાથ ભાગવાની સેવા પૂજા કર્યાનો અનેરો આનંદ જોવા મળતો હતો. આજના શ્રાવણ મહિનાના છેલ્લા દિવસે શંકર સવારીનુ આયોજન કરવામાં આવ્યું હતું જે શોભાયાત્રા સોમનાથ મહાદેવથી નીકળી નગરના માર્ગો પર ફરી હતી. સ્વયંભૂ મહાદેવ અધિકમાસ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

અને શ્રાવણ મહિનાનું પુણ્ય આપવા માટે નગરમાં ભોલેના ભક્તોને આશીર્વાદ આપવાં નીકળ્યા હોય તેવું લાગતું હતું. ભોલેનાથની સવારી જોવા તેમજ તેમના આશીર્વાદ લેવા નગરના લોકો મોટા પ્રમાણમાં જોડાયા હતા અને ભક્તો ભોલેનાથની ભક્તિમાં લીન જોવા મળતા હતા. ભોલેનાથની શોભાયાત્રા નગરમાં મુખ્ય માર્ગો પર ફરી હતી. આ શોભાયાત્રા દરમ્યાન ઝાલોદ નગર ભોલેનાથના ભાવિક ભક્તો ભક્તિના રંગે રંગાઈ ગયેલ જોવા મળતા હતા. શોભાયાત્રા દરમ્યાન ધાર્મિક ભજન સાથે ભોળાનાથના જયજયકાર સાથે વાતાવરણ ગુંજી ઉઠયું હતું. આ શોભાયાત્રામાં દરેક સામાજના મહિલા મંડળ, યુવક મંડળ, યુવક, યુવતીઓ, મહિલાઓ, વડીલો તેમજ બાળકો મોટા પ્રમાણમાં જોડાયા હતા. છેલ્લે શોભાયાત્રાની પૂર્ણાહુતિ નિમિત્તે સોમનાથ મહાદેવ મંદિરે મહાઆરતી તેમજ ભોલેકા ભંડારાનું આયોજન ઉપસ્થિત સહુ ભક્તો માટે સોમનાથ મહાદેવ કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું.

# દાહોદ જિલ્લા પંચાયતના માજી સભ્ય દારૂના કેશમાં ભાગેડુ સરદારસિંહ પૂજારા મોટી ખજૂરી ગામેથી ઝડપાયો

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.3 ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ તાલુકા ના મોટી ખજૂરી ગામ રહેતા સરદારસિંહ પૂજારા પોતા ની માલિકી ના ટ્રેક્ટર ની ટ્રોલી માં દારૂ ભરી આવે છે તેવી દેવગઢ બારીઆ પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન પોલીસ ને બાતમી મળી હતી કે મોટી ખજૂરી ગામ ના સરદારસિંહ પૂજારા દ્વારા ટ્રેક્ટર ની ટ્રોલી ઈંગ્લીશ દારૂની પેટીઓ ભરી પોતા ના ઘર પાસે ઉભુ રાખેલ છે તે બાતમી ના આધારે પોલીસે છાપો મારતાં સ્થળ પર ટ્રેક્ટર ની ટ્રોલી નો



તપાસ કરતા તેમાં થી ઈંગ્લીશ દારૂ મળી આવેલ અને તે પહેલાં જ સરદારસિંહ પૂજારા ભાગી ગયેલ પોલીસ જોઈ તે આજ રોજ પોલીસ ને બાતમી મળતા પોતા ઘરે થી ઝડપી પાડી જેલ ના સળિયા પાછળ નાખી આગળ ની તપાસ કરી કાયદેસર ની કાર્યવાહી કરી છે.

# ઝિંદગી DTHની સપ્ટેમ્બર લાઈન-અપમાં શક્તિશાળી મહિલા પાત્રો જોવા મળશે

। અમદાવાદ, તા.3 ।

દુનિયા તેમની પોતાની રીતે મહિલા સશક્તિકરણ વિશે વાત કરી રહી છે ત્યારે તેને ઝિંદગી શ્રેષ્ઠ મહિલા પ્રેરિત ડ્રામા સાથે સપ્ટેમ્બરમાં દર્શકોને ડોકિયું કરાવીને પોતાની શ્રેષ્ઠ રીતે સમર્થન આપે છે. પ્રેમ અને પ્રેમભંગની હૃદયસ્પર્શી વાર્તાથી લઈને સ્થિતિસ્થાપકતાની પ્રેરણાત્મક વાર્તાઓ સુધી લાઈન-અપ દરેક મૂડ અને લાગણીઓ માટે કાંઈક ઓફર કરે છે. આરંભમાં ઝિંદગી **DTH** બે નવા શો પ્રદર્શિત કરવા પણ સુસજ્જ છે. ૩જી સપ્ટેમ્બરે સાંજે ૭.૩૦ વાગ્યાથી આરંભ કરતાં કોઈ ચાંદ રખમાં ઈમરાન અબ્બાસ, આયેઝા ખાન, અરીબા હબીબ, મુનીબ બટ્ટ જેવા કલાકારો છે. પ્રેમ અને ઈર્ષા વિશે ગૂંચભર્યા સંબંધોની આ વાર્તા છે. આ પછી બડી આપામાં સવેરા નદીમ મુખ્ય ભૂમિકામાં છે. યોગાનુયોગ તેની રિલીઝથી શોની ૧૧મી એનિવર્સરી પણ છે.

૧૧ સપ્ટેમ્બરે રાત્રે ૯ વાગ્યાથી હમ કહાં કે સચ્ચે થે દર્શાવવામાં આવશે. આ રોચક ડ્રામામાં માહિરા ખાન અને કુબ્રા ખાન છે, જે બાળપણના આઘાત અને સામાજિક દબાણોમાંથી પસાર થતા બે કઝિન વચ્ચે ગૂંચભર્યા સંબંધોની વાર્તા છે. વેર જ્યારે બહેનપણું તોડવાનું શરૂ કરે ત્યારે શું થાય છે? હમ કહાં કે સચ્ચે થેમાં મશલ તરીકે



ભૂમિકા વિશે બોલતાં કુબ્રા ખાન કહે છે, “મને મશલનું પાત્ર ભજવવાની તક મળી તે માટે આભારી છું. સિરીઝમાં આ પાત્ર અસલામતી હોય કે નિર્બળતા, તેના સ્વભાવ અનુસાર છે. જીવન બ્લેક એન્ડ વ્હાઈટ નથી. તેની સાથે નકારાત્મક પાસાં પણ આવે છે અને દરેક લોકો પોતાની રીતે તેમની વાસ્તવિકતા સાથે લેણદેણ કરે છે. આ સૌથી પડકારજનક અને બહુસ્તરીય પાત્રમાંથી એક હતું. અમને શો રિલીઝ થયો ત્યારે પાકિસ્તાની દર્શકો પાસેથી ભરપૂર પ્રેમ અને સરાહના મળ્યા છે અને મને આશા છે કે આ મહિને ઝિંદગી **DTH** સર્વિસીસ પર પ્રસારિત થશે ત્યારે અમારા ભારતીય દર્શકો પાસેથી પણ આવો જ પ્રતિસાદ મળશે.

# વલસાડની કોમર્સ કોલેજમાં “કેરિયર ઈન બેન્કિંગ” વિષય પર સેમિનાર યોજાયો

। (માહિતી) વલસાડ, તા.3 ।

વલસાડની શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજમાં એમ.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ “કરિયર ઈન બેંક્િંગ એન્ડ ફાયનાન્સીયલ સેક્ટર” વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિષય નિષ્ણાત તરીકે વલસાડની સરદાર ભીલાડવાળા સહકારી બેંક લિમિટેડના જનરલ મેનેજર સિધ્ધાર્થ શુક્લાએ સેવા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને બેંક્િંગ રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો, ફોરેન બેંકો, ફાઈનાન્સિયલ કોર્પોરેશન, ખાનગી બેંકો, નોન બેંક્િંગ ફાઈનાન્સિયલ કંપની વગેરેમાં જુદી જુદી ખાલી પોસ્ટ પર રહેલી કારકિર્દીની તકો અને ભરતી પ્રક્રિયા, પરીક્ષા પદ્ધતિ મુજબ સિલેબસની તૈયારી, ઉપયોગી મટીરીયલ, રેફરન્સ પુસ્તકો, વેબસાઈટ, ભરતીની જાહેરાત, કર્મચારીને મળતા લાભો તથા વિવિધ નાણાકીય સંસ્થાઓની કાનૂની સ્થિતિ તથા કામગીરીની પદ્ધતિ વિશે વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓ સાથે ઈન્ટરેકસન કર્યુ હતું.

# ઝાવડાના પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેતાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલ

। (માહિતી) ડાંગ, તા.3 ।

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં આજે ભારે વરસાદ નોંધાયો હતો. જેને પગલે વઘઈથી નજીક આવેલા ઝાવડા ગામમાં અતિભારે વરસાદના સમાચાર મળતા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક-વ-ડાંગ જિલ્લાના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ, ગામની મુલાકાત લીધી હતી. ઝાવડા ગામમાં સર્વત્ર પાણી ભરાઈ જતાં ગામમાં જળબંબા-કારની પરિસ્થિતિનું નિમાર્ણ થયું હતુ. આ ગામની બે દુકાનોમાં સંપુર્ણ પાણી ભરાઈ જતાં દુકાનનો સામાન પાણીમાં તણાઈ ગયો હતો. શ્રી વિજયભાઈ પટેલે સ્થાનિક વહિવટી તંત્રના અધિકારીશ્રીઓ, સાથે ગામની મુલાકાત લઈ નુકશાની અંગે સમીક્ષા હાથ ધરી હતી. તેમજ નુકસાન પામેલા ઘર, દુકાનો, ખેતી વિગેરેનો સર્વે કરી તાત્કાલિક સહાય અને વળતર ચુકવણાં અંગે અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપ્યું હતુ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. બહેનના લગ્નના સમાચાર તમને ખુશખુશાલ કરી મુકશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. જૂનાં સંપર્કો તથા મિત્રો મદદરૂપ સાબિત થશે. કેટલાક માટે લગ્નની શરણાઈના સૂર સંભળાય છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે. તમને ધિક્કારનાર વ્યક્તિને તમે જો હેલ્લો કહેશો તો કામના સ્થળે આજે દિવસ તમારી માટે ખરેખર અદભુત બની શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. લાયક કર્મચારીઓ માટે નાણાકીય લાભો તથા બઢતી.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો.




૩ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં ૧૨-દિવસીય અખિલ ભારતીય NCC થલ સૈનિક શિબિરનો પ્રારંભ થયો.

# 'મણિપુરમાંથી કેન્દ્રીય સુરક્ષા દળોને પાછા ખેંચવા જોઈએ...'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

મણિપુરમાં બધું સારું નથી. હિંસાની ઘટનાઓએ રાજ્ય સરકારથી લઈને કેન્દ્ર સરકાર સુધીની સમસ્યાઓમાં વધારો કર્યો છે. દરમિયાન, ભાજપના ધારાસભ્ય રાજકુમાર ઈમો સિંહે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને પત્ર લખ્યો છે અને સરકારને વિનંતી કરી છે કે જો તેઓ હિંસા અસરકારક રીતે રોકવામાં અસમર્થ હોય તો રાજ્યમાંથી કેન્દ્રીય દળોને પાછા ખેંચી લે. રાજકુમાર મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહના જમાઈ પણ છે. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, જો કેન્દ્રીય દળો હિંસા રોકવામાં સફળ ન થાય, તો તેમને પાછા ખેંચી લેવા જોઈએ અને વંશીય સંઘર્ષગ્રસ્ત રાજ્યમાં શાંતિ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરવા માટે રાજ્ય સુરક્ષા કર્મચારીઓને જવાબદારી સંભાળવાની મંજૂરી આપવી જોઈએ. તેમણે દલીલ કરી હતી કે મણિપુરમાં લગભગ ૬૦ હજાર કેન્દ્રીય દળોની હાજરી હોવા છતાં, શાંતિ પુનઃસ્થાપિત થઈ શકી નથી.પ્રિન્સ ઈમો સિંહે કહ્યું કે મણિપુરમાં લગભગ ૬૦,૦૦૦ કેન્દ્રીય દળોની હાજરી હોવા છતાં, શાંતિ પુનઃસ્થાપિત થઈ નથી, તેથી આવા દળોને દૂર કરવું વધુ સારું છે જે મોટે ભાગે મૂક દર્શક તરીકે હાજર હોય છે. તેમણે રાજ્ય સરકાર અને જનતાના સહકારના અભાવે આસામ રાઈફલ્સના કેટલાક એકમોને પાછા ખેંચવાનો પણ ઉલ્લેખ કર્યો.તેમણે કહ્યું કે, અમે આસામ રાઈફલ્સના કેટલાક એકમોને હટાવવાની કાર્યવાહીથી ખુશ છીએ જે રાજ્ય સરકાર અને જનતાને સહકાર આપી રહ્યા ન હતા, પરંતુ જો આ અન્ય કેન્દ્રીય દળોની હાજરી પણ હિંસા રોકી શકતી નથી તો તેમને હટાવવા જોઈએ અને રાજ્ય સરકાર દળો ભગવાન આદેશ લેવા અને શાંતિ લાવવા માટે પરવાનગી આપે છે.

### બાઈક સવાર હુમલાખોરોએ ગોળી મારી

# કુખ્યાત ગેંગસ્ટર અમરનાથ સિંહના મોટા ભાઈની જાહેરમાં હત્યા કરાઈ

। (એજન્સી) ઝારખંડ, તા.૩ ।

ઝારખંડના જમશેદપુરમાં કુખ્યાત ગેંગસ્ટર અમરનાથ સિંહના ભાઈની જાહેરમાં હત્યા કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે હુમલાખોરોએ અમરનાથના મોટા ભાઈ ડબલ્યુ સિંહને જાહેરમાં ગોળી મારી દીધી છે. માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી કેસ નોંધીને મામલાની તપાસ શરૂ કરી છે. તમને જણાવી દઈએ કે ગેંગસ્ટર અમરનાથ સિંહની ગયા વર્ષે જ હુમલાખોરોએ હત્યા કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના મોડી સાંજે જમશેદપુરના મેંગોના શાંતિ નગર વિસ્તારમાં બની હતી. હુમલાખોરોએ ડબલ્યુ સિંહના ઘર પાસે આ ઘટનાને અંજામ આપ્યો હતો. ગેંગસ્ટર અમરનાથ સિંહનો મોટો ભાઈ ડબલ્યુ સિંહ સરકારી કર્મચારી હતો. તે સિંચાઈ વિભાગમાં નોકરી કરતો હતો. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.આ મામલો જમીન વિવાદ હોવાનું માનવામાં આવે છે. પૂછપરછ દરમિયાન ડબલ્યુ સિંહના પરિવારના સભ્યોએ કેટલાક લોકોના નામ જાહેર કર્યા છે. પોલીસે જણાવેલ નામોના આધારે ધરપકડ કરવા માટે દરોડા શરૂ કર્યા છે.જમશેદપુર સિટી એસપી ઋષભ ગર્ગના જણાવ્યા અનુસાર, પોલીસને ફાયરિંગની માહિતી મળી હતી, ત્યારબાદ જ્યારે પોલીસ ઘટનાસ્થળે પહોંચી તો ત્યાં ડબલ્યુ સિંહ નામના વ્યક્તિની લાશ પડી હતી. પ્રત્યક્ષદર્શીઓની પૂછપરછ પર તેઓએ જણાવ્યું કે હુમલો કરનાર બે આરોપીઓ બાઈક પર સવાર થઈને આવ્યા હતા. આ પ્રાથમિક માહિતી બાદ પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજને સ્કેન કરવાનું શરૂ કર્યું છે. તમને જણાવી દઈએ કે જમશેદપુરમાં છેલ્લા કેટલાક મહિનામાં ફાયરિંગની ઘણી ઘટનાઓ સામે આવી છે. લગભગ ૫ મહિના પહેલા ૬ એપ્રિલે પણ ફાયરિંગની ઘટના સામે આવી હતી. તે બાબત વ્હિસલબ્લોઈંગ સાથે સંબંધિત હતી. વાસ્તવમાં આરપીએફએ મોહમ્મદ અફઝલના ઘરે દરોડો પાડ્યો હતો.આરપીએફને શંકા હતી કે કેટલાક લોકો ફૂડ કોપ ોરેશન ઓફ ઈન્ડિયા (FCI) ના ચોખાને જુગસલાઈ ખાતે માલસામાન ટ્રેનમાં ઉતારે છે. આ કેસમાં અફઝલને શંકા હતી કે સરફરાઝ નામના યુવકે તેને જાણ કરી હતી. અફઝલ અને તેના સાથીઓએ સરફરાઝને એક ઘરમાં બંધ કરી દીધો હતો, ત્યારબાદ સરફરાઝનો નાનો ભાઈ હસન ત્યાં પહોંચ્યો અને અફઝલને ગોળી મારી દીધી.

### બાંગ્લાદેશના નિષ્ણાતે ભારતને આપી સલાહ

# 'શેખ હસીના વિશે પહેલેથી જ ચેતવણી આપી હતી...'

। (એજન્સી) ઢાકા, તા.૩ ।

બાંગ્લાદેશના એક ટોચના નીતિ વિશ્લેષકે કહ્યું છે કે સ્થિતિ સુધરવાની રાહ જોયા વિના ભારતે બાંગ્લાદેશ પ્રત્યેની તેની કૂટનીતિ બદલવાની જરૂર છે. તેમણે કહ્યું છે કે બાંગ્લાદેશમાં સરકાર બદલાયા બાદ ભારત હવે તેની પરંપરાગત કૂટનીતિનું પાલન કરીને બાંગ્લાદેશ સાથે સંબંધો સુધારી શકશે નહીં, પરંતુ તેમાં બદલાવ આવવો જોઈએ.'ધ હિન્દુ' સાથેની મુલાકાતમાં બાંગ્લાદેશ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પીસ એન્ડ સિક્યુરિટી સ્ટડીઝ ના પ્રમુખ મેજર જનરલ એ.એન.એમ. મુનીરુઝમાને (નિવૃત્ત) ભારતના નીતિ ઘડવૈયાઓને પરિસ્થિતિ બદલાવાની રાહ જોયા વિના બાંગ્લાદેશના રાજકીય સ્પેક્ટ્રમમાં તમામ પક્ષો સાથે જોડાણ કરવા જણાવ્યું છે.તેમણે કહ્યું, 'ભારતે બાંગ્લાદેશના તમામ રાજકીય પક્ષો સાથે જોડાવું જોઈએ. ૫મી ઓગસ્ટની ઘટનાઓ પછી બાંગ્લાદેશનું રાજકારણ પહેલા જેવું રહ્યું નથી અને આ સ્થિતિમાં પહેલાથી જ અસ્તિત્વમાં રહેલી કૂટનીતિ જાળવી શકાતી નથી. ભારતે આ વાતને જલદી સમજીને રીસેટ બટન દબાવવાની જરૂર છે.તેમણે કહ્યું કે હસીના સરકારના અંતને દ્વિપક્ષીય સંબંધોના અંત તરીકે જોવાની જરૂર નથી પરંતુ ભારતીય નીતિ નિર્માતાઓએ બાંગ્લાદેશના વાસ્તવિક હિતધારકો એટલે કે ત્યાંના લોકો સાથે જોડાવાની જરૂર છે. ૪ ઓગસ્ટના રોજ શેખ હસીના સરકારના પતન બાદ બાંગ્લાદેશમાં નોબેલ પુરસ્કાર વિજેતા ડૉ. મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકારની રચના કરવામાં આવી છે. આ સરકારે શેખ હસીનાનો વિરોધ કરી રહેલા લોકોને અને બાંગ્લાદેશના વિદ્યાર્થી સંગઠનોને નિર્ણય લેવાની સત્તા આપી છે. એક્સપર્ટ મુનીરુઝમાન છેલ્લા કેટલાક સમયથી શેખ હસીના સરકારની ઘટી રહેલી લોકપ્રિયતા વિશે વાત કરી રહ્યા છે. નિવૃત્ત મેજર જનરલ સંયુક્ત રાષ્ટ્રમાં પ્રસિદ્ધ શાંતિ રક્ષક રહી ચૂક્યા છે અને તેઓ યાદ કરે છે કે તેમણે શેખ હસીના સરકારના ભવિષ્ય વિશે ઘણી વખત ભારતને ચેતવણી આપી હતી.

### જાહેર સ્થળે બોલવા પર પણ પ્રતિબંધ

# તાલિબાનોએ અફઘાન મહિલાઓ પર હુમલો કર્યો

। (એજન્સી) અફઘાનિસ્તાન, તા.૩ ।

અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસને નવા નૈતિકતા કાયદાનો કડક અમલ કરવાની સૂચના આપી છે. સર્વોચ્ચ નેતા હિબતુલ્લા અખુન્દઝાદાએ અફઘાન અધિકારીઓને તેનો અમલ કરવા કહ્યું છે, જે મહિલાઓના અધિકારોને નોંધપાત્ર રીતે મર્યાદિત કરે છે. તાલિબાન અધિકારીઓએ ગયા મહિને આ કાયદાની જાહેરાત કરી હતી, જેમાં ૩૫ કલમો છે. જેમાં મહિલાઓને ઘરની બહાર નીકળતી વખતે પોતાનો ચહેરો અને શરીર ઢાંકીને રાખવા અને અવાજ ઓછો રાખવા માટે કહેવામાં આવ્યું છે. ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં સત્તા સંભાળ્યા પછી જ, તાલિબાને બિનસત્તાવાર રીતે મહિલાઓ માટે તેમના ચહેરા અને શરીરને ઢાંકવાનો આદેશ જારી કર્યો.હવે વૈશ્વિક માનવાધિકાર સંગઠનોએ નૈતિકતાના કાયદા બનાવવા બદલ તાલિબાન શાસનની ટીકા કરી છે. સર્વોચ્ચ નેતા અખુંદઝાદાએ નાગરિક અને લશ્કરી સત્તાવાળાઓને "સમાજમાં નૈતિકતાને પ્રોત્સાહન આપતા કાયદા" લાગુ કરવા સૂચના આપી છે.નવા કાયદા હેઠળ મહિલાઓને જાહેરમાં અવાજ ઉઠાવવા પર પ્રતિબંધ રહેશે અને તેમના માટે આખું શરીર અને ચહેરો ઢાંકવો ફરજિયાત રહેશે.

### યાગી વાવાઝોડાની તબહિમાં ૧૪ લોકોના ગયા જીવ

# ફિલિપાઇન્સમાં જોરદાર તોફાન સાથે પૂર અને ભૂસ્ખલન

। (એજન્સી) ફિલિપાઇન્સ, તા.૩ ।

ઉત્તરીય ફિલિપાઈન્સમાં મંગળવારે જોરદાર તોફાનના કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓમાં ૧૪ લોકોના મોત નીપજ્યા. આપત્તિ પ્રતિભાવ અધિકારીઓએ આ વિશે જાણકારી આપી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉષ્ણકટિબંધીય તોફાન યાગી ઈલોકોસ નોર્ટે પ્રાંતના પાઓય શહેરથી થતાં દક્ષિણ ચીન સાગરમાં ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી ટકરાયુ અને તેની ઝડપ ૧૨૫ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી ગયુ. સમુદ્રથી ઉત્તર-પશ્ચિમની દિશામાં દક્ષિણ ચીન તરફ વધવા દરમિયાન યાગી ચક્રવાતી તોફાનનું રૂપ ધારણ કરે તેવી શક્યતા છે. ઉત્તરીય ફિલિપાઈન્સના મોટાભાગના



પ્રાંતોમાં તોફાનની ચેતવણી જારી કરવામાં આવી છે. લોકોને વરસાદથી પ્રભાવિત પહાડી ગામોમાં ભૂસ્ખલન અને દેશના સૌથી વધુ વસતી વાળા વિસ્તાર લૂજોનના નીચલા વિસ્તારોમાં પૂરના જોખમ પ્રત્યે સતર્ક કરવામાં આવ્યા છે.

સ્થાનિક સ્તરે એનટેંગ નામથી જાણીતા યાગી તોફાનથી ફિલિપાઈન્સમાં ચોમાસાનો વરસાદ વધ્યો છે. ગાઢ વસતી ધરાવતા મનીલા અને લૂજોનમાં મૂશળધાર વરસાદના કારણે મંગળવારે પણ સ્કુલ અને સરકારી કાર્યાલય બંધ રહ્યા. એન્ટિપોલોના આપત્તિ શમન અધિકારી એનરિલિટો બર્નાર્ડો જુનિયરે જણાવ્યુ કે ઉત્તરી અને મધ્ય પ્રાંતોમાં ભૂસ્ખલન, પૂર અને નદીઓમાં તોફાનના કારણે ૧૪ લોકોના મોત નીપજ્યા. બર્નાર્ડોએ જણાવ્યુ કે પૂરમાં ઘણા ઘર વહી જવાના કારણે ચાર ગ્રામજનો ગુમ થવાના સમાચાર છે. તોફાનને જોતાં સમુદ્રી યાત્રા પર રોક અને ૩૪ ફ્લાઈટને રદ કરવાના કારણે સોમવારે બંદર અને એરપોર્ટ પર હજારો મુસાફરો ફસાઈ ગયા.

# બ્રિટનનો મોટો નિર્ણય : ઈઝરાયેલને હથિયારોની નિકાસ ઉપર પ્રતિબંધ

। (એજન્સી) ઈઝરાયેલ, તા.૩ ।

બ્રિટનના વિદેશ મંત્રી ડેવિડ લેમીએ હાઉસ ઓફ કોમન્સમાં એક નિવેદન જારી કરીને કહ્યું કે ૩૫૦માંથી ૩૦ હથિયારોના નિકાસ લાઈસન્સ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. જો કે, સ્પષ્ટતા કરવામાં આવી છે કે હથિયારોના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે નહીં. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે બ્રિટને મોટી જાહેરાત કરી છે. બ્રિટને ઈઝરાયેલમાં નિકાસ કરવામાં આવતા કેટલાક હથિયારો પર આંશિક પ્રતિબંધ લગાવી દીધો છે. બ્રિટનને આશંકા છે કે આ હથિયારોના ઉપયોગથી આંતરરાષ્ટ્રીય માનવાધિકાર કાયદાનું ગંભીર ઉલ્લંઘન થઈ શકે છે.બ્રિટનના વિદેશ મંત્રી ડેવિડ લેમીએ હાઉસ ઓફ કોમન્સમાં નિવેદન જારી કરીને કહ્યું કે ૩૫૦માંથી ૩૦ હથિયારોના નિકાસ લાયસન્સ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. જો કે સ્પષ્ટતા કરવામાં આવી છે કે હથિયારોના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવશે નહીં. બ્રિટનની શાસક લેબર પાર્ટીની સરકાર ગાઝામાં યુદ્ધ વચ્ચે ઈઝરાયલ સામેના કડક વલણ માટે દબાણ હેઠળ હતી. આ વર્ષે જુલાઈમાં યોજાનારી ચૂંટણીમાં લેબર પાર્ટી સત્તામાં છે અને સત્તામાં આવ્યા બાદ તેમણે આ નિર્ણય લીધો છે.લેમીએ સાંસદોને જણાવ્યું હતું કે બ્રિટનના નિકાસ લાયસન્સની સમીક્ષા કરવાની સરકારની જવાબદારી છે.

તે ખૂબ જ ખેદ સાથે છે કે હું ગૃહને જાણ કરું છું કે સમીક્ષા દરમિયાન તે સ્પષ્ટ થઈ ગયું છે કે ઈઝરાયેલ ખરેખર માનવ અધિકાર કાયદાના ગંભીર ઉલ્લંઘનમાં કેટલાક બ્રિટિશ શસ્ત્રોનો ઉપયોગ કરી શકે છે.જો કે, બ્રિટન ઈઝરાયેલને સીધા હથિયારો સપ્લાય કરતું નથી. તેના બદલે, તે કેટલીક બ્રિટિશ કંપનીઓને ઈઝરાયેલને શસ્ત્રો વેચવા માટે નિકાસ લાઈસન્સ આપે છે. યુકે સરકારે આ નિર્ણય વ્યૂહાત્મક નિકાસ લાઈસન્સિંગ માપદંડ હેઠળ લીધો છે, જે માનવતાવાદી કાયદાના ઉલ્લંઘનના જોખમના આધારે લેવામાં આવ્યો છે.

### હાઉસ ઓફ કોમનમાં ગાઝાના સમર્થનમાં કામ કરશે

# બ્રિટનઃ મુસ્લિમ સાંસદોએ સ્વતંત્ર ગઠબંધન બનાવ્યું

। (એજન્સી) બ્રિટન, તા.૩ ।

લેબર પાર્ટીના નેતા જેરેમી કોર્બીને અન્ય ચાર સ્વતંત્ર સાંસદો સાથે મળીને હાઉસ ઓફ કોમન્સમાં સંયુક્ત રીતે પાંચમું સૌથી મોટું જૂથ બનાવ્યું છે. નવા સ્વતંત્ર ગઠબંધન, જે ગ્રીન પાર્ટી કરતા વધારે છે અને રિફોર્મ યુકે સાંસદોની સંખ્યા સાથે મેળ ખાય છે, તેણે વધુ સભ્યોની ભરતી કરવાની માંગ કરી છે.

કોર્બીનના સાત સાથીઓને સંસદીય લેબર પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જુલાઈની ચૂંટણીમાં, જૂથના તમામ પાંચ સભ્યોએ પેલેસ્ટાઈન તરફી વલણ અપનાવીને મુસ્લિમ વસ્તીવાળા મતવિસ્તારોમાં લેબર પ ાર્ટીના ઉમેદવારોને હરાવ્યા હતા. સ્વતંત્ર ગઠબંધનનું કહેવું છે કે તેઓ ચૂંટણી પ્રચાર માટે તેમના નવા પ્લેટફોર્મનો ઉપયોગ કરશે. આ સંગઠનો ઈઝરાયેલને હથિયારો વેચવાની વિરુદ્ધ છે.મળતી માહિતી મુજબ, લેબર પાર્ટીના પૂર્વ નેતા જેરેમી કોર્બીને સોમવારે નવા 'સ્વતંત્ર ગઠબંધન'ની રચનાની જાહેરાત કરી છે. આ જોડાણ પેલેસ્ટાઈન તરફી વલણ સાથે છે. આ જોડાણમાં ચાર



નવા ચૂંટાયેલા બ્રિટિશ મુસ્લિમ સાંસદોનો સમાવેશ થાય છે. જેમાં ભારતીય મૂળના શૌકત આદમ અને ઈકબાલ મોહમ્મદ અને પાકિસ્તાની મૂળના અયુબ ખાન અને અદનાન હુસૈનનો સમાવેશ થાય છે. આ ગઠબંધન ૪ જુલાઈના રોજ યોજાયેલી સામાન્ય ચૂંટણીઓ મજબૂત ઈઝરાયેલ વિરોધી મંચ પર લડ્યું હતું. હવે, આ સાંસદો સત્તાવાર સંસદીય જૂથ તરીકે હાઉસ ઓફ કોમન્સ (યુકે સંસદ)ની ચર્ચાઓ અને સમિતિઓમાં ભાગ લેવાની આશા રાખે છે, જેથી તેઓ સંસદમાં વધુ સારું પ્રતિનિધિત્વ મેળવી શકે.

નવા ગઠબંધને તેના નિવેદનમાં જણાવ્યું હતું કે, "અમને અમારા મતદારો દ્વારા અંધકારમય સંસદમાં આશાની કિરણ તરીકે ચૂંટવામાં આવ્યા હતા." તેમણે સરકારની નીતિઓની ટીકા કરતા કહ્યું કે, સરકારે ૧૦ મિલિયન પેન્શનરોના શિયાળુ બળતણ ભથ્થાને નાબૂદ કરી દીધું છે.

બે બાળકો માટેનું ભથ્થું બંધ કરી દીધું છે અને ઇઝરાયલને શસ્ત્રોનું વેચાણ બંધ કરવાના કોલની અવગણના કરી છે.લેબર પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા બાદ કોર્બીને લંડનના ઈસ્લિંગ્ટન નોર્થ બરોમાંથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી અને લેબર પાર્ટીના ઉમેદવાર પ્રફુલ્લ નરગુંદને હરાવ્યા હતા. શૌકત આદમે લેસ્ટર સાઉથમાં લેબરના જોનાથન એશવર્થને હરાવ્યા હતા, જ્યારે ઈકબાલ મોહમ્મદે ડ્યૂઝબરી અને બેટલીમાં ૪૦ ટકાથી વધુ મત મેળવ્યા હતા. અયુબ ખાન બર્મિંગહામ પેરી બાર માટે સાંસદ તરીકે ચૂંટાયા હતા અને અદનાન હુસૈન ઉત્તર ઈંગ્લેન્ડના બ્લેકબર્ન માટે સાંસદ તરીકે ચૂંટાયા હતા. આ પાંચ સાંસદો ગાઝા સંઘર્ષ પર તેમની સ્પષ્ટ સ્થિતિ અને ઈઝરાયેલને શસ્ત્રોનું વેચાણ બંધ કરવાની તેમની માંગને કારણે એક થયા છે. હવે જૂથ વડાપ્રધાનના પ્રશ્નો અને અન્ય ચર્ચાઓમાં સંસદમાં વધુ સારું પ્રતિનિધિત્વ મેળવવાની આશા રાખે છે.

# 'જેઓ નિર્ણય લઈ શકે તેમની સાથે જ વાતચીત થઈ શકશે'

### છેલ્લા કેટલાક દિવસોથી એવી અટકળો ચાલી રહી હતી કે ઈમરાન ખાનની પાર્ટી રાજકીય ગતિરોધ ખતમ કરવા માટે પાકિસ્તાન સરકાર સાથે વાત કરી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને પાકિસ્તાન સરકાર સાથેની વાતચીત અંગેની અટકળોને ફગાવી દીધી છે. ઈમરાન ખાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે તેઓ તેમની સાથે જ વાત કરશે જે નિર્ણય લેવામાં સક્ષમ હશે. વાસ્તવમાં છેલ્લા કેટલાક દિવસોથી એવી અટકળો ચાલી રહી હતી કે ઈમરાન ખાનની પાર્ટી રાજકીય ગતિરોધ ખતમ કરવા માટે પાકિસ્તાન સરકાર સાથે વાત કરી શકે છે. ઈમરાન ખાને રાવલપિંડીની અદિયાલા જેલમાં કહ્યું, 'જ્યારે પણ વાતચીતનો મુદ્દો ઊભો થાય છે, ત્યારે તેઓ (પાકિસ્તાન સરકાર) ૯ મેની હિંસા અંગે અવાજ ઉઠાવવાનું શરૂ કરે છે. અમે હંમેશા વાતચીત માટે તૈયાર છીએ, પરંતુ અમે તેમની સાથે વાત કરીશું જે નિર્ણય લેશે. ઈમરાન ખાન પોતાના વલણ પર અડગ છે કે દેશને વર્તમાન રાજકીય અસ્થિરતામાંથી બહાર કાઢવા માટે શક્તિશાળી સેના સાથે જ વાતચીત કરવામાં આવશે. પાકિસ્તાન



સરકાર પર નિશાન સાધતા પૂર્વ સ્એ કહ્યું, 'જ્યારે પણ વાતચીતનો વિચાર આવે છે ત્યારે સત્તાધારી પક્ષ ૯ મેનો મુદ્દો બનાવે છે. ૯ મેની હિંસા એ સરકારની 'વીમા પોલીસી' છે. જો આ મુદ્દાને સાઈડલાઈન કરવામાં આવશે તો સરકાર પડી જશે. જણાવી દઈએ કે ૯ મે, ૨૦૨૩ના રોજ ઈમરાન ખાન (૭૧)ને અર્ધલશ્કરી રેન્જર્સ દ્વારા ઈસ્લામાબાદ હાઈકોર્ટ સંકુલમાંથી કથિત ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી, ત્યારબાદ હિંસક વિરોધ શરૂ થયો હતો. તેમની પાર્ટીના કાર્યકરોએ કથિત રીતે જિન્નાહ હાઉસ (લાહોર કોર્પ્સ કમાન્ડર હાઉસ), મિયાંવાલી એર બેઝ અને ફૈસલાબાદમાં આઈએસઆઈ બિલ્ડિંગ સહિત એક ડઝન લશ્કરી સંસ્થાઓમાં તોડફોડ કરી હતી.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પ્રથમ પ્રાથમિક સભ્ય બનાવ્યા

# ગુજરાત સહિત દેશમાં ભાજપનું સદસ્યતા અભિયાન





। (એજન્સી) અમદાવાદ, તા.3 ।

લોકસભાની ચૂંટણી બાદ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં ભાજપના સદસ્યતા અભિયાનની શરૂઆત થઈ છે. ત્યારે ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ તેમની સદસ્યતા રિન્યૂ કરીને સી.આર. પાટીલે તેમને ભાજપના પ્રાથમિક સભ્ય બનાવવામાં આવ્યાં છે. ભાજપમાં દર ૬ વર્ષે સદસ્યતા રિન્યૂ કરવામાં આવે છે. આગામી સમયમાં દોઢ કરોડથી વધુ લોકોને ભાજપના સભ્ય બનાવવાનો ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યો છે. ગઈકાલે સાંજે દિલ્હી ખાતે વડાપ્રધાન મોદીને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી નડ્ડાએ પ્રથમ પ્રાથમિક સભ્ય બનાવી નોંધણી કરાવી હતી.



ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે આ અભિયાનની શરૂઆત કરાવી છે. આ અભિયાન અંતર્ગત આજે એક કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, પદાધિકારીઓ સહિત અનેક કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ પાટીલે જણાવ્યું હતું કે, સંગઠનની તાકાતને નબળી ગણ્યા વિના પૂરી તાકાત સાથે આ ટાર્ગેટને પુરો કરવાનો પ્રયાસ કરજો. લોકસભાની ચૂંટણી બાદ સંગઠનમાં નિરાશા જોવા મળી છે અને ગુજરાતમાં એક સીટ ઓછી આવી છે તેની જવાબદારી મેં લીધી છે.લોકસભાની ચૂંટણીમાં ત્રીજી વખત વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્રભાઈ પ્રથમ વખત ૧૬ સપ્ટેમ્બરે ગુજરાત આવી રહ્યાં છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, GMDC ગ્રાઉન્ડ ખાતે અલગ અલગ કાર્યક્રમો થવાના છે. એક લાખથી વધુ કાર્યકરોએ એકઠા થઈને વડાપ્રધાનનું અભિવાદન કરવાનું છે.ઘણી પાર્ટીઓમાં આજીવન સદસ્યતા મળી જતી હોય છે પણ ભાજપમાં ૬ વર્ષે સદસ્યતા પુરી થાય છે. દિલ્હીમાં ગઈકાલે વડાપ્રધાનને પ્રથમ સભ્ય બનાવી નોંધણી કરાવી છે. તાલુકા, જિલ્લા પંચાયત, શહેર સહીતના તમામ મેમ્બરોને ૨ કરોડ સદસ્યો બનાવવાના છે. સંગઠિત થઈને પડકાર ઝીલવાનો છે જે પડકાર નથી આપણે નક્કી કરેલો લક્ષ્ય છે. સંગઠન મજબૂત હશે તો જ ઈલેકશન જીતી શકાશે. ૭૪ લાખ પેજ સમિતીના સદસ્ય તો કાયમી જ છે પણ પ્રાથમિક સદસ્ય એટલે ૧૮ વર્ષથી ઉપર કોઈ પણ બની શકે છે. ૬૬ લાખ જેટલી બહેનો આપણી સદસ્યતા સાથે જોડાયેલી છે.

## કચ્છના મુંદ્રામાં ફરી પાછી સોપારીની દાણચોરી પકડાઈ

। (એજન્સી) કચ્છ, તા.3 ।

કચ્છના મુંદ્રામાં ફરી પાછી સોપારીની દાણચોરી પકડાઈ છે. આ વખતે પણ ત્રણ કરોડની સોપારી પકડાઈ છે. આ કન્ટેનરને બિલ મુજબ પીવીસી રેઝિનનું કન્ટેનર જાહેર કરવામાં આવ્યું હતું. તેનું વજન લગભગ ૫૩ ટન છે. મુંદ્રા કસ્ટમ્સની એસઆઈઆઈબી શાખાને મળતી માહિતીના આધારે મુંદ્રા કસ્ટમ્સના પ્રિન્સિપાલ કમિશ્નર કે. એન્જિનીયરની સૂચનાથી કસ્ટમ્સે કરેલી તપાસમાં બે મોટા ૪૦ ફૂટ સાઈઝના કન્ટેનરમાં સંપૂર્ણપણે સોપારીની ગુણીઓ ભરેલો જથ્થો મળી આવતા સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા હતા. આમ તેમને મળેલી બાતમી સાચી પુરવાર થઈ હતી.કસ્ટમ્સે પકડેલો જથ્થો દુબઈથી આવ્યો હતો. કંડલા કાસેઝ (કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન)ના એક યુનિટમાં જતો હોવાનું આયાતકાર દ્વારા ડિક્લેર કરાયું હતું અને જથ્થામાં પીવીસી રેઝિન એટલે કે, પ્લાસ્ટિકના દાણા દર્શાવાયેલા હતા, પરંતુ આ મિસ ડિક્લેરેશન કેસમાં બે કન્ટેનરમાં કુલ ૫૩ ટન વજનની સોપારી મળી આવી હતી. આ સાથે જ ફરી એકવાર સોપારીની દાણચોરી હજુ કોઈ ડર વિના ચાલુ હોવાનું ફલિત થાય છે. જાણકાર સૂત્રો ઉમેરે છે કે, મૂળ તો શ્રીલંકા અને વિયેતનામ જેવા દેશોમાં સોપારી થાય છે, પરંતુ દુબઈથી સોપારી લઈ આવીને તંત્રને છેતરવા માટે દર વખતે નવી-નવી મોડેસ ઓપરેન્ડી અપનાવવામાં આવે છે.આ વખતે પીવીસી રેઝિન દર્શાવાયા કે જેનો જથ્થો સામાન્ય રીતે મોટી કંપનીઓ દ્વારા નિયમિત રીતે અને મોટા જથ્થામાં આયાત થાય છે અને પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા આવતો આ જથ્થો લગભગ બરાબર જ હોવાનું પાસ થઈ જતું હોય છે અને તપાસ પણ ઓછી થતી હોય છે.

## ભરૂચના વાલિયામાં ૧૨ ઈંચ વરસાદ ખાબકતા આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઇ

। (એજન્સી) ભરૂચ, તા.3 ।

ભરૂચના વાલિયામાં આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઇ છે. છેલ્લા ૨૪ કલાકમાં ભરૂચના વાલિયામાં ૧૨ ઈંચ વરસાદથી જળબંબાકાર થયું છે. વાલિયાના માર્ગો પર વરસાદના પાણી ફરી વળ્યા હતા. રસ્તાઓ પર પાણી ભરાતા વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો. દોલતપુર ગામને જોડતા કોઝ-વે પર પાણી ફરી વળ્યા હતા. કોઝ-વે પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર બંધ કરાયો છે. સોડગામ જવાના મુખ્યમાર્ગ પર પણ પાણીના કારણે વાહન વ્યવહાર ઠપ્પ થયો છે. વાલિયાના નીચાણવાળા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. ભારે વરસાદના કારણે ભરૂચ તાલુકાની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.વાલિયા પંથકમાં ૧૨ ઈંચથી વધુ વરસાદથી જ્યાં જુઓ ત્યાં જળની સ્થિતિ છે. વાલિયાનું ડહેલી ગામ



પાણીમાં ગરકાવ થયું છે. મુખ્ય બજાર અને લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા. વાલિયાના દેસાડ અને સોડગામ પણ બેટમાં ફેરવાયા હતા. વનખાડી અને કીમ નદીના પાણી ફરી વળ્યા હતા. વાલિયાથી માંગરોળ અને અંકલેશ્વરના માર્ગ પર પાણી ભરાયા હતા. વાલિયાના ડહેલીમાં મહાદેવ મંદિર પાણીમાં જળમગ્ન થયા છે.

વાલિયાના દેસાળ ગામના ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા છે. ગામમાં નદીના ધસમસતા પાણી જોવા મળી રહ્યા છે. ગામમાં પાણી ઘૂસતા ગામ લોકોને અન્ય સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. દેહલી બાદ દેસાળ ગામમાં પણ લોકોના ઘરોમાં પાણી ઘૂસ્યા હતા. કિમ નદીનું જળસ્તર વધતા લોકો ગામ છોડી જવા મજબૂર બન્યા છે. મહીસાગર જિલ્લામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં લુણાવાડામાં સાડા પાંચ ઈંચ વરસાદ વરસ્યો હતો. વીરપુર તાલુકામાં સાડા ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. બાલાસિનોરમાં ચાર ઈંચ વરસાદ થયો હતો. ખાનપુર, કડાણા, સંતરામપુરમાં ત્રણ ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. મહીસાગર જિલ્લાનો કડાણા ડેમ હાઈએલર્ટ પર છે. કડાણા ડેમ ૯૪.૮૧ ટકા ભરાતા હાઈએલર્ટ જાહેર કરાયો છે. ડેમમાં હાલ ૫૭ હજાર ૮૧૮ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે જ્યારે ૪૫ હજાર ૧૮૦ ક્યુસેક પાણીની જાવક થઈ છે. ડેમના પાંચ ગેટ ખોલી નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમમાંથી પાણી છોડાતા કાંઠા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે. ધોધમાર વરસાદથી સુરત જિલ્લાનું વડોલી ગામ સંપર્ક વિહોણું થયું છે. ટોકરી નદીના પાણી ગામની ચારેય બાજુ ફરી વળ્યા હતા. ભારે વરસાદથી ટોકરી નદીમાં ઘોડાપૂર આવ્યું છે. માંગરોળ તાલુકામાં મોડી રાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો. સુરતના ઓલપાડના કીમ ગામે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. કીમમાં ભારે વરસાદથી સ્ટેટ હાઈવે પર ઘૂંટણસમા પાણી ભરાયા હતા. કીમ રેલવે ઓવરબ્રિજના સર્વિસ રોડ પર પણ પાણી ભરાયા હતા. અમૃતનગર, પોસ્ટ ઓફિસ રોડ, અજમેરી નગર વિસ્તાર બેટમાં ફેરવાયો હતો. ભારે વરસાદથી મહેસાણા જિલ્લામાં પણ પાણી ભરાઈ ગયા હતા. મહેસાણા-મોઢેરા રોડ પર પાણી ભરાયા હતા. કાશિકુંજ સોસાયટી, શ્યામ બંગલો વિસ્તાર જળમગ્ન થયા હતા.

### પૂજ્ય સદગુરુના જન્મદિવસે બનાસને લેબોરેટરી રૂપે મળેલી આ નવી ભેટ

## બનાસકાંઠામાં માટી બચાવવા થરાદ ખાતે સોઇલ ટેસ્ટ લેબોરેટરીનું કરાયુ લોકાર્પણ

। (એજન્સી) બનાસકાંઠા, તા.3 ।

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી થરાદ ખાતે બનાસ સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી (BSTL), બનાસ સેવ સોઈલ ફાર્મર પ્રોડ્યુસર કંપની અને (ડિજિટલી) ખીમાણા ખાતે બનાસ બાયોફર્ટિલાઈઝર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરીનું આજે મંગળવારે ઉદ્‌ઘાટન કર્યું. આ ઉદ્‌ઘાટનમા મોટી સંખ્યામા સ્થાનિક ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. થરાદમાં બનેલી દેશની એક માત્ર સોઈલ હેલ્થ લેબોરતોરીનું લોકાર્પણ થતા આગમી સમયમાં આ લેબોરેટરી બનાસની માટીને જીવંત બનાવવામાં મોટી ભૂમિકા ભજવશે. આપણે માટીને બચાવી સજીવસૃષ્ટિને જીવંત રાખવા કામ કરીએ.આ પ્રસંગે ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે પૂજ્ય સદગુરુના જન્મદિવસે બનાસને લેબોરેટરી રૂપે મળેલી આ નવી ભેટ છે. સદગુરુ છેલ્લા કેટલાય સમયથી બીજાના ભલા માટે કામ કરી રહ્યા છે. માટીને બચાવવી આપણા સૌની ફરજ છે. જે માટે બનાસ ડેરીએ ઈશા ફાઉન્ડેશન સાથે મળી આ લેબ માટીને જીવંત બનાવવા કાર્યરત કરી છે. પંચતત્વમાંથી આપણને નવી ઉર્જા મળે છે અને માટી તેમાંથી એક છે.વડાપ્રધાન મુખ્યમંત્રી હતા ત્યારથી સોઈલ હેલ્થ અને બાયો ફર્ટીલાઈઝર માટે કામ કરી રહ્યા છે.

આણંદ કૃષિ યુનિવર્સીટી દ્વારા તૈયાર કરાયેલ બાયોફર્ટીલાઈઝર તેનું પરિણામ છે. આજે આપણા જીલ્લામાં ખીમાણા ખાતે પ્રવાહી બાયો ફર્ટીલાઈઝર બનાવવાની શરૂઆત થઈ છે.

### મોતિયાના ઓપરેશનમાં રાજ્ય અગ્રેસર

## ગુજરાતમાં ચાર વર્ષમાં ૨૦૮૧૮ ચક્ષુદાન અને ૪૭૦૧ સફળ કીકી પ્રત્યારોપણ થયા

### આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા મેડીકલ ઓફિસરને તેમજ ૫૦ હજારથી જેટલી આશા બહેનોને તાલીમ આપવામાં આવેલ છે

। (એજન્સી) અમદાવાદ, તા.3 ।

ગુજરાતમાં ૩૯મું ચક્ષુદાન પખવાડીયું ૦૮ સપ્ટેમ્બર સુધી ઉજવાશે. છેલ્લા દાયકામાં રાજ્યમાં દર વર્ષે સરેરાશ ૭ લાખ જેટલા મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા છે. રાજ્યમાં પ્રતિ ૧૦ લાખ વસ્તીને ૧૦ હજારથી વધુ મોતિયાના ઓપરેશનનો દર હાંસલ કરીને રાજ્ય અગ્રેસર રહ્યું છે. ગુજરાત સરકારે ફેબ્રુઆરી ૨૦૨૨મા 'મોતિયા અંધત્વ બેકલોગ મુકત ગુજરાત' અભિયાનને મહાઅભિયાન બનાવ્યું છે અને આ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પહેલું રાજ્ય છે.મોતિયા અંધત્વ બેકલોગ મુક્ત ગુજરાત'' કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૨ જાન્યુઆરીમાં રાજ્યમાં કાર્યરત ૧,૪૭૬ પ્રાથમિક, ૩૩૩ અર્બન, ૩૪૭ જેટલા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા મેડીકલ ઓફિસરને તેમજ ૫૦ હજારથી જેટલી આશા બહેનોને તાલીમ આપવામાં આવેલ છે.

રાજ્યની દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને રાજયની ૧ રીઝયોનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપ્થલ્મોલોજી, ૨૨ મેડીકલ કૉલેજ, ૨૨ જિલ્લા હોસ્પિટલ, ૩૬ તાલુકા કક્ષાની હોસ્પિટલ અને ૧૨૮ સ્વૈચ્છિક સંસ્થાઓ પૈકી એક સંસ્થા ખાતે લીંક અપ કરવામા આવેલ છે. આ ઉપરાંત રાજ્યમાં સરકાર હસ્તકની હોસ્પિટલો તેમજ રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ ખાતે મોતિયાના ઓપરેશનની જરૂરીયાત ધરાવતા દરેક દર્દીને ફેકોઈમ્લસીફીકેશન પદ્ધતિથી અત્યંત આધુનીક હાઈડ્રોફોબીક નેત્રમણિ સાથેનુ ઓપરેશન વિના-મુલ્યે કરી આપવામાં આવે છે. જેનો ખાનગી હોસ્પિટલમાં ખર્ચ અંદાજીત રૂ. ૬૦ થી ૮૦ હજાર જેટલો થતો હોય છે. વર્ષ ૨૦૨૨થી કેન્દ્ર સરકારે ૫૦ વર્ષથી વધુ વય ધરાવતા નાગરિકોને મોતિયાના કારણે અંધ-ઘનિષ્ઠ દ્રષ્ટિખામી ધરાવતા વ્યક્તિઓના ઓપરેશન અંગે 'રાષ્ટ્રિય નેત્રજયોતિ અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું.કેન્દ્ર સરકાર તરફથી 'રાષ્ટ્રીય નેત્રજયોતિ અભિયાન' અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ફળવાયેલ ૧,૨૬,૩૦૦ના લક્ષ્યાંકની સામે કુલ ૬,૩૬,૪૨૮ એટલે કે ૫૦૦ ટકાથી વધુ અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૧,૫૧,૭૦૦ના લક્ષ્યાંકની સામે કુલ ૬,૧૦,૪૦૦ એટલે કે ૪૦૦ ટકાથી વધુ મોતિયાના ઓપરેશન કરીને ગુજરાતે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યો છે.વર્ષ ૨૦૨૪-૨૫માં ફળવાયેલ ૧,૭૬,૯૦૦ના લક્ષ્યાંક સામે જુલાઈ-૨૦૨૪ સુધીની સ્થિતિએ કુલ ૧,૫૨,૭૨૦ એટલે કે ૮૬ ટકા મોતિયાના ઓપરેશનની સફળતા મળી છે.

રાજ્યમાં વર્ષ ૨૦૨૦થી જુલાઈ-૨૪ સુધીની સ્થિતિએ કુલ ૨૦૮૧૮ ચક્ષુદાન અને ૪૭૦૧ કીકી પ્રત્યારોપણ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧માં ૨,૫૩૬ ચક્ષુદાન અને ૬૨૬ કીકી પ્રત્યારોપણ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૪,૬૫૫ ચક્ષુદાન અને ૧,૦૨૦ કીકી પ્રત્યારોપણ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૫,૪૪૧ ચક્ષુદાન અને ૧,૧૨૧ કીકી પ્રત્યારોપણ અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૬,૦૮૨ ચક્ષુદાન અને ૧,૪૫૪ કીકી પ્રત્યારોપણ થયા છે.

## ડીસાની બનાસ નદીમાં ગેરકાયદેસર રેતી ખનન, ૧૨ ડમ્પર અને ૫ હિટાચી મશીન જપ્ત

। (એજન્સી) ડીસા, તા.3 ।

બનાસકાંઠા જિલ્લામાં ગેરકાયદેસર રીતે ખનીજ/રેતી ખનન કરતાં તત્વો સામે સખત કાર્યવાહી કરવા જિલ્લા કલેકટર મિહિર પટેલ દ્વારા સૂચના આપવામાં આવી છે. જેને પગલે ડીસા મામલતદાર કચેરી અને ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગ દ્વારા કરવામાં આવેલી બે અલગ અલગ રેડમાં હિટાચી મશીન, ટ્રક, ડમ્પર, રેતીનો જથ્થો સહિત અંદાજે છ કરોડ કરતાં વધુનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. તેમજ ગેરકાયદે રેતી ખનન કરતાં ઈસમો અને વાહન માલીકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ડીસાની બનાસ નદીના પટ વિસ્તારમાં બિન અધિકૃત રીતે ગેરકાયદેસર સાદી રેતીની ચોરી થવા બાબતની ફરીયાદ ડીસા મામલતદાર કચેરીને મળી હતી.



જે અનુસંધાને ટીમ સાથે સ્થળ તપાસ કરતા ડીસાના વડાવળના નદીના પટ વિસ્તારમાં ગેરકાયદે રેતી ખનન કરતાં હોવાનું માલુમ પડતાં બે હિટાચી મશીન અને સાદી રેતી ભરેલ બે ટ્રકો જપ્ત કરવામાં આવ્યા છે. જેમની પાસેથી રોયલ્ટી બાબતે પાવતીઓની માંગણી કરતા કોઈ પાવતી રજુ કરેલ નહિ જેથી ડીસા ગ્રામ્ય મામલતદાર દ્વારા હિટાચી મશીન અને ટ્રક જપ્ત કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જ્યારે ખાન ખનીજ વિભાગના ભૂસ્તર શાસ્ત્રી દ્વારા ડીસાના રાણપુર ખાતે બનાસ નદી પટ્ટ વિસ્તારમાંથી બિનઅધિકૃત રીતે સાદી રેતી ચોરીની ફરિયાદના આધારે ખાનગી વાહનમાં આકસ્મિક રીતે તપાસ હાથ ધરતા કુલ ૧૨ ડમ્પર અને પાંચ હિટાચી મશીન જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જેના કારણે ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે.આજે ખાણ ખનીજ વિભાગ અને ડીસા મામલતદાર દ્વારા આકસ્મિક તપાસ કરતા ૬ કરોડથી વધુના મુદ્દામાલ સાથે ખનીજચોરી ઝડપાઈ છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨